**આજનો સુવિચાર**

સૌથી ગરીબ તે છે જેની ખુશી અન્યની પરવાનગી પર આધારિત છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ


દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૯૪ જૂનાગઢ તા.૦૩-૦૪-૨૦૨૪ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 94, Junagadh : Date : 03 April, 2024, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

# તાઈવાનમાં ૭.૫ની તિવ્રતાનો ભયાનક ભુકંપ : સેંકડો ઈમારતો ધરાશયી



## તાઈવાનમાં છેલ્લા ૨૫ વર્ષનાં સૌથી શકિતશાળી ભુકંપમાં પાંચનાં મોત : ૫૦ ઈજાગ્રસ્ત : હજારો લાપત્તા : વિજળી, ઈન્ટરનેટ બધુ જ બંધ : લાખો ઘરોમાં અંધારપટ : જાપાનમાં સુનામીની ચેતવણી

તાઈપેઈ,તા.૩

તાઈવાન આજે છેલ્લા ૨૫ વર્ષોનાં સૌથી ભયાનક ભૂકંપથી હચમચી ઉઠયુ હતું. ૭.૪ ની તીવ્રતાનાં આ પ્રચંડ ભૂકંપથી સમગ્ર એશીયામાં સુનામીની ચેતવણી જાહેર કરવામાં આવી હતી.સંખ્યાબંધ ઈમારતો ધરાશાયી થવા સાથે ભારે તારાજી સર્જાઈ હતી. વિમાની રેલ્વે સહીતની સેવાઓ બંધ કરી દેવામાં આવી હતી. જાપાન-ફીલીપાઈન્સ જેવા પાડોશી દેશો પણ આ તીવ્ર આંચકાથી હચમચ્યા હતા. બે કરોડની વસતી ધરાવતા ટાપુદેશ તાઈવાનમાં આજે સવારે ૭.૪ ની તીવ્રતાનો પ્રચંડ ભૂકંપ આવ્યો હતો.આ વર્ષે પણ આ પ્રકારના મોટા ભૂકંપથી દેશ હચમચ્યો હતો. આ તીવ્ર આંચકાથી સંખ્યાબંધ ઈમારતો જમીનદોસ્ત થઈ ગઈ હતી અને અનેક નમી ગઈ છે.

પ્રાથમીક અહેવાલમાં પાંચ લોકોનાં મોત થયા હોવાનું તથા ૫૦ થી વધુ ઘાયલ હોવાનું જણાવાયું છે જોકે સંખ્યાબંધ લોકો કાટમાળ હેઠળ દટાયેલા હોવાના કારણોસર મૃત્યુઆંક વધવાની આશંકા વ્યકત કરવામાં આવી રહી છે. માલ મીલકતને પણ મોટુ નુકશાન હોવાની ભીતિ છે. ભૂકંપનુ કેન્દ્ર બિન્દુ તાઈવાનનાં પૂર્વીયતટ સ્થિત હુલીએન શહેરની નજીક ગણાવાયું છે. આ શહેરોમાં સૌથી વધુ નુકશાન થયું છે. ભયાનક ભૂકંપની ધ્રુજારી જાપાન તથા ફીલીપાઈન્સમાં પણ અનુભવાઈ હતી અને ભયભીત લોકોની નાસભાગ જોવા મળી હતી. બન્ને દેશોમાં પણ સુનામી એલર્ટ જારી કરવામાં આવ્યુ હતું.

તાઈવાનમાં ટ્રેન તથા મેટ્રો સેવા સ્થગીત કરી દેવામાં આવી હતી. મેટ્રોલાઈન આંશીક રીતે છુટી પડી ગઈ હતી. સ્કુલો સરકારી કચેરીઓમાં રજા જાહેર કરાઈ હતી. જાપાન હવામાન વિભાગે જાહેર કર્યુ હતું કે તાઈવાનનાં ભૂકંપનાં ૧૫ મીનીટ બાદ પોનાગુની ટાપુનાં દરીયાકાંઠે ૩૦ સેમી (એક ફૂટ) ઉંચા મોજા ઉછળ્યા હતા.

## છત્તિસગઢમાં સુરક્ષાદળોનાં ઓપરેશનમા ૧૩ નકસલી ઠાર

બીજાપુર (છતીસગઢ) તા.૩

છત્તીસગઢનાં બીજાપુર જિલ્લામાં ગઈકાલે ૬ વાગ્યાથી અત્યાર સુધીમાં સુરક્ષા કર્મીઓ અને નકસલીઓ વચ્ચે થયેલી અથડામણમાં ૧૩ નકસલીઓ ઠાર થયા છે અને હજુ પણ સર્ચ ઓપરેશન ચાલુ છે. સુરક્ષા કર્મીઓ અને નકસલીઓ વચ્ચે જોરદાર અથડામણ ગઈકાલથી થઈ રહી છે.

આ અથડામણમાં હજુ સુધીમાં ૧૩ નકસલીઓ માર્યા ગયા છે. છતીસગઢના બીજાપુર જિલ્લામાં ગઈકાલે જવાનો અને નકસલીઓ વચ્ચે આ અથડામણ સવારે લગભગ ૬ વાગ્યે શરૂ થઈ ગઈ હતી. સુરક્ષા કર્મીઓની એક ટીમ જંગલમાં નકસલી વિરોધી અભિયાન ચલાવી રહી છે. નકસલીઓ અને સુરક્ષા દળો વચ્ચે કલાકો સુધી અથડામણ ચાલી હતી.

## આયુષ્માન ભારત યોજનામાં અનેક ક્ષતિઓ : ૩૮ ટકા હોસ્પીટલોમાં સારવાર થતી નથી

નવી દિલ્હી,તા. ૩ઃ

૨૦૧૮માં લોન્ચ થયેલી આયુષ્માન ભારત યોજનાની હાલમાં શું સ્થિતિ છે આ યોજનામાં ઘણી ગેરરીતિઓ માલૂમ પડી હતી. છેતરપિંડીના પણ કેસ સામે આવ્યા હતા અને આયુષ્માનનો લાભ આપતી હોસ્પીટલોનું સત્ય પણ કંઈક ઓર છે.હાલ આ યોજનામાં કુલ ૫૫ કરોડ લાભાર્થી છે. આ યોજના માટે ગરીબ લોકોની ઓળખ ૨૦૧૧ની જનસંખ્યાને આધારે થાય છે. આયુષ્માન કાર્ડ માર્ચ, ૨૦૨૪ સુધી ૩૪ કરોડથી વધુ લોકોને જારી થઈ ચૂકયા છે. આ યોજનામાં કેન્દ્ર સરકાર ૬૦ ટકા ખર્ચ ઉઠાવે છે અને રાજય સરકાર ૪૦ ટકા ખર્ચ ઉઠાવે છે. આ ઉપરાંત હિમાચલ, ઉત્તરાખંડ, જમ્મુ-કાશ્મીર અને દેશના સાત ઉત્તર-પૂર્વનાં રાજયોમાં કેન્દ્ર સરકાર ૯૦ ટકા અને રાજય સરકાર ૧૦ ટકા ખર્ચ ઉઠાવે છે. વર્ષ ૨૦૧૮થી આ યોજના હેઠળ કુલ ૭૨,૮૧૭ કરોડનો ખર્ચ થયો છે.

સરકારની વેબસાઈટ અનુસાર આ યોજનામાં કુલ ૨૯,૨૨૦ હોસ્પીટલો સામેલ છે, જેમાંથી ૬૭૦૩ હોસ્પીટલો લાભ નથી આપતી. છેલ્લા ૬ મહિનાથી વધારાની ૪૪૮૭ હોસ્પીટલો લાભ નથી આપી રહી. કુલ ૧૧,૧૯૦ અથવા ૩૮ ટકા હોસ્પીટલો આયુષ્માન યોજના હેઠળ લાભ નથી આપતી. સરકાર જણાવે છે કે યુપીમાં ૫૫૦૬ હોસ્પીટલો છે, પરંતુ એમાંથી ૨૫૦૦ હોસ્પીટલોથી કોઈ લાભ નથી મળતો. એ જ રીતે રાજસ્થાનની હાલત ખુબજ ખરાબ છે, અહીં આ યોજના હેઠળ ૧૯૩૫ હોસ્પીટલો જોડાયેલી છે, જેમાંથી ૧૯૩૪ હોસ્પીટલ કોઈ લાભ નથી આપતી. માત્ર એક હોસ્પીટલ પર રાજસ્થાન નિર્ભર છે. ગુજરાતમાં ૨૫૫૨, તામિલનાડુમાં ૧૮૮૧ અને આંધ્ર પ્રદેશમાં ૧૨૯૫માંથી હજારો હોસ્પીટલો બિનસક્રિય છે, એમ નેશનલ હેલ્થ ઓથોરિટીએ જણાવ્યું હતું. આ ઉપરાંત આ યોજનાને લઈને કુલ ૩૭,૯૦૩ ફરિયાદો નોંધાઈ હતી, પરંતુ સમયમર્યાદામાં માત્ર ૩૭૧૮ ફરિયાદોનો જ ઉકેલ આવ્યો છે.

## આજે ભાજપ - ક્ષત્રિય સમાજની નિર્ણાયક બેઠક : વિવાદનો અંત આવશે ?

અમદાવાદ તા. ૩

રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા દ્વારા કરવામાં આવેલી વિવાદિત ટિપ્પણીને લઈ ક્ષત્રિય સમાજમાં ભારે રોષ ફેલાયો છે. ક્ષત્રિય સમાજ દ્વારા રૂપાલાની ટિકિટ કાપી ઉમેદવાર બદલવાની માગણી થઈ રહી છે. ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ અને ક્ષત્રિય આગેવાનો જેઓ ભાજપના નેતાઓ છે તેમની વચ્ચે ગઈકાલે થયેલી બેઠક બાદ આજે અમદાવાદના ગોતામાં રાજપૂત સમાજના ભવન ખાતે ગુજરાતના રાજપૂત સમાજની કોર કમિટીની બેઠક મળી રહી છે ત્યારબાદ ભાજપના નેતા એવા ક્ષત્રિય આગેવાનો સાથે કોર કમિટીની બેઠક મળશે, જેમાં રૂપાલા અંગેના નિર્ણયની ચર્ચા કરવામાં આવશે.

અમદાવાદના ગોતા-ઓગણજ રોડ ઉપર રાજપૂત સમાજનું ભવન આવેલું છે. રાજપૂત સમાજના તમામ કાર્યક્રમો અને મિટિંગ વગેરે આ ભવન ઉપર યોજાતી હોય છે. સમગ્ર ગુજરાતમાં ચર્ચાસ્પદ બનેલા એવા મુદ્દા અંગે ગોતા રાજપૂત ભવન ખાતે મહત્વની બેઠક મળશે. જોકે, ક્ષત્રિય સમાજ પુરુષોત્તમ રૂપાલા અને સી.આર. પાટીલ દ્વારા માગવામાં આવેલી નહીં પરંતુ પુરુષોત્તમ રૂપાલાની ટિકિટ રદ કરી અન્ય ઉમેદવાર જ મૂકવામાં આવે તેવી માગ ઉપર અડગ રહેવા મક્કમ હોવાનું જાણવા મળ્યું છે. બપોરે ભાજપના નેતા એવા ક્ષત્રિય આગેવાનોની બેઠક બાદ ગુજરાતની ૯૨ રાજપુત સંસ્થાઓના પ્રતિનિધિઓની આવતીકાલે ગુરુવારે બેઠક મળશે અને જેમાં ભાજપના આગેવાનો સાથે થયેલી ચર્ચા-વિચારણા બાબતે ૯૨ સંસ્થાઓના પ્રતિનિધિઓ સાથે ચર્ચા-વિચારણા કર્યા બાદ જ કોઈ નિર્ણય લેવાઈ શકે છે. જેથી હજી સુધી આવતીકાલ સુધીમાં આ વિવાદ પૂર્ણ થાય તેવી કોઈ શક્યતા નથી.

### કોઈપણ સંજોગોમાં સમાધાન સ્વિકાર્ય નથી

## રૂપાલાની ટીકીટ રદ કરવામાં નહી આવે ત્યાં સુધી અન્ન ત્યાગ કરવાની પદ્મિનીબાની જાહેરાત

રાજકોટ તા. ૩

ગુજરાત મહિલા કરણી સેનાના પ્રદેશ અધ્યક્ષ પદ્મિનીબા વાળાએ પુરૂષોત્તમ રૂપાલાની ટિકિટ રદની માંગણી સાથે અન્નત્યાગ કરી આંદોલનના મંડાણ કર્યા છે. તેમણે જણાવ્યું હતું કે, રાજકોટ લોકસભા બેઠક પરથી ચૂંટણી લડતા ભાજપના ઉમેદવાર પુરૂષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજની બહેન-દીકરીઓ અંગે કરેલું નિવેદન અપમાનજનક છે.

અમારી એક જ માગ છે કે, ભાજપ દ્વારા રૂપાલાની ટિકિટ રદ કરવામાં આવે અને જ્યાં સુધી રૂપાલાની ટિકિટ રદ નહીં થાય ત્યાં સુધી હું અન્નનો ત્યાગ કરું છું. રાજકોટ શહેરના આશાપુરા માતાજીના મંદિરે પદ્મિનીબા વાળાએ શિશ ઝુકાવ્યા બાદ અન્નનો ત્યાગ કરવાનું એલાન કર્યું હતું.

કરણી સેનાના પ્રદેશ મહિલા મોરચાના અધ્યક્ષ પદ્મિનીબા વાળા ક્ષત્રિય સમાજની ચારથી પાંચ મહિલાઓ સાથે આજે સવારે રાજકોટ શહેરના પેલેસ રોડ ઉપર આવેલા આશાપુરા માતાજીના મંદિરે પહોંચ્યા હતા અને માતાજીના દર્શન કર્યા હતા. આ પછી તેમને મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, પુરૂષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ અંગે કરેલા નિવેદન બાદ સમાધાનની ખાનગી બેઠકમાં માફી માગી જે અમને ગ્રાહ્ય નથી. જેથી હવે જ્યાં સુધી રૂપાલાની ટિકિટ રદ કરવામાં નહીં આવે ત્યાં સુધી અન્નનો ત્યાગ કરી ઉગ્ર લડત ચાલુ રહેશે.

## દેશનો વિકાસ દર ૬.૬ ટકા રહેવાની ધારણા : અર્થતંત્ર બુલેટ ઝડપે દોડશે



નવી દિલ્હી, તા.૩ઃ વિશ્વ બેંકે ભારતની અર્થવ્યવસ્થાને લઈને મોટી આગાહી કરી છે. ભારતની અર્થવ્યવસ્થા (જીડીપી) અંગે વિશ્વ બેંકે કહ્યું છે કે દેશની જીડીપીનો વિકાસ ઝડપી થવાનો છે. વિશ્વ બેંકે કહ્યું છે કે ૨૦૨૪માં ભારતીય અર્થવ્યવસ્થા ૭.૫ ટકાના દરે વૃદ્ધિ પામશે. અગાઉ, વિશ્વ બેંકે આ સમયગાળા માટે જીડીપી વૃદ્ધિનો અંદાજ ૧.૨ ટકા ઓછો ગણાવ્યો હતો, પરંતુ હવે તેણે ભારતીય અર્થવ્યવસ્થાના વૃદ્ધિ અંદાજને સુધારીને ૭.૫ ટકા કર્યો છે.

વિશ્વ બેંકે મંગળવારે તેની નવી દક્ષિણ એશિયા અર્થવ્યવસ્થા વૃદ્ધિમાં જણાવ્યું હતું કે એકંદરે, ૨૦૨૪ માં દક્ષિણ એશિયામાં વૃદ્ધિ દર મજબૂત ૬.૦ ટકા રહેવાની ધારણા છે, જે મુખ્યત્વે ભારત, પાકિસ્તાન અને શ્રીલંકામાં મજબૂત વૃદ્ધિને કારણે છે. પુનઃપ્રાપ્તિ વિશ્વ બેંકે કહ્યું કે નાણાકીય વર્ષ ૨૦૨૫માં ભારતની અર્થવ્યવસ્થાનો વિકાસ દર ૬.૬ ટકા રહેવાની આશા છે.

## આજે મનમોહનસિંહ સહિત રાજયસભાનાં ૫૪ સાંસદોનો કાર્યકાળ સમાપ્ત

નવી દિલ્હી, તા.૩ઃ ૧૦ વર્ષ સુધી દેશનું નેતૃત્વ કરનાર પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહ, ૯ કેન્દ્રીય મંત્રીઓ અને ૫૪ રાજ્યસભા સાંસદોનો કાર્યકાળ મંગળવાર-બુધવારે સમાપ્ત થઈ રહ્યો છે. જેમાં સાત કેન્દ્રીય પ્રધાનો સહિત ૪૯ સાંસદોનો કાર્યકાળ મંગળવારે પૂરો થયો હતો જ્યારે પાંચ સાંસદોનો કાર્યકાળ આજે પૂરો થશે. ભૂતપૂર્વ પ્રધાનમંત્રી ડૉ. મનમોહન સિંહે બુધવારે, ૩ એપ્રિલના રોજ ઉપલા ગૃહ (રાજ્યસભા)માં તેમની ૩૩ વર્ષની લાંબી સંસદીય ઈનિંગ્સનો અંત કર્યો. વર્ષ ૧૯૯૧માં તેઓ પ્રથમ વખત રાજ્યસભાના સભ્ય બન્યા હતા.

## ગુજરાત ભાજપમાં અસંતોષનો જવાળામુખી : ઓલ ઈઝ નોટ વેલ !

નવી દિલ્હી તા. ૩ : છેલ્લા ત્રણ દાયકાથી ગુજરાત ભાજપનો ગઢ છે.૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીને બાદ કરતાં ભાજપે ક્યારેય કોઈ પડકારનો સામનો કર્યો નથી. પાટીદાર અનામત આંદોલન પછી યોજાયેલી ચૂંટણીમાં પીએમ મોદીના કાર્યકાળમાં પાર્ટી ૯૯ સીટો પર ઘટી ગઈ હતી. ગુજરાતમાં ભાજપની તાકાત તેની સંગઠનાત્મક ક્ષમતાને આભારી છે, પરંતુ ૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટે ઉમેદવારોની જાહેરાત બાદ જે પ્રકારનો વિરોધ બહાર આવ્યો છે તેણે દાયકાઓથી પાર્ટી સાથે જોડાયેલા નેતાઓને અસ્વસ્થ કરી દીધા છે. આ નેતાઓ પાર્ટીના કોંગ્રેસીકરણને લઈને ચિંતિત છે. વડોદરામાં, પાર્ટીના કાર્યકર્તાએ ભાજપ (શ્યામા પ્રસાદ મુખર્જી) નામ સાથે પાર્ટીની નોંધણી કરવાની તૈયારી કરી રહયા છે. લોકસભા ચૂંટણી પહેલા અનેક તબક્કામાં આયોજિત ભરતી મેળામાં (કોંગ્રેસ અને અન્ય પક્ષોના નેતાઓ માટે સભ્યપદ કાર્યક્રમ)માં ૬ હજારથી વધુ રાજકીય કાર્યકરો ભાજપમાં જોડાયા છે.

રાજયમાં ભાજપનો ભરતી મેળો પક્ષ માટે પ્રથમ સમસ્યા તરીકે ઉભરી આવ્યો છે. જે રીતે અન્ય પક્ષોના લોકોનું પક્ષમાં ધ્યાન આવી રહ્યું છે તેનાથી પક્ષના આધારસ્તંભ તરીકે કામ કરતા કાર્યકરો નારાજ છે. તેઓ શિસ્તભંગના ડરથી ખુલ્લેઆમ કંઈ બોલી રહ્યા નથી, પરંતુ તેમની પીડા વધી રહી છે. લોકસભાના ઉમેદવાર બદલાયા બાદ પણ સાબરકાંઠામાં વિરોધનું મુખ્ય કારણ એ છે કે ગુજરાતની ચૂંટણી પહેલા પાર્ટીએ કોંગ્રેસમાંથી ભાજપમાં આવેલા પૂર્વ ધારાસભ્યના પત્નીને ઉમેદવાર બનાવ્યા છે. અમરેલી, જૂનાગઢ, વલસાડમાં વિરોધના અલગ-અલગ કારણો છે. અડધો ડઝન જેટલી બેઠકો પર અસંતોષ સામે આવ્યો છે. કેટલીક જગ્યાએ એક પણ સમાજને પ્રતિનિધિત્વ મળ્યું નથી અને કેટલીક જગ્યાએ એવા આક્ષેપ છે કે પાયાના કાર્યકરોની અવગણના કરીને ખૂબ જ જુનિયર ઉમેદવારોને ટિકિટ આપવામાં આવી છે.

લોકસભા ચૂંટણીની જાહેરાત પહેલા કરવામાં આવેલા તમામ ઓપિનિયન પોલ અને સર્વેમાં ભાજપ ત્રીજી વખત ૨૬ બેઠકો પર કલીન સ્વીપ કરવાની આગાહી કરવામાં આવી છે પરંતુ આ આરામદાયક સ્થિતિ હોવા છતાં ગુજરાત ભાજપના કાર્યકરો ભારે દબાણમાં છે.

## ભાજપ વોશીંગ મશીન : વિપક્ષનાં ભ્રષ્ટાચારી નેતાઓ ભાજપમાં જોડાઈને દૂધે ધોયેલા થઈ જાય છે !!

નવી દિલ્હી, તા.૩ઃ

મીડિયા અહેવાલો જણાવે છે કે ૨૦૧૪ થી કથિત ભ્રષ્ટાચાર માટે કેન્દ્રીય એજન્સીઓ દ્વારા કાર્યવાહીનો સામનો કરી રહેલા ૨૫ વિપક્ષી નેતાઓ ભાજપમાં જોડાયા અને તેમાંથી ૨૩ ને ચમત્કારિક રીતે રાહત મળી ગઈ છે તેની સામેની તપાસ કાં તો બંધ કરી દેવામાં આવી હતી અથવા તો અટકાવી દેવામાં આવી હતી.

અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે જે અગ્રણી રાજકારણીઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેઓ ૨૦૧૪ પછી વિરોધ પક્ષોમાંથી ભાજપમાં જોડાયા હતા. તેમાંથી ૧૦ રાજકારણીઓ કોંગ્રેસના, ચાર-ચાર **NCP** અને શિવસેના, ત્રણ **TMC**, બે **TDP** અને એક-એક સમાજવાદી પાર્ટી અને **YSRCP**ના છે.

મીડિયા રિપોર્ટ છે કે ૨૫માંથી ૨૩ રાજકારણીઓ વિરુદ્ધ ભ્રષ્ટાચાર સંબંધિત તપાસનું પરિણામ એ આવ્યું કે ત્રણ કેસ બંધ કરવામાં આવ્યા છે. અન્ય ૨૦ હોલ્ડ પર અથવા કોલ્ડ સ્ટોરેજમાં છે. આરોપ છે કે ભાજપમાં જોડાયા બાદ તપાસ એજન્સીઓ નિષ્ક્રીય થઈ ગઈ છે. આ યાદીમાં સામેલ ૬ રાજકારણીઓ આ વર્ષે સામાન્ય ચૂંટણીના થોડા અઠવાડિયા પહેલા જ ભાજપમાં જોડાયા હતા.

તરુણ ગોગોઈની સરકાર વખતે કોંગ્રેસ આસામમાં સત્તામાં હતી . તત્કાલિન કેબિનેટ મંત્રી હિમંતા બિસ્વા સરમા પર ચિટ ફંડ કૌભાંડનો આરોપ હતો. સીબીઆઈએ તેમને આ કેસમાં આરોપી બનાવ્યા હતા. સરમાની છેલ્લે નવેમ્બર ૨૦૧૪માં પૂછપરછ કરવામાં આવી હતી. તેઓ ઓગસ્ટ ૨૦૧૫માં ભાજપમાં જોડાયા હતા. તેમની ફાઈલ બંધ થઈ ગઈ અને આજે તેઓ આસામના મુખ્યમંત્રી છે

શુભેન્દુ અધિકારી હાલમાં ભાજપના મજબૂત નેતા અને પશ્ચિમ બંગાળમાં વિરોધ પક્ષના નેતા છે. મમતા સરકારમાં મંત્રી રહી ચૂકેલા શુભેંદુની શારદા કૌભાંડ કેસમાં સીબીઆઈ દ્વારા પૂછપરછ કરવામાં આવી હતી. ટીએમસીનો આરોપ છે કે જ્યારે અધિકારીઓ ટીએમસીમાં હતા ત્યારે તપાસ એજન્સીઓ તેમને હેરાન કરતી હતી, પરંતુ તેઓ ભાજપમાં જોડાતાની સાથે જ તેમને ક્લીનચીટ મળી ગઈ હતી.

આ જ વાત મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ અજિત પવારને પણ લાગુ પડે છે. દ્રઝઁ ચીફ શરદ પવારના ભત્રીજા અજીત પર ૭૦ હજાર કરોડ રૂપિયાના સિંચાઈ કૌભાંડનો આરોપ હતો. દેવેન્દ્ર ફડણવીસે પણ અજિત પર ભ્રષ્ટાચારના ગંભીર આરોપો લગાવ્યા હતા. હવે ભાજપમાં જોડાયા બાદ તેમની સામેની તપાસ બંધ કરી દેવામાં આવી છે. આજે અજીત મહારાષ્ટ્રમાં બીજેપી ગઠબંધન સરકારમાં ડેપ્યુટી સીએમ છે. એ જ રીતે અન્ય નામોમાં મુકુલ રોય, પ્રવીણ ધારેકર, બીએસ યેદિયુરપ્પા, નારાયણ રાણે અને જિતેન્દ્ર તિવારી સહિતના ઘણા નેતાઓનો સમાવેશ થાય છે. રેકોર્ડ્સ દર્શાવે છે કે એનસીપી જૂથના બે ટોચના નેતાઓ અજિત પવાર અને પ્રફુલ પટેલના કેસ બંધ થઈ ગયા હતા. કુલ ૨૫ નેતાઓની યાદીમાં મહારાષ્ટ્રમાંથી ૧૨ નામ છે. જેમાંથી ૧૧ નેતાઓ ૨૦૨૨ કે પછી ભાજપમાં ગયા. જેમાં એનસીપી, શિવસેના અને કોંગ્રેસના ચાર-ચાર નેતાઓનો સમાવેશ થાય છે.

**પાણીનાં ભાવમાં.... પાણીનાં ભાવમાં....**

**શો-રૂમ બંધ કરવાનો હોવાથી જૂજ સ્ટોક...**
**પાણીના ભાવમાં વહેલા તે પહેલા ધોરણે**

**જીન્સ પેન્ટ ૨૬ થી ૩૦ કમર : રૂા. ૧૫૦/-**
**ન્યુ બ્રાન્ડ ટીશર્ટ L સાઈઝ રૂા. ૧૫૦/-**

**તેમજ સ્કુલ યુનિફોર્મ ફાયદામાં**

બોમ્બે બજાર, જેનિલી શોપીંગ સેન્ટર, ત્રીજા માળે, જૂનાગઢ. મો. ૯૪૨૯૩ ૨૦૮૦૫

**:: ફલેટ વેચવાનો છે ::**

2 BHK ડાઈનીંગ, ફુલ ફર્નીચર, ડાઈનીંગ ટેબલ, સોફાસેટ, પલંગ સાથે તદન વ્યાજબી ભાવમાં, પહેલી નજરમાં આપને ગમી જશે.
નોબલ ટાવર, નહેરૂપાર્ક

**દલાલભાઈ આવકાર્ય**
**મો. ૯૩૨૭૫ ૮૯૪૨૦**




તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**

# ગીરના નેસના માલધારીઓના પડતર પ્રશ્નો ઉકેલવાની માંગ સાથે આવેદનપત્ર અપાયું

## ૧૫ દિવસમાં પ્રશ્નો નહી ઉકેલવાય તો મતદાનનો બહિષ્કાર કરાશે




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩

ગીરના નેસના માલધારીઓ દ્વારા વન વિભાગની અન્યાયી નીતિ અને તેમના પડતર પ્રશ્નોના નિરાકરણ બાબતે અગાઉ આવેદનપત્ર આપી રજુઆત કરી હતી પરંતુ તેમના પ્રશ્નોનું નિરાકરણ ન આવતા હવે માલધારીઓ દ્વારા લડી લેવાના મૂડમાં હોય અને જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપીને ૧૫ દિવસમાં તેમના પ્રશ્નો નહી ઉકેલાય તો મતદાન બહિષ્કારની ચિમકી આપી છે. ગીરમાં રહેતા માલધારીઓ રાણાભાઈ રણમલભાઈ મોરી(ગંગાજળીયા નેસ), વિરાભાઈ(દુધાળા નેસ), જીવણભાઈ રાડા(અમૃતવેલ નેસ), ગોલણભાઈ જેબલીયા(ગીર નેસ) સહિતના માલધારીઓ ગઈકાલે તેમના પરિવાર અને સંતાનો સાથે જૂનાગઢ કલેકટર કચેરી ખાતે આવ્યા હતા. તેઓએ જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું જેમાં જણાવ્યું છે કે, તેમના પડતર પ્રશ્નોના નિરાકરણ બાબતે ગત તારીખ ૧૫ માર્ચના રોજ વન વિભાગના ઉચ્ચ અધિકારીઓને આવેદનપત્ર આપ્યું હતું અને ૧૦ દિવીસમાં માંગણીઓ પુરી નહી થાય તો આમરણાંત ઉપવાસ ઉપર ઉતરવાની ચિમકી આપેલ હતી. આમ છતાં તેમના પ્રશ્નોનું નિરાકરણ ન આવતા તેઓ સહિત કુલ ૨૮ માલધારીઓએ સાસણ ખાતે ૨૮ માર્ચથી પ્રતિક ઉપવાસ ઉપર બેસવા માટે આવેદનપત્ર આપ્યું હતું. પરંતુ સાસણ ખાતે મંજુરી વગર ઉપવાસ ઉપર ન બેસવા માટે પોલીસ તંત્ર દ્વારા સમજાવટ કરતા તેઓ ઉપવાસ ઉપર બેસેલ નહી. ત્યારબાદ તારીખ ૩૦ માર્ચના રોજ ૨૮ માલધારીઓએ સાસણ ખાતે ઉપવાસ ઉપર બેસવા માટે મેંદરડા પ્રાંત અધિકારી અને મામલતદારની મંજુરી માંગેલ હતી.

પરંતુ આજ દિન સુધી તે મંજુરી આપવામાં આવેલ નથી. જેથી તમામ માલધારીઓ પોતાના પરિવાર સાથે જૂનાગઢ જીલ્લા કલેકટર કચેરી ખાતે આવ્યા હતા અને કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું. તેમના પડતર પ્રશ્નોનું નિરાકરણ નહી આવે તો તેઓ હજુ ઉગ્ર આંદોલન કરશે તેવી ચિમકી આપી હતી. માલધારીઓના હક્ક ન અપાવી શકતા હોય તો તેઓને માલધારીઓને ઈચ્છામૃત્યું માટે મંજુરી આપવા વિનંતી કરી છે અને જો તેમના પ્રશ્નોનું નિરાકરણ તાત્કાલીક નહી થયું તો નેસના તમામ મતદારો આગામી લોકસભા ચૂંટણીના મતદારનો બહિષ્કાર કરશે. આથી વન વિભાગની અન્યાય નીતિ અને પડતર પ્રશ્નો અંગે આમરણાંત ઉપર બેસવા મંજુરી આપવા અથવા ઈચ્છા મૃત્યુંની મંજુરી આપવા વિનંતી કરવામાં આવી છે. આ અંગે કલેકટરે માલધારીઓના પ્રશ્નોનું ૧૫ દિવસમાં નિરાકરણ લાવવાની ખાતરી આપી હતી અને ૧૫ દિવસમાં પ્રશ્નોનું નિરાકરણ નહી થાય તો માલધારીઓ ૧૫ દિવસ પછી આંદોલન કરવા જૂનાગઢ આવશે તેવું માલધારીઓએ જણાવ્યું હતું.

(તસ્વીર : ધર્મેશભાઈ)

# બિલખાના માજી સરપંચ મહેન્દ્ર નાગ્રેચાએ જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી ઉપર અસંતોષની અપીલ કરતા ખળભળાટ

(સુલ્તાન ચૌહાણ દ્વારા)

બિલખા તા.૩

બિલખા પંથકમાં છેલ્લા ઘણા વર્ષોથી ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોનો સર્વે જ કરવામાં આવ્યો નથી. જેને લીધે અનેક ગરીબ પરિવારો તેમને મળવા જોઈતા સરકારી લાભોથી વંચિત રહી જાય છે. ગરીબોની વેદનાને વાચા આપવા માટે બિલખાના માજી સરપંચ અને પત્રકાર મહેન્દ્ર નાગ્રેચાએ ગત તા.૧૯-૧-૨૦૨૪ના રોજ કલેકટર જૂનાગઢને બિલખા પંથકમાં બીપીએલ સર્વે કરાવવાની રજુઆત કરેલ જેને લઈને કલેકટર કચેરીએ આ કામગીરી જીલ્લા પુરવઠા વિભાગને સોંપેલ અને ત્યારબાદ જીલ્લા પુરવઠા વિભાગે આ કામગીરી જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીને સોંપેલ હતી. આમ છેલ્લા બે માસથી તંત્ર દ્વારા ઓફિસ ઓફિસ રમવામાં આવતું હોય પત્રકાર મહેન્દ્ર નાગ્રેચાએ તેમણે કરેલ રજુઆત ઉપર કરવામાં આવેલ કામગીરી અંગે આરટીઆઈ ૨૦૦૫ હેઠળ માહિતી માંગતા સમગ્ર તંત્ર સફાળુ જાગ્યું હતું અને એક-બીજી ઓફિસોને પત્ર વ્યવહાર કરીને રજુઆત કરતા મહેન્દ્ર નાગ્રેચાને તાત્કાલીક માહિતી આપવા હુકમો કર્યા હતા. ઓફિસ-ઓફિસ રમવાની કુટેવુ ધરાવતા તંત્ર દ્વારા અસંતોષકારક માહિતી આપીને વાળીટોળી નાખવાનો ભગીરથ પ્રયાસ કરેલ હતો. જેને લઈને મહેન્દ્ર નાગ્રેચાએ તેમને આપવામાં માહિતી અસંતોષજનક હોય જીલ્લા ગ્રામ વિકાસ એજન્સી સામે પ્રથમ અપીલ દાખલ કરતા ખળભળાટ મચી ગયેલ છે.

આપણો વારસો આપણું ગૌરવઃ સૌરાષ્ટ્રના સ્થાપત્યને "માય મોન્યુમેન્ટ સર્ચ" અંતર્ગત ઉજાગર કરવા એક અનોખી પહેલ

# રાજકોટના ૩૦૦થી વધુ બાળકોએ નિબંધ-ચિત્ર સ્પર્ધામાં ભાગ લીધો

રાજકોટ તા.૩

આજના ઝડપી યુગમાં વિશ્વ અંગે જાણકારી અને સાંસ્કૃતિક દ્રષ્ટીએ બાળકોને ઐતિહાસિક સ્મારકોનું જ્ઞાન આપવું જરૂરી છે. સૌરાષ્ટ્રના જે પ્રદેશો સાંસ્કૃતિક અને ઐતિહાસિક મહત્વને દર્શાવતા ભવ્ય સ્મારકોની વિપુલતા ધરાવે છે, તેમના વિષે વિશે સમાજમાં જાગૃતિ આવે તે હેતુથી ઈન્ડિયન નેશનલ ટ્રસ્ટ ફોર આર્ટ એન્ડ કલ્ચરલ હેરિટેજ (INTACH) રાજકોટએ "My Monument Search"ના શિર્ષક હેઠળ શહેરની શાળાઓમાં અનોખી સ્પર્ધાનું આયોજન કર્યું હતુ.

આ સ્પર્ધા હેઠળ રાજકોટની વિનોબા ભાવે માધ્યમિક શાળા નંબર ૯૩ અને રોઝરી સ્કુલ દ્વારા રાષ્ટ્રીય ચિત્ર અને નિબંધ સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં ૩૦૦થી વધુ વિધાર્થીઓએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ સૌરાષ્ટ્રમાં આવેલ વિવિધ સ્મારકોનું ચિત્ર બનાવી તેના પર નિબંધ લખવાનો હતો જેથી, વિદ્યાર્થીઓમાં સાંસ્કૃતિક વારસા અંગે જાગૃતિ આવે અને તેમની લેખનશક્તિ અને ચિત્રકળામાં વિકાસ થઈ શકે. આ સ્પર્ધા રાષ્ટ્રીય કક્ષાની હોવાથી વિદ્યાર્થીઓના નિબંધચિત્ર દિલ્લી કક્ષાએ મોકલ્યા બાદ તેઓને રાષ્ટ્રીય કક્ષાએ સન્માનિત કરવામાં આવશે.

ઈન્ટેક (INTACH) રાજકોટના કન્વિનર આર્કિટેકશ્રી રિધ્ધિ શાહએ જણાવ્યું હતું કે, સૌરાષ્ટ્રના ઐતિહાસિક સ્મારકોને જાણવા બાળકો માટે ખુબ અગત્યનું છે. આ સ્મારકો આપણી ઓળખ, સહાનુભૂતિ અને સાંસ્કૃતિક પ્રશંસાને પ્રોત્સાહન આપે છે. ભૂતકાળની સંસ્કૃતિઓની જીત અને સંઘર્ષોને સમાવે છે, જે આપણા સામૂહિક ઈતિહાસમાં અમૂલ્ય આંતરદષ્ટિ પ્રદાન કરે છે. ભૂતકાળના અવશેષો સાથે જોડાઈને, બાળકો જટિલ વિચારસરણી, સહાનુભૂતિ તેમજ જટિલ ઐતિહાસિક કથાઓની ઊંડી સમજણ વિકસાવવા મદદરૂપ થાય છે.આ કાર્યક્રમને સફળ બનાવવા ઈન્ટેક(INTACH) રાજકોટ ચેપ્ટર ટીમે જહેમત ઉઠાવી હતી. આયોજનમાં વિનોબા ભાવે શાળા નં ૯૩ નાં આચાર્યશ્રી વનિતાબેન રાઠોડ અને રોઝરી સ્કુલના આચર્યશ્રી વિશાલ વારીયાએ સહકાર આપ્યો હતો. આ સાથે શહેરની શાળાઓમાં સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરવાના રાજકોટ ચેપ્ટર અનુરોધ કર્યો છે અને વધુ માહિતી માટે + ૭૮૫૯૯ ૩૩૭૯૧ પર સંપર્ક કરવા જણાવાયું છે.

હસ્તકલા-મોતીકલા ક્ષેત્રે સારી કામગીરી સબબ

# શ્રીમતી ગુલાબબા ખુમાણને શ્રીમાર્તંડસિંહ મેમોરિયલ એવોર્ડ અપાયો




જૂનાગઢ તા.૩

ઈન્ટેક નવી દિલ્હી દ્વારા રૂપિયા પચાસ હજારની ધનરાશિ સાથેનો શ્રી માર્તંડસિંહ મેમોરિયલ એવોર્ડ કસબી એવા શ્રીમતી ગુલાબબા સિદ્ધાર્થભાઈ ખુમાણને એનાયત કરવામાં આવ્યો. ઈન્ટેક એટલે કે ઈન્ડિયન નેશનલ ટ્રસ્ટ ફોર આર્ટ એન્ડ કલ્ચરલ હેરિટેજ દ્વારા હેન્ડીક્રાફ્ટ, હેન્ડલુમ, સ્વદેશી સ્થાપત્ય માટે શ્રી માર્તંડસિંહ મેમોરિયલ એવોર્ડ આપવામાં આવે છે. જે માર્તંડસિંહે પોતાની સમગ્ર કારકિર્દી દરમ્યાન ભારતના હસ્તકલાના ક્ષેત્રે સંકળાયેલ વ્યક્તિઓની આનબાન શાન અને કૌશલ્યને પ્રોત્સાહન આપવા તથા જાળવવા પ્રયત્ન કર્યો હતો. આ પુરસ્કાર એવા વ્યક્તિઓને આપવામાં આવે છે જેમને પોતાની કળા માટે કોઈ રાષ્ટ્રીય પુરસ્કાર અથવા રાજ્ય સ્તરનો પુરસ્કાર મળ્યો ન હોય.

આ એવોર્ડમાં ટ્રોફી, સન્માન પત્ર અને સાથે રૂપિયા ૫૦,૦૦૦ ની ધનરાશિ સન્માન સ્વરૂપે આપવામાં આવે છે. આ પુરસ્કાર જૂનાગઢના શ્રીમતી ગુલાબબા સિદ્ધાર્થભાઈ ખુમાણને મળવા બદલ ઈન્ટેક જૂનાગઢ ચેપ્ટરના કન્વીનર ઈતિહાસકાર, સંશોધક, કટારલેખક ડો.પ્રદ્યુમન ખાચર તથા આર્કિટેક કો. કન્વીનર અમન કોટડીયાએ અભિનંદન પાઠવ્યા છે.

શ્રીમતી ગુલાબબાના સાસુ (ફૂઈબા) પણ મોતીકલા અને અન્ય કલામાં માહેર છે. જેમણે બનાવેલા મોર એવા આબેહૂબ હોય છે કે આપણને લાગે કે હમણાં ટેહુક કરતો ટહુકો કરશે. અત્રે યાદ કરવું ઘટે કે ગત વર્ષ તા.૧૬/૪/૨૦૨૩ના રોજ પૂજ્ય દાનબાપુની જગ્યા ચલાલા ખાતે મહંતશ્રી વલકુબાપુના યજમાન પદે કાઠિયાવાડના ઈતિહાસમાં પ્રથમ મોતી મહોત્સવ ઉજવાયેલ જેમાં કલા સર્જક બહેનોનું બહુમાન કરવામાં આવ્યું હતું. આ સંસ્થાની સ્થાપના ભાવિ પેઢીઓ



માટે વારસાને જાળવવાના ઉદેશ્ય સાથે કરવામાં આવી છે. આ બધા જ પ્રયત્નો હસ્તકળા અને મોતીકલાને જીવાડનાર બની રહેશે અને આ કલા આ યુગમાં કદી મુરજાશે નહિ એવી આશા વ્યક્ત કરવામાં આવી છે.

# રાજકોટમાં મતદાર નોંધણી અધિકારી નિશા ચૌધરીની અધ્યક્ષતામાં 'ચુનાવી પાઠશાલા કાર્યક્રમ' યોજાયો

રાજકોટ તા.૩

લોકસભા સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ અન્વયે ૬૯ - રાજકોટ પશ્ચિમ વિધાનસભા મતદાર વિભાગમાં સમાવિષ્ટ મતદાન મથકો કે જ્યાં ૫૦% કરતા ઓછું મતદાન થયેલું હોય અને પુરૂષ-સ્ત્રીના મતદાનમાં ૧૦% કરતા વધુ તફાવત રહેતો હોય તેવા વિસ્તારમાં મતદાન વધારવા માટે અને મતદાનનું મહત્વ સમજાવવા બાબતે સ્વીપ નોડલ અધિકારીશ્રી જીજ્ઞાસાબેન ગઢવીના માર્ગદર્શન મુજબ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે.

જે અન્વયે મતદાર નોંધણી અધિકારી અને આસીસ્ટન્ટ કલેક્ટરશ્રી - રાજકોટ શહેર-૨ નિશા ચૌધરીના અધ્યક્ષસ્થાને રૈયાધાર વિસ્તારમાં આવેલી ડો. ઝાકીરહુસેન પ્રાથમિક શાળા નં. - ૯૧ ખાતે 'ચુનાવી પાઠશાલા કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત શાળાના ધોરણ ૮ના વિદ્યાર્થીઓ દ્વારા "મતદાન અને તેનું મહત્વ" એ વિષય પર ચિત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહ સાથે ભાગ લઈને અવનવા રંગીન ચિત્રો દોર્યા હતા. આ સ્પર્ધામાં ભાગ લેનારા તમામ વિદ્યાર્થીઓને ૬૯ - રાજકોટ પશ્ચિમ વિધાનસભા મતદાર વિભાગ તરફથી ચિત્ર સ્પર્ધા માટે જરૂરી સ્ટેશનરી, ડ્રોઈંગ પેપર્સ તથા કલર્સ પૂરા પાડવામાં આવ્યા હતા. ત્યારબાદ તમામ સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા માટે આસીસ્ટન્ટ કલેક્ટરશ્રીના હસ્તે પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. મતદાર નોંધણી અધિકારીશ્રી નિશા ચૌધરી તથા મામલતદારશ્રી - રાજકોટ શહેર પશ્ચિમ એમ.ડી.શુક્લ દ્વારા વિદ્યાર્થીઓને મતદાનના મહત્વની સમજુતી આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓ તેમના વિસ્તારમાં રહેતા સગા-સંબંધીઓ, વડીલો તથા ૧૮ વર્ષથી વધુ વયના તમામ મતદારોને મતદાન કરવા માટે પ્રેરિત કરશે અને મતદાન અંગે જાગૃતિ ફેલાવશે, તે બાબતે વિદ્યાર્થીઓ દ્વારા પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. આ કાર્યક્રમમાં નાયબ મામલતદારશ્રી આર.ડી.જાડેજા, ક્લાર્કશ્રી વી.બી.આંબલીયા અને શાળાનો સ્ટાફ ઉપસ્થિત રહ્યાં હતા.

સિનિયર સિટિઝનનું કન્સેશન પાછું ખેંચી લીધું

# રેલવેને છેલ્લા ચાર વર્ષમાં રૂા.૫,૮૦૦ કરોડની કમાણી

## કોવિડ-૧૯ને કારણે જાહેર થયેલા લોકડાઉનને પગલે સિનિયર સિટિઝનને રેલવે ભાડામાં મળતું કન્સેશન પાછું ખેંચી લીધું હતું



નવી દિલ્હી, તા.૩

કેન્દ્ર સરકારે ચાર વર્ષે રેલવે ભાડામાં વરિષ્ઠ નાગરિકોનું કન્સેશન પાછું ખેંચી લીધા પછી અત્યાર સુધીમાં ભારતીય રેલવેને આ પગલાથી [redacted]

કન્સેશન મળતું હતું. કન્સેશન પાછું ખેંચાયા પછી વરિષ્ઠ નાગરિકઓ અન્ય પેસેન્જર્સની જેમ પૂરું ભાડું ચૂકવી રહ્યા છે. મધ્યપ્રદેશના ચંદ્રશેખર ગૌરે આરટીઆઈ હેઠળ ઘણી અરજી [redacted]

મને ૧ એપ્રિલ, ૨૦૨૨થી ૩૧ માર્ચ, ૨૦૨૩ સુધીની વિગત મળી હતી. મેં ત્રીજી અરજી મને ૧ એપ્રિલ, ૨૦૨૩થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૪ સુધીનો ડેટા અપાયો હતો. તેના પરથી ૨૦ માર્ચ, ૨૦૨૦થી ૩૧ જાન્યુઆરી, ૨૦૨૪ સુધીની વધારાની આવકનું કલેક્શન સહેલાઈથી જાણી શકાય.''

સીનીયર સીટીઝનોને રેલ્વેમાં પહેલા જે કન્સેશન આપવામાં આવતું હતું તે ફરી પાછુ ચાલુ કરવા સીનીયર સીટીઝનોમાંથી લોકમાંગણી ઉઠવા પામી છે. હવે જોવાનું એ રહે છે કે રેલ્વે બાબુઓ આ બાબતે શું નિર્ણય લે છે.

# જૂનાગઢમાં ખિસ્સામાંથી રોકડ રકમની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩

જૂનાગઢ શહેરમાં કાળવા ચોક વિસ્તારમાં એક દુકાન પાસે [redacted]

નકલમાં આશરે ૧૧ થી સાડા અગીયાર હજાર રૂપીયાની ૫૦૦ની નોટો રાખેલ હોય તે કોઈપણ રીતે કોઈ અજાણ્યા ઈસમે [redacted]

# રાણાવાવ ખાતે તા. ૨૩ મેના રોજ સમસ્ત બુહેચા પરિવારના સતીઆઈ માતાજીના મંદિરે શાંતિ યજ્ઞનું આયોજન

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩

ભુપતભાઈ બુહેચાની એક અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, સમસ્ત બુહેચા પરિવારના સતીઆઈ માતાજી રાણાવાવ ખાતે બિરાજમાન છે. જ્યાં મંદિરના પટાંગણમાં શાંતિ યજ્ઞ કરવા અંગેની તાજેતરમાં એક મીટીંગ જામનગર નિવાસી શ્રી જીવનભાઈ બુહેચાની અધ્યક્ષતામાં બોલાવવામાં આવેલી હતી. આ મિટિંગમાં જામનગર, રાજકોટ, મોટી પાનેલી, રેટાના કાલાવડ, રાણાવાવ, પોરબંદર, જુનાગઢ સહિત અનેક ગામોમાંથી બુહેચા પરિવારના ભાઈઓ ઉપસ્થિત રહ્યા હતા અને આગામી તારીખ ૨૩-૫-૨૪ને ગુરૂવારના રોજ સતીઆઈ માતાજી મંદિરના પટાંગણમાં શાંતિ યજ્ઞ કરવાનું સર્વાનુમતે નક્કી કરવામાં આવેલ હતું. યજ્ઞ કાર્યમાં યજ્ઞના આગલા દિવસથી માંડીને શાંતિ યજ્ઞ સંપૂર્ણ પણે પૂર્ણ થાય ત્યાં સુધીની બ્રાહ્મણની, પરિવારના લોકોને આગલા દિવસથી રહેવાની, ભોજન પ્રસાદ સહિત અનેક વ્યવસ્થાઓની જરૂરી ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. આ શાંતિ યજ્ઞમાં સમસ્ત બુહેચા પરિવારજનોને પધારવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવે છે. આ મિટિંગમાં વાલજીભાઈ બુહેચા, સુનિલભાઈ બુહેચા, સંજયભાઈ બુહેચા, દેવજીભાઈ બુહેચા, નાથાભાઈ બુહેચા, કાનજીભાઈ બુહેચા, ધરમશીભાઈ બુહેચા, બાબુભાઈ બુહેચા, મોહનભાઈ બુહેચા, પ્રફુલભાઈ બુહેચા, ભરતભાઈ બુહેચા, નિકુલભાઈ બુહેચા, જતીનભાઈ બુહેચા, મુકેશભાઈ બુહેચા સહિત બુહેચા પરિવારના લોકોએ હાજરી આપી હતી. તેમ યાદીના અંતે જણાવેલ હતું.

# મેંદરડા-વંથલી રોડ ઉપર પ્યાગો રિક્ષામાંથી નીચે પડી જતા મહિલાનું મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૩

મેંદરડા-વંથલી રોડ ઉપર આવેલ ગંગેડી આશ્રમ પાસે રોડ ઉપર બનેલા બનાવમાં પ્યાગો રિક્ષામાંથી પડી જતા મહિલાનું ગંભીર ઈજાથી મૃત્યું થયું છે. આ બનાવમાં ગફલતભરી રીતે રિક્ષા ચલાવવા બાબતે રિક્ષાના ચાલક વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ છે. આ બનાવ અંગે મેંદરડા પોલીસે આપેલી વિગત અનુસાર, મેંદરડામાં ખાખીમઢીની બાજુમાં રહેતા અશોકભાઈ બાલાભાઈ કાંજીયા(ઉ.વ.૪૫)એ પ્યાગો રિક્ષા નંબર જીજે-૦૮-એટી-૨૧૭૨ના ચાલક અયુબભાઈ ઉર્ફે ભુપતભાઈ ઓસમાણભાઈ વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના આરોપીએ પોતાના હવાલાની પ્યાગો રિક્ષા નંબર જીજે-૦૮-એટી-૨૧૭૨ વાળી પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી પોતાની પ્યાગો રિક્ષામાં બેઠેલા ફરિયાદીના પત્ની હંસાબેન(ઉ.વ.૩૫)ને નીચે પછાડી દેતા તેમને માથામાં ગંભીર ઈજા થતા શરીરે નાની-મોટી ઈજાઓ પહોંચાડતા હંસાબેનનું ગંભીર ઈજા થવાથી મૃત્યું થયું છે. આ બનાવ અંગે મૃતકના પતિની ફરિયાદના આધારે પ્યાગો રિક્ષા ચાલક વિરૂધ્ધ પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. તેની વધુ તપાસ મેંદરડા પોલીસ સ્ટેશનના હેડકોન્સ્ટેબલ એમ.આર. વાળા ચલાવી રહ્યા છે.

## :: અવસાન નોંધ ::

જૂનાગઢ : જોટાણીયા પ્રકાશભાઈ દિલીપભાઈનું દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૪-૪-૨૪ ગુરૂવારનાં રોજ સાંજે ૪ થી ૬ વરીયા વંશ પ્રજાપતિ જ્ઞાતિની વાડી, ગોધાવાવ પાટી પાસે, જૂનાગઢ ખાતે રાખેલ છે. (મો.નં.

C M Y K

# મીડિયા મોનિટરીંગની ફરજ બજાવતા કર્ચમારીઓને પેઈડ ન્યુઝ સંદર્ભે તાલીમ આપાઈ

### ઉમેદવારો દ્વારા પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડિયા મારફત અપાતા પેઈડ અને જાહેરાત પર રખાતી વોચ



જૂનાગઢ, તા.૩

કલેકટર અનિલ કુમાર રાણાવસિયાની અધ્યક્ષતામાં લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અને વિધાનસભા પેટા ચૂંટણીના અનુસંધાને એમસીએમસી એટલે કે, મીડિયા મોનિટરિંગ એન્ડ સર્ટિફિકેશન કમિટી કાર્યરત છે, આ કમિટી તળે પેઈડ ન્યુઝ અને જાહેરાત સંદર્ભે મીડિયા મોનીટરીંગ માટે કાર્યરત કર્મચારીઓને તાલીમ આપવામાં આવી હતી.

આ તાલીમમાં નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી હર્ષ પટેલે પેઈડ ન્યુઝ ઉપરાંત અન્ય જિલ્લાના ચૂંટણીલક્ષી સમાચાર પર સતર્કતા સાથે દેખરખ રાખવા જાણવાતા કહ્યું કે, લોકસભા સામાન્ય ચૂંટણી તથા વિધાનસભા પેટાચૂંટણી માટે પ્રીન્ટ અને ઈલેક્ટ્રોનિક સહિતના મીડિયામાં પ્રચાર માટે થતા અનઅધિકૃત ખર્ચને ઉમેદવારના ખર્ચમાં ઉધારવામાં આવે છે, આ માટે જરૂરી ચૂંટણી પંચની માર્ગર્શિકા અનુસરવામાં આવે છે. ઉપરાંત સમાચારોનું નિરિક્ષણ કઈ રીતે કરવું તથા તેનું રિપોર્ટિંગ કઈ રીતે કરવું તેનું માર્ગદર્શન આપ્યું હતું. આ સાથે તેમણે મુક્ત અને ન્યાયી ચૂંટણી માટે પ્રતિબદ્ધતા સાથે તથા જવાબદાર કર્મચારી-અધિકારી-સ્ટાફ તરીકે કામ કરવા જણાવ્યું હતું.

સહાયક માહિતી નિયામક સુશ્રી પારૂલબેન આડેસરાએ પેઈડ ન્યુઝ અને જાહેરાતના સંદર્ભે પ્રીન્ટ અને ઈલેક્ટ્રોનિક ન્યૂઝ મોનટરિંગ વખતે શું તકેદારી રાખવી ઉપરાંત આ કામગીરી નિયમિત રીતે કરવા તેમજ ન્યૂઝ મોનટિરિંગની બારીક બાબતોની સમજ આપી હતી. આચારસંહિતા ભંગ થતા ન્યૂઝ મોનિટરિંગ, સમાજના બે જૂથ વચ્ચે વૈમનસ્ય સર્જતી ઉશ્કેરણી જનક બાબતો સમાચાર સ્વરૂપે દેખાય તો તે અંગે સંબંધિત અધિકારીઓનું ધ્યાન દોરવા પણ જણાવ્યું હતું. આ તાલીમમાં સિનિયર સબ એડિટર ક્રિષ્ના સિસોદિયા, કચેરી અધિક્ષક બી.એલ. જાદવ સહિત જિલ્લા માહિતી કચેરીના કર્મચારી ઉપરાંત મીડિયા મોનિટરીંગ માટેના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

અવસર લોકશાહીનો - મતદાનને જરૂરી સમજતા યુવા મતદારોનો અભિપ્રાય

# પહેલી વખત મતદાન કરી દેશના વિકાસમાં અમારૂ યોગદાન આપવાની ગૌરવવંતી ક્ષણ : અનુરાગ મારૂ

### દરેક નાગરિકે દેશના ઉજ્જ્વળ ભવિષ્ય માટે મતદાન કરવું જરૂરી : પૂજા ડાંગર



જૂનાગઢ, તા.૩

દેશનું ભવિષ્ય નક્કી કરવામાં યુવાનોની બહુ મોટી ભૂમિકા હોઈ છે. તેમાં પણ જયારે ચૂંટણીમાં પહેલી વખત મતદાન કરવાનું હોઈ ત્યારે યુવાનોમાં કઈક અલગ જ ઉત્સાહ હોઈ છે. તેવો જ ઉત્સાહ ડો. સુભાષ યુનિવર્સિટીમાં બી એસ સી માં અભ્યાસ કરતા અનુરાગ મારુ અને પૂજા ડાંગર તેમજ શાસ્ત્રી સ્વામી શ્રી ધર્મજીવનદાસજી ઈન્સ્ટીટયુટ ઓફ ઈન્ફોરમેશન ટેક. કોલેજના વિદ્યાર્થી ક્રીશનું કેહવું છે કે તેઓ પ્રથમ વખત મતદાન કરી દેશના વિકાસમાં પોતાનું યોગદાન આપશે. તેમજ અન્ય યુવાનોને પણ અપીલ કરી છે કે લોક શાહીના આ પર્વમાં વધારેમાં વધારે યુવા શક્તિ જોડાઈ દેશને મજબૂત બનાવે અને પોતાના સ્વપની સરકારના ગઠનમાં સહભાગી બને. આ તકે ગુરૂકુલ કોમ્પ્યુટર કોલેજ જૂનાગઢ, કોમ્પ્યુટર વિભાગના હેડ ગૌરવ રાવળનું કહેવું છે કે, ભારતના નાગરિક તરીકે મતદાન કરવું એ આપણી ફરજ છે. તેથી મતદાન કરી દેશનું ભવિષ્ય ઉજ્જ્વળ બનાવીયે, વધુમાં ચૂંટણી કાર્ડ સિવાય અન્ય ઓળખ કાર્ડ જેવા કે આધાર કાર્ડ, પણ કાર્ડ હશે તો પણ મતદાન થઈ શકે તેવું જણાવ્યું હતું.

મતદાન માટે ઓળખ કાર્ડ જરૂરી છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા ઈલેક્શન કાર્ડ દરેક પુખ્ત મતદાતાને આઈ.ડી. કાર્ડ આપવામાં આવે છે. જો કોઈ કારણસર આપની પાસે વોટર કાર્ડ નો હોઈ તો પણ મતદાન કરવા માટે અન્ય ઓળખ કાર્ડ જેવા કે આધાર કાર્ડ, પાન કાર્ડ, સરપંચનો દાખલો, અથવા બીજા માન્ય ઓળખ પત્રથી પણ મતદાન કરી શકો છો.

# આઈ.સી.ડી.એસ. શાખા અને જૂનાગઢ મનપા. દ્વારા આંગણવાડી ખાતે મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો

### સગર્ભા બેહનો, ધાત્રી માતાઓ અને કિશોરીઓએ મતદાનની અપીલ કરી



જૂનાગઢ, તા.૩

આગામી ૭ મે ના રોજ લોકસભા સામાન્ય ચૂંટણી યોજાનાર છે. આ ચૂંટણીમાં દરેક મતદાર પોતાના મતદાન હકનો ઉપયોગ કરે અને દેશના વિકાસમાં મતદાન થકી પોતાનું યોગદાન આપે તે હેતુથી જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી અનિલ રાણાવસિયાના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાય છે. ત્યારે જૂનાગઢ શહેરમાં આંગણવાડી ખાતે આઈ.સી.ડી.એસ. શાખા અને જૂનાગઢ મહાનગર પાલિકા દ્વારા મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સગર્ભા બેહનો, ધાત્રી માતાનો અને કિશોરીઓએ મતદાન કરવાની પ્રતિજ્ઞા લીધી હતી અને અન્ય લોકોને પણ મતદાન કરી પોતાની ફરજ અદા કરવાની અપીલ કરી હતી.

# માંગરોળમાં શેરી નાટક, રેલી દ્વારા ગ્રામજનોને મતદાન માટે પ્રેરિત કરાયા



જૂનાગઢ, તા.૩

લોકસભાની સામાન્ય ચૂંટણી ૨૦૨૪ અંતર્ગત લોકો જૂનાગઢ જિલ્લામાં વધુમાં વધુ મતદાન કરી લોકશાહીના મહાપર્વમાં સહભાગી બને એ માટે કલેક્ટર માર્ગદર્શન હેઠળ સ્વીપ નોડલ ઓફિસર દ્વારા વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. માંગરોળ તાલુકાની લોએજ પે સેન્ટર શાળા ખાતે વિદ્યાર્થીઓ દ્વારા શેરી નાટક, રેલી ,સ્લોગન જેવી પ્રવૃત્તિઓના માધ્યમથી ગ્રામજનોને મતદાન માટે પ્રેરિત કર્યા હતા.

# ચૂંટણીના અનુસંધાને જપ્ત થયેલ રોકડ સહિતની અન્ય વસ્તુઓની મુક્તિ માટે જીલ્લા ફરિયાદ કમિટીની રચના


### લોકોને અગડવતા ન પડે તે માટે ફરિયાદોના નિવારણ માટે થયેલી વ્યવસ્થા

જૂનાગઢ, તા.૩

લોકસભા સામાન્ય ચૂંટણી અને વિધાનસભા પેટા ચૂંટણી-૨૦૨૪ના અનુસંધાને ચૂંટણી પ્રક્રિયા દરમ્યાન **FST** અને **SST** દ્વારા જપ્ત કરવામાં આવતી રોકડ અને અન્ય વસ્તુઓની મુક્તિ માટે જાહેર જનતા તેમજ સાચી વ્યક્તિઓને અગવડ ન પડે તે હેતુસર તેમની ફરિયાદોના નિવારણ માટે જિલ્લા ફરિયાદ કમિટીની રચના કરવામાં આવી છે. આ કમિટીના નોડલ અધિકારી ( એક્ષપેન્ડિચર મોનિટરિંગ) અને જિલ્લા વિકાસ અધિકારી નીતિન સાંગવાન (૦૨૮૫) ૨૬૩૫૩૧૫/૧૬) કન્વીનર છે. ઉપરાંત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામકશ્રી (૦૨૮૫) ૨૬૩૬૧૫૬) અને તિજોરી અધિકારીશ્રી (મો.ન.૮૪૮૭૯૦૩૬૮૨) સભ્ય પદે છે. આ માટે મિટિંગનું સ્થળ જિલ્લા વિકાસ અધિકારીશ્રીની કચેરી રહેશે. ઉપરાંત ૧૩-લોકસભા લડતા ઉમેદવારો દ્વારા હિસાબી ટુકડીને રજૂ કરવામાં આવતા હિસાબોમાં રહેલી વિસંગતતાઓ અંગે નિર્ણય કરવા માટે ડિસ્ટ્રિક્ટ એક્ષપેન્ડીચર મોનિટરિંગ કમિટીની રચના કરવામાં આવી છે જેમાં ચૂંટણી પંચ દ્વારા નિયુક્ત થતા ખર્ચ ઓબ્ઝર્વરશ્રી, જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર અનિલકુમાર રાણાવસિયા અને નોડલ અધિકારી એક્સપેન્ડિચર મોનિટરિંગ અને જિલ્લા વિકાસ અધિકારી નીતિન સાંગવાનનો સમાવેશ થાય છે. આ માટેની મિટિંગનું સ્થળ કલેકટર કચેરી જૂનાગઢ રહેશે. ઉપરાંત ચૂંટણી ખર્ચ અને આદર્શ આચારસંહિતાની ફરિયાદ કે અન્ય કોઈ પણ ફરિયાદ માટે રાઉન્ડ ધ ક્લોક કંટ્રોલ રૂમ નં.૧૯૫૦ તથા ટોલ ફ્રી નં. ૧૮૦૦૨૩૩૯૧૭૪૭ પર સંપર્ક કરી શકાશે.

# સોમનાથ મંદિર પાસે થયેલા ૧૦૦ જેટલા દબાણો દૂર કરતું તંત્ર

### કલેક્ટરની સૂચનાથી રચાયેલી સમિતિ દ્વારા સાત દિવસમાં દબાણ દૂર કરવાનો અમલ



ગીર સોમનાથ, તા.૩

સોમનાથ મંદિર ટ્રસ્ટ દ્વારા તાજેતરમાં કરવામાં આવેલા વિકાસકાર્યો તથા શિવરાત્રિને લઈને સુરક્ષાને ધ્યાને લેતા કરવામાં આવેલા બેરિકેડિંગ તથા દિવાલને કારણે સોમનાથ શોપિંગ સેન્ટરના વેપારીઓને ગ્રાહકો મળવાની મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હતો. આ બાબતે શોપિંગ સેન્ટરના વેપારીઓએ જિલ્લા કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજા અને સોમનાથ ટ્રસ્ટને રજૂઆત કરી હતી.

સ્થાનિક વેપારીઓની આ રજૂઆતને ધ્યાનમાં લઈને કલેક્ટરે વેરાવળ પ્રાંત અધિકારીના અધ્યક્ષસ્થાને ૧૦ સભ્યોની સમિતિની રચના કરી હતી. જેમાં સોમનાથ સુરક્ષાના નાયબ પોલીસ અધિક્ષકશ્રી, પ્રભાસપાટણ, નાયબ પોલીસ અધિક્ષકશ્રી, વેરાવળ, મામલતદારશ્રી, વેરાવળ શહેર, સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર અને વ્યાપારી મંડળના પ્રતિનિધિઓનો સમાવેશ થાય છે. આ સમિતિને એક અઠવાડિયાની અંદર વેપારીઓને લગતા પ્રશ્નોનું નિરાકરણ આવે તે માટે કલેક્ટર દિગ્વિજયસિંહ જાડેજાએ સૂચના આપી હતી. તેનો ત્વરિત અમલ કરતાં આજે સવારે સોમનાથ મંદિર પાસે થયેલા ૧૦૦ જેટલા દબાણો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

દિગ્વિજય દ્વારની સામે આવેલ કુંભારવાડામાં જૂના ગેરકાયદેસર દબાણો દૂર કરવામાં આવ્યાં હતાં. હોટલ તેમજ મકાનોની બહાર કાઢેલ શૌચાલય-બાથરૂમ, ઓટલા, કેબીન જેવા દબાણો જેસીબીની મદદથી દૂર કરવામાં આવ્યાં હતાં. અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા દિવસ પહેલા સોમનાથ મંદિર શોપિંગ સેન્ટર ખાતે ૧૨૦ દુકાનોના દુકાનમાલિકોના પ્રતિનિધિઓ સાથે કલેકટરે બેઠક યોજી વેપારીઓને અગવડરૂપ પ્રશ્નોની રજૂઆતો સાંભળી તેનું એક અઠવાડિયામાં નિરાકરણ લાવવાની હૈયાધારણ આપી હતી. જેનો અમલ કરતાં આજે તાત્કાલિક ધોરણે ૧૦૦ જેટલા દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.આ કાર્યવાહીથી રસ્તો પહોળો થવાથી દર્શનાર્થીઓ, પ્રવાસીઓ, મંદિરની આજુબાજુના રહેણાંક વિસ્તાર તથા સોમનાથ શોપિંગ સેન્ટરનાં વેપારીઓ તથા રીક્ષા-વાહનચાલકોને રાહત થઈ છે. જેથી ટ્રાફિકની સમસ્યા પણ હળવી થઈ છે. આગામી સમયમાં પઠાણવાડા વિસ્તારમાં પણ અનધિકૃત બાંધકામો દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. પ્રાંત અધિકારી, વેરાવળ-પાટણ સંયુક્ત નગરપાલિકા ચીફ ઓફિસર તેમજ પોલીસ અધિકારીઓની હાજરીમાં આ અનધિકૃત બાંધકામ દૂર કરવામાં આવ્યાં હતાં.


# ખંભાળિયાની સરકારી સિવિલ હોસ્પિટલના અણઘડ વહીવટથી દર્દીઓ પરેશાન

### સ્ટાફની વ્યાપક અછત, તમામ ચાર એમ્બ્યુલન્સ ભંગાર હાલતમાં, આરોગ્ય તંત્રનું વર્તન ઓરમાયું

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૩

દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા ખાતે આવેલી સરકારી સિવિલ હોસ્પિટલ કે જ્યાં દરરોજ જિલ્લાભરના જુદા જુદા વિસ્તારોમાંથી ખૂબ મોટી સંખ્યામાં દર્દીઓ આવે છે, અહીં સ્ટાફના અભાવ વચ્ચે અન્ય સમસ્યાઓથી દર્દીઓ પરેશાન થઈ રહ્યા છે. હોસ્પિટલની ચાર એમ્બ્યુલન્સ હાલ ભંગાર હાલતમાં હોવાથી દર્દીઓને ફરજિયાત ખાનગી એમ્બ્યુલન્સનો સહારો લેવો પડે છે. ખંભાળિયામાં થોડા સમય પૂર્વે કરોડો રૂપિયાના ખર્ચે નિર્માણ પામેલી વિશાળ સરકારી હોસ્પિટલમાં ૧૫૦ બેડનું નિર્માણ કરવામાં આવ્યું છે. પરંતુ તેની સામે માત્ર ૯૦ બેડનો જ સ્ટાફ ફાળવવામાં આવ્યો છે. આ હોસ્પિટલમાં અન્ય સ્થળેથી કામચલાઉ રીતે તબીબો તો મૂકવામાં આવે છે, પરંતુ અહીં વર્ગ ૩ તથા ૪ ના કર્મચારીઓ પૂરતી સંખ્યામાં ન હોવાથી વિકટ પરિસ્થિતિનું નિર્માણ થાય છે. અહીં આવતા દર્દીઓના સગાઓ કોઈપણ સ્થળે પાનની પિચકારી મારીને ગંદકી કરે છે. તારીખ ૧ એપ્રિલથી હોસ્પિટલમાં કેસબારી માટે નવું વર્ઝન આવ્યું હોવાથી અહીં પૂરતા સ્ટાફના અભાવે નવા



કેસ માટે દર્દીઓની કતારો જોવા મળી રહી હતી. અહીંની હોસ્પિટલમાં ગંદકી કરનારા સામે દંડની જોગવાઈ (પાવતી બુક) રાખવામાં આવી છે. પરંતુ તેના અમલ માટે સ્ટાફ જ નથી. ૧૫૦ બેડની આ હોસ્પિટલમાં ૯૦ બેડનો સ્ટાફ કામ કરતો હોવાથી આરોગ્ય તંત્ર દ્વારા નવા સ્ટાફની ભરતી કરવામાં ન આવતા તેમજ આ અંગેની મંજૂરી કે ખર્ચ માટે જોગવાઈ પણ ન કરાતા વિકટ પરિસ્થિતિનું નિર્માણ થયું છે. જેના કારણે કરોડો રૂપિયાના ખર્ચે બનેલી જિલ્લાની સૌથી મોટી સરકારી હોસ્પિટલમાં વોર્ડ તેમજ શૌચાલયમાં ગંદકીનું સામ્રાજ્ય જોવા મળતા અહીં ક્યારેક ઉકરડા જેવી પરિસ્થિતિમાં ફેરવાઈ જાય છે તો આવી જ સ્થિતિ કમ્પાઉન્ડ તથા અન્ય સ્થળોની છે. અપૂરતા સ્ટાફને કારણે સિનિયર સિટીઝન બારી પણ અનેક વખત ખોલવા માટે સ્ટાફ હોતો નથી. સરકારી હોસ્પિટલનો સૌથી વધુ ઉપયોગ ગરીબો અને જરૂરીયાતમંદો કરતા હોય, ત્યારે હોસ્પિટલમાં વ્યાપક અગવડતાથી દર્દીઓમાં કચવાટની લાગણી જોવા મળી રહી છે.

**હોસ્પિટલની તમામ ચાર એમ્બ્યુલન્સ ભંગાર હાલતમાં : આરોગ્ય તંત્રનું ઓરમાયું વર્તન**

દેવભૂમિ દ્વારકા જિલ્લો એ રાજ્યનો સૌથી છેવાળાનો જિલ્લો છે. ત્યારે કરોડોની આ હોસ્પિટલ માટે જાણે આરોગ્ય તંત્રનું વર્તન ઓરમાયું હોય તેવું ચિત્ર ખડું થયું છે. સરકારી સિવિલ હોસ્પિટલમાં દાખલ થતા દર્દીઓને ઈમરજન્સીના સમયમાં બહારગામ મોકલવા માટે ૪ એમ્બ્યુલન્સ ફાળવવામાં આવી છે. પરંતુ મહિનાઓથી આ એમ્બ્યુલન્સ ભંગાર હાલતમાં જોવા મળે છે. જે અંગે તંત્રના પ્રમાણ પછી પણ નવી એમ્બ્યુલન્સ ફાળવાઈ નથી. જિલ્લાને સરકાર દ્વારા નવી એમ્બ્યુલન્સ ન અપાતા લોકોને ફરજિયાત ખાનગી એમ્બ્યુલન્સની સેવાઓ લેવી પડે છે. પરિણામે ગરીબોને વધુ બોજ પડે છે.હ ખંભાળિયાની સરકારી હોસ્પિટલ અંગે આરોગ્ય તંત્રના ઓરમાયા વર્તનનો નમુનો એ છે કે નવી એમ્બ્યુલન્સ ખરીદવાની તમામ પ્રક્રિયા તાજેતરમાં પૂર્ણ થઈ ગયા પછી કમિશનરમાં આ અંગેની ફાઈનલ મંજૂરીનો કાગળ કોઈ કારણોસર અટકી ગયો હતો. જ્યારે લોકસભાની હાલ ચૂંટણી જાહેર થઈ ગઈ છે, ત્યારે હવે આચારસંહિતા આવી ગયાનું કહી તેના પર પૂર્ણવિરામ મૂકી દેવામાં આવ્યું છે. આમ, આરોગ્ય તંત્રની બેકાળજીના કારણે અહીંની સરકારી હોસ્પિટલને મહિનાઓથી નવી એમ્બ્યુલન્સ મળી શકી નથી.

# ખંભાળિયા : જીલ્લા ફરિયાદ નિવારણ સમિતિના કન્વીનર તરીકે જીલ્લા વિકાસ અધિકારીની નિમણૂંક કરાઈ

(પ્રતિનિધિ દ્વારા)

જામ ખંભાળિયા, તા.૩

ભારતના ચૂંટણી આયોગ દ્વારા લોકસભાની સામાન્ય ચૂંટણી યોજવા અંગેની જાહેરાત તા. ૧૬ માર્ચના રોજ કરવામાં આવી છે. ચૂંટણીની જાહેરાતથી આદર્શ આચાર સંહિતાનો અમલ શરૂ થયેલો છે. ભારતના ચૂંટણી પંચ તરફથી **Standard Operating Procedure (SOP) For Seizure and Release of Cash and Other Items** નિયત કરવામાં આવી છે. જેની વિગતે સીઝર કરવામાં આવતા રોકડ/ મુદામાલને મુક્ત કરવા સબંધે જાહેર જનતા તેમજ સાચી વ્યક્તિઓને અસુવિધા ન થાય તેના માટે અને તેમની જો કોઈ ફરિયાદ હોય તો તેના નિવારણ માટે દેવભૂમિ દ્વારકા જિલ્લા માટે જિલ્લા ફરિયાદ નિવારણ સમિતિની રચના કરવામાં આવી છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લા ફરિયાદ નિવારણ સમિતિના કન્વીનર તરીકે નોડલ ઓફીસર ફોર એક્ષપેન્ડીચર મોનિટરીંગ અને જિલ્લા વિકાસ અધિકારીની નિમણૂંક કરવામાં આવી છે. તેઓના મોબાઈલ નંબર ૯૯૭૮૪ ૦૬૪૯૨ છે તેમ જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરની એક યાદીમાં જણાવાયું છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# અરવિંદ કેજરીવાલની ધરપકડ રાજકીય સુચિતા પર પ્રશ્નાર્થ

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની ધરપકડ એક મોટી ઘટના છે, જેની તુલના કોઈપણ પૂર્વ ધરપકડ સાથે ન થઈ શકે. ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેન તેના પહેલાં ૨ ફેબ્રુઆરીએ ધરપકડ કરાઈ હતી અને રાજીનામું આપ્યા બાદ તેમની ધરપકડ દેખાડવામાં આવી. વસ્તુતઃ કેજરીવાલનો કિસ્સો આ દૃષ્ટિએ ગુણાત્મક રૂપે અલગ છે, કારણ ક તેઓ ભ્રષ્ટાચાર વિરુદ્ધ અભિયાનો, આંદોલનની આગેવાની કરીને અહીં સુધી પહોંચ્યા. તેમના બેનરનું નામ જ હતું ઈન્ડિયા અગેન્સ્ટ કરપ્શન અને તેમણે યુપીએ સરકાર દરમ્યાન વડાપ્રધાન મનમોહન સિંહથી માંડીને અધ્યક્ષ સોનિયા ગાંધી, તેમના જમાઈ રોબર્ટ વાઢેરા, કેટલાય કેન્દ્રીય મંત્રીઓ જેમાં પ્રણવ મુખર્જીથી લઈને કપિલ સિબ્બલ, પી.ચિદમ્બરમ વગેરે સામેલ હતા, તે બધાને ભ્રષ્ટાચારી ગણાવતાં તેમનું રાજીનામું આપવા અને ધરપકડ કરવાની માંગ કરી હતી. જનતામાં એવી છબિ બની હતી કે ભ્રષ્ટાચાર વિરુદ્ધ એક હીરો અન્ના હજારેના વાલીપણામાં પેદા થયો અને તેમની પાસે એક ટીમ છે, જેનામાં લડવા અને વ્યવસ્થા બદલવાની હિંમત છે. જોકે લાંબા સમય સુધી તેમની ઘોષણા એ જ રહી કે તે રાજનીતિમાં નહીં આવે અને કોઈ પક્ષ નહીં બનાવે. રાજધાની દિલ્હીમાં તેમની પૂરી લડાઈ જ તત્કાલીન મુખ્યમંત્રી શીલા દીક્ષિત અને તેમની સરકાર પર ભ્રષ્ટાચારના આરોપો વિરુદ્ધ હતી. આખા દિલ્હીમાં તેમણે ધરણાં, પ્રદર્શન, સભાઓ કરી અને જનતાના મોટા સમૂહને પોતાની સાથે જોડ્યો, કારણ કે લોકોને મુશ્કેલીઓ હતી અને તેઓ જે વાત કહેતા હતા તે વ્યાવહારિક રૂપે બધાના જીવનમાં લાગુ પડતી હતી. શીલા દીક્ષિત, તેમની સરકાર અને કોંગ્રેસ પાર્ટી માટે ત્યારે કેજરીવાલ અને તેમના સાથીઓનો જવાબ આપવો મુશ્કેલ થતું હતું. ભ્રષ્ટાચાર વિરુદ્ધ ઊભા થનારા નેતા જ જો આવા શરમજનક ભ્રષ્ટાચારના આરોપમાં ઝડપાય તો એનાથી મોટી વક્રતા બીજી કશી ન હોઈ શકે.

કોઈની ધરપકડ થવી કે એના પર આરોપ લાગવો તેના દોષીત હોવાનું પ્રમાણ નથી. ન્યાયાલય જ તેને દોષીત કે નિર્દોષ ઠેરવે છે, તેથી દેશભરના એવા લોકો જે ભ્રષ્ટાચારના અંતની કામનાથી કોઈપણ ક્ષેત્રમાં કામ કરી રહ્યા હોય, એ બધા માટે અત્યંત દુઃખદ સ્થિતિ છે. બધાની ઈચ્છા હશે કે કેજરીવાલ અને તેમના સાથી ભ્રષ્ટાચારના આરોપમાંથી છૂટી જાય. એવું ન થયું તો ભ્રષ્ટાચાર વિરુદ્ધ કોઈ આંદોલન પર ભારતના લોકો લાંબા સમય સુધી વિશ્વાસ નહીં કરે. દિલ્હી શરાબ કૌભાંડની કાનૂની કાર્યવાહી અત્યાર સુધી જે દિશામાં આગળ વધી છે અને તપાસના આધારે જે પ્રકારની વાતો સામે આવી છે, તેમાં એ માનવું મુશ્કેલ છે કે બધું જ ઈમાનદારી, નૈતિકતા, શુચિતાની કસોટી પર કસીને જ કરવામાં આવ્યું. આમ આદમી પાર્ટી ધરપકડ પાછળ ભાજપ પર રાજકીય બદલાનો આરોપ લગાવે છે. એ અસ્વાભાવિક એટલા માટે નથી, કારણ કે કાર્યવાહી બાદ દેશભરના એવા નેતાઓ, પાર્ટીઓ અને તેમના સમર્થકોની પ્રતિક્રિયા આવી જ હોય છે. અરવિંદ કેજરીવાલની ધરપકડનું રાજકીય પાસું છે. પહેલાં તેમનો જમણો હાથ મનાતા સાથી અને નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયાની ધરપકડ થઈ અને બાદમાં પાર્ટીનો ચહેરો બનેલા રાજ્યસભા સદસ્ય સંજય સિંહ. તેના પહેલાં બીજા કેસમાં પાર્ટીના આર્થિક પ્રબંધન રૂપે જાણીતા સત્યેન્દ્ર જૈનની ધરપકડ થઈ અને કેજરીવાલની ધરપકડના બે દિવસ પહેલાં જ હાઈકોર્ટે તેમને ફરી જેલ મોકલી દીધા. એવામાં દિલ્હી સરકારના સંચાલન અને આમ આદમી પાર્ટીના ભવિષ્ય પર પ્રશ્ન ઊભો થયો છે. ચૂંટણીમાં પાર્ટીના મુખ્ય પ્રચારક જ જો અંદર હોય તો સમર્થકો, ઉમેદવારોની માનસિક સ્થિતિ શી હશે તેનું અનુમાન સહજ રીતે લગાવી શકાય છે. આ રીતે પાર્ટી માટે અત્યાર સુધીનું આ સૌથી મોટું સંકટ છે.


રાજકીય પાસું આ પ્રકરણની આડપેદાશ છે. ધ્યાન રહે કે અરવિંદ કેજરીવાલે ધરપકડથી બચવા માટે અંતે હાઈકોર્ટનું શરણું લીધું. તેમના વકીલોએ દલીલ કરી કે તેઓ વારંવાર સમન પર એટલા માટે હાજર નથી થતા, કારણ કે તેમને પોતાની ધરપકડનો ડર છે. જો ધરપકડ થઈ જાય તો લોકસભા ચૂંટણીમાં તેમની પાર્ટી યોગ્ય રીતે લડી નહીં શકે. ન્યાયાલયે ઈડીના વકીલને પૂછ્યું કે શું તમે ગેરંટી આપશો કે પૂછપરછ સાથે તેમની ધરપકડ નહીં કરવામાં આવે? ઈડીના વકીલે જવાબ આપ્યો કે નહીં, અમે તેમની ધરપકડ કરીશું. ત્યારે ન્યાયાધીશે તેમને તમામ દસ્તાવેજો રજૂ કરવાનું કહ્યું અને બધું જોયા બાદ ધરપકડ પર રોક લગાવવાનો ઈનકાર કરી દીધો. ન્યાયાલયના આ વ્યવહાર બાદ ખરું કહીએ તો અલગથી કશું કહેવાનું રહેતું જ નથી.જોકે એનાથી પણ એ નક્કી નથી થતું કે કેસનો અંતિમ ફેંસલો શો હશે. તેમ છતાં તેનો એ અર્થ તો છે જ કે ન્યાયાલયને પહેલી દૃષ્ટિમાં સંડોવણી દેખાઈ છે. કેજરીવાલને ઈડીએ પૂછપરછ માટે ૨ નવેમ્બર, ૨૦૨૩ના રોજ પહેલું સમન પાઠવ્યું હતું. ત્યારબાદથી સતત ૯ સમનની તેઓ અવહેલના અને ઉપહાસ કરતા રહ્યા. પહેલા સમનમાં તેમનો પ્રતિપ્રશ્ન હતો કે તમે અમને કયા રૂપે બોલાવ્યા છે, સાક્ષી રૂપે કે આરોપી રૂપે એ જણાવો. આ રીતે દર વખતે તેમણે પ્રશ્ન ઉઠાવ્યા અને હાજર થવાનો ઈનકાર કરી દીધો. આ પ્રકારે એજન્સીની અવહેલના બાદ ન્યાયાલય માટે પણ ધરપકડ પર રોકનો આદેશ કઠિન થઈ જાય છે, કારણ કે તેનાથી એજન્સીનો આરોપ સાબિત થઈ જાય છે કે આરોપી તપાસમાં બિલકુલ સહયોગ નથી કરતો.

જોવામાં આવે તો લગભગ આ જ સ્થિતિ મનીષ સિસોદિયા મામલે થઈ, જેમણે શરૂઆતમાં પૂછપરછ માટે જવાનો ઈનકાર કર્યો હતો. દિલ્હી શરાબ કૌભાંડમાં કેજરીવાલ મળીને અત્યાર સુધી ૧૭ લોકોની ધરપકડ થઈ છે. તેના પહેલાં સૌથી અંતિમ અને મોટી ધરપકડ તેલંગણાના પૂર્વ મુખ્યમંત્રી કે.ચંદ્રશેખર રાવની પુત્રી કવિતાની હતી. આપના સોશ્યલ મીડિયા પ્રભારી વિજય નાયર, દક્ષિણ ભારતના શરાબ કારોબારીઓ માટે કામ કરનારા અભિષેક બોઈનપલ્લી, શરાબ કારોબારી સમીર મહેન્દ્રુ, તત્કાલીન આબકારી કમિશ્નર અરવા ગોપી કૃષ્ણ, નાયબ કમિશ્નર આનંદ તિવારી, સહાયક કમિશ્નર પંકજ ભટનાગર, રાજ્યસભા સાંસદ સંજય સિંહ વગેરે સામેલ છે. આટલા લોકોની ધરપકડ બાદ ઈડીએ કેજરીવાલની ધરપકડ કરી છે. જેવું આપણે જાણીએ છીએ કે ઈડી પોતાની મેળે કોઈ કેસ નથી નોંધતી. સીબીઆઈ, પોલીસ કે અન્ય એજન્સી જ્યારે કેસ નોંધે છે અને તેમાં ગેરકાયદે લેણદેણનું પાસું આવે છે, ત્યારે જ ઈડી તેમાં પ્રવેશ કરે છે, કારણ કે ધનશોધન અધિનિયમ ત્યારે જ લાગુ થાય છે, જ્યારે ભ્રષ્ટાચારમાં ગેરકાયદે રોકડ લેવડદેવડનું પાસું હોય. આ રીતે સીબીઆઈ અને ઈડી બંનેની તપાસ અને કાનૂની કાર્યવાહી સમાંતર ચાલી રહી છે. બંને ન્યાયાલયમાં આરોપપત્ર અને પૂરક આરોપપત્ર દાખલ કર્યા છે. મનીષ સિસોદિયાના અંગત સહાયક દિનેશ અરોડા સરકારી સાક્ષી બની ચૂક્યા છે. આ રીતે પહેલી દૃષ્ટિએ જોવાથી મામલો અત્યંત સશક્ત દેખાય છે. તેમ છતાં એ ભારતીય રાજનીતિની વિટંબણા જ છે કે એક સમયે ભ્રષ્ટાચાર વિરુદ્ધ ઊભા થયેલા હીરોની આજે આવા શરમજનક ભ્રષ્ટાચારના આરોપમાં ધરપકડ થઈ છે.

# "સોમવારે ખગ્રાસ સૂર્યગ્રહણનો અદ્‌ભુત અવકાશી નજારો"

## તા. ૮ મી સોમવારે વિશ્વમાં રોમાંચકારી અવકાશી ખગોળીય ઘટના : ભારતમાં દેખાશે નહિ





(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.૨

દુનિયાના દેશો અને અમુક પ્રદેશોમાં સોમવાર તા. ૮ મી એપ્રિલે અમુક દેશો-પ્રદેશોમાં ખગ્રાસ અને ખંડગ્રાસ ગ્રહણનો અદભુત અવકાશી નજારો જોવા મળવાનો છે. આ ગ્રહણની અવધિ ૫ કલાક ને ૧૦ મિનિટની છે જે ઉત્તર-મધ્ય અમેરિકા, મેક્સિકો, પૂર્વ કેનેડામાં અદભુત દેખાવાનું છે. વૈજ્ઞાનિકોએ સંશોધનો માટે પોતાના સ્થળની પસંદગી કરી લીધી છે. સૂર્યગ્રહણ નરી આંખે જોવું અતિ જોખમી છે. ભારતમાં આ ગ્રહણ જોવા મળશે નહિ ત્યારે રાજયમાં ભારત જન વિજ્ઞાન જાથા ગ્રહણ સંબંધી વૈજ્ઞાનિક સમજ આપશે. સંવત ૨૦૮૦ ફાગણ કૃષ્ણ પક્ષને અમાસ તા. ૮ એપ્રિલ, ૨૦૨૪, સોમવાર મીન રાશિ રેવતી નક્ષત્રમાં થનારૂં ખગ્રાસ અને ખંડગ્રાસ સૂર્યગ્રહણ ભારતમાં દેખાવાનું નથી. જયારે સૂર્યગ્રહણ ઉત્તર-મધ્ય અમેરિકા, પૂર્વ કેનેડામાં અલૌકિક જોવા મળવાનું છે. આ ઉપરાંત ગ્રહણ, ઉત્તર-દક્ષિણ પેસિફિક મહાસાગર, લેબ્રેડર સમુદ્ર, ગ્રીનલેન્ડ સમુદ્ર, આઈસલેન્ડ સમુદ્ર, નોર્વેજીત સમુદ્ર, કેનરીઅસ સમુદ્ર વગેરે વિસ્તારોમાં જોવા મળવાનું છે. ભૂમંડલે ભારતીય સમય મુજબ ગ્રહણ સ્પર્શ : ૨૧ કલાક ૧૨ મિનિટ ૧૦ સેકન્ડ, ગ્રહણ સંમીલન : ૨૨ કલાક ૦૮ મિનિટ ૪૭ સેકન્ડ, ગ્રહણ મધ્ય : ૨૩ કલાક ૪૭ મિનિટ ૧૬ સેકન્ડ, ગ્રહણ ઉન્મીલન : ૨૫ કલાક ૨૫ મિનિટ ૩૨ સેકન્ડ, ગ્રહણ મોક્ષ : ૨૬ કલાક ૨૨ મિનિટ ૧૪ સેકન્ડ, આ ગ્રહણનું ગ્રાસમાનઃ ૧.૦૫૭ રહેશે. ગ્રહણની અવધિ ૦૫ કલાક ૧૦ મિનિટની છે. ખગ્રાસ ગ્રહણ ૦૪ મિનિટ ૨૮ સેકન્ડ સ્થિરતા રહેશે. જાથાના રાજય ચેરમેન - એડવોકેટ જયંત પંડયાએ જણાવ્યું કે આ ગ્રહણ પૃથ્વી ઉપર ૦૫ કલાક ૧૦ મિનિટ જોવા મળવાનું છે તેમાં પૂર્વ કેનેડામાં ૦૪ મિનિટ ૨૮ સેકન્ડ સુધી ખગ્રાસ અવસ્થા અતિ દુર્લભ જોવા મળવાનું છે. માનવી માટે જીજ્ઞાસા સાથે સંશોધનનો શ્રેષ્ઠ સમય છે ત્યારે પશુ-પંખી માટે વિચલિત થઈ જાય તેવી અવસ્થા સાબિત થશે. તેમને એકાએક અંધકાર, પ્રકાશનું ગાયબ થઈ જવું કુતુહુલ સાબિત થવાનું છે. ભારતમાં ખગ્રાસ કે ખંડગ્રાસ સૂર્યગ્રહણ જોવા મળવાનું નથી. વિશ્વના અમુક દેશ-પ્રદેશોમાં આશરે ૦૫ કલાક ૧૦ મિનિટ સુધી ગ્રહણનો અવકાશી નજારો આબેહુબ જોવા મળવાનો છે. આ ગ્રહણ અદભુત-અલૌકિક છે. જીંદગીનો યાદગાર પ્રસંગ છે. માનવ જાતે વિજ્ઞાન ઉપકરણથી જોવાલાયક નજારો છે. વિશ્વના વૈજ્ઞાનિકોએ પોતાની જગ્યા નિયત કરી વ્યવસ્થા આરંભી દીધી છે. વિશ્વના વૈજ્ઞાનિકો અદ્યતન સાધનોથી લોકકલ્યણકારી સંશોધનો કરશે. ગ્રહણની અસરો, પશુ-પંખી-પક્ષી અને તેની ગતિવિધિ સાથે સાર્વત્રિક અભ્યાસ કરશે. વિશ્વ આખું તા. ૮ મી એપ્રિલે ટી.વી. માં ગ્રહણ સંબંધી વિસ્તૃત માહિતી આપશે. ઘર બેઠા નજરે ગ્રહણ જોઈ શકાય છે. ચંદ્ર-સૂર્યગ્રહણનો માત્ર ને માત્ર અવકાશી ખગોળીય ઘટના ભૂમિતિની રમત, પરિભ્રમણના કારણે ઘટના બને છે. લાખો-કરોડો માઈલ દૂર અવકાશી ઘટના બને છે તો પણ વૈજ્ઞાનિકો માનવ જાતની સુખાકારી માટે સંશોધનો કરે છે. જયારે ભારતમાં સદીઓથી અમુક લેભાગુઓ એકપણ વિજ્ઞાન ઉપકરણ વગર, કપોળ કલ્પિત ચોપડીના આધારે ફળકથનો કરી લોકોને ઊંધા-અવળે માર્ગે વાળે છે. ભૌગોલિક, રાજકીય, સામાજિક, રાશિ ફળકથનો, ક્રિયાકાંડો વગેરે જાતજાતના તૂત લોકોના માથા ઉપર મુકે છે. લોકોને માનસિક પછાત રાખવાનું ષડયંત્ર કહી શકાય. ભારતમાં મોટાભાગના લેભાગુઓને ખગોળનું જ્ઞાન જ નથી. વર્ષો જુની ચોપડીમાંથી જોઈ ફળકથનો કરે છે. જાથાએ કહેવાતા મોટા માથાના લેભાગુઓને ખુલ્લા મેદાનમાં લઈ જઈ આકાશમાં રાશિ, નક્ષત્ર, ગ્રહણો બતાવવા કહ્યું તેમાંથી એક પણ ગ્રહ-રાશી નામ સહિત બતાવી શકયા ન હતા. માત્ર લોકોને ઉલ્લું બનાવવમાં બેહદ હોંશિયાર સાબિત થયા હતા. પોતાના ફળકથનના ધંધામાં ગ્રહોના મંત્ર-જાપ, નિવારણ હોમ, કર્મકાંડ કરાવવામાં પાવરધા સાબિત થયા હતા. લેભાગુઓએ જાથાને કહ્યું કે માનવજાતને ગ્રહો નડતા જ નથી તેવું કહેવામાં આવે તો રોજગારી કયાંથી મેળવવી ? ભય-ડર બતાવો તો જ ગ્રહ નિવારણ કરવામાં આવે છે. તેથી જાત-જાતના વિધિ-વિધાન બતાવવામાં આવે છે તેવી નિખાલસતા બતાવી હતી. ચંદ્ર-સૂર્યગ્રહણનો માનવજાતને નડતા જ નથી તેવું વિજ્ઞાને સાબિત કરી આપ્યું છે છતાં ભારતમાં લેભાગુઓનો ધંધો આજે પણ પૂરબહાર ચાલે છે તેનું જાથાને દુઃખ છે. જાથના જયંત પંડયા વધુમાં જણાવે છે કે ભારતભરમાં ગ્રહણ સમયે વૈજ્ઞાનિક સમજ સાથે ચા-નાસ્તાનું આયોજન કરવામાં આવ્યું છે. સદીઓ જુની માન્યતાનું ખંડન સ્થળ ઉપર કરવામાં આવશે. લેભાગુઓના ફળકથનોની હોળી કરવામાં આવશે. લોકોમાં માનસિક ભય-ડર દૂર કરવાના પ્રયત્નો કરવામાં આવશે. પૃથ્વી ઉપર હજારો ચંદ્ર-સૂર્યગ્રહણો પસાર થઈ ગયા છે. માત્ર ખગોળીય ઘટના છે તેવું વિજ્ઞાનની મદદથી સાબિત કરવામાં આવશે. ભારતમાં સદીઓથી ગ્રહણ સમયે દાયકાઓ જુની રદ્દી દંતકથાઓ, માન્યતાઓ, પરંપરાઓનો આધાર મુકી માત્ર ને માત્ર ગુમરાહ કરવાનું કામ કરે છે. માનવીની કર્મકાંડ-ક્રિયાકાંડો, વૈધાદિ નિયમો સુતક-બુતક ઠોકી, શારીરિક-માનસિક, આર્થિક શોષણનું વિરોધ કરે છે. સદીઓથી લેભાગુઓ અને કર્મકાંડીઓના મિલાપીપણાના કારણે દેશમાં કામ લેભાગુઓએ ઉભું કર્યુ છે. તેનાથી સાવધાન રહેવા જાથા ગામે ગામ જાગૃતિ અભિયાન ચલાવે છે. વિજ્ઞાને સાબિત કરી આપ્યું છે કે ગ્રહો કે ગ્રહણો માનવજીવનને અસરકર્તા નથી કે જીવન પદ્ધતિ ઉપર કશી જ અસર કોઈપણ પ્રકારે થતી નથી છતાં ભારતમાં ગ્રહણ સમયે દાન-પુણ્ય, જપ-તપ, સ્નાન કરવું, રાશિ ફળકથનો અને દોષ નિવારણના નામે લેભાગુઓ છેતરપિંડીનું કામ કરે છે તેનો જાથા સદૈવ ગુમરાહ-ભ્રામકતા ફેલાવવાનું કામ જોવા મળે છે. લેભાગુઓ પોતાની આજીવિકા-રોટલા માટે યેનકેન માનવીનું શોષણ કરે છે તેની સામે જાથા જાગૃતિ કાર્યક્રમો આપી નકારાત્મક, અવૈજ્ઞાનિક ફળકથનો, આગાહીઓની હોળી કરે છે. જેથી જાથાએ સમગ્ર દેશમાં જાગૃતિ અભિયાન હાથ ધર્યું છે. વિશેષમાં એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે પૃથ્વી ઉપર દર મિનિટે સારી-ખરાબ, શુભ-અશુભ, લાભ-નુકશાન, હોની-અનહોની ઘટના ભૌગોલિક પરિસ્થિતિ, પ્રાકૃતિક - કુદરતી, નિયમો અનુસાર બને જ છે તેને કોઈ અટકાવી શકતું નથી કે રોકી શકતું નથી. તેને જપ-તપ, અનુષ્ઠાન, પૂજાવિધિ કે અન્ય કોઈપણ પ્રકારના ક્રિયાકાંડોના ગતકડા, આશિર્વાદ કે કૃપાદ્રષ્ટિ સાથે કશી જ લેવા-દેવા નથી. લેભાગુઓ સદીઓથી નિરાધાર વાતો મુકી અમંગળ ઘટના બતાવી લોકોને મુર્ખ બનાવે છે. હોમ-હવન, જપ-તપ, અનુષ્ઠાન વિગેરેને અનુસરવું તે માનસિક અધઃપતન સાથે સમયની બરબાદી જ છે. ગ્રહણની લેભાગુઓ દર્શાવે છે તેવી કોઈપણ ભૌગોલિક અસરો જોવા મળતી નથી. તેની પાસે એક પણ વૈજ્ઞાનિક ઉપકરણ નથી. હંબક વાતો કરે છે. લોકોને ઉઠા ભણાવે છે. મંદિર-દેવસ્થાના બંધ રાખવા, ગોળાનું પાણી ફેંકી દેવું, રાંધેલું અનાજ, પથારીનો ત્યાગ કરવો વિગેરે વર્ષો પૂર્વે બોગસ કહાની- કથનો છે. તેને ગ્રહણ સાથે કશી જ લેવા-દેવા નથી. માનવીએ ચંદ્ર-મંગળ ઉપર પગ મુકી દીધો છે છતાં પણ ભારતમાં માનસિક નબળા લોકો ચંદ્ર-મંગળની વીંટીઓ, હાથના આંગળામાં પહેરી છિન્ન મનોવૃતિના દર્શન કરાવી તેના મંત્ર-જાપ કરી નંગની વીંટી પહેરી મુખાર્મીનું પ્રદર્શન કરે છે. રાજયમાં જાથાના કાર્યક્રમો જિલ્લા મથકો રાજકોટ, અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, પાલનપુર, છોટા ઉદેપુર, ડાંગ આહવા, ગોધરા, વાપી, વલસાડ, નવસારી, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ, નડિયાદ, હિંમતનગર, માણસા, રાજપીપળા, સુરેન્દ્રનગર, મોરબી, કચ્છ-ભુજ, જામનગર, દેવભૂમિ દ્વારકા, પોરબંદર, ગિર સોમનાથ, ભાવનગર, જુનાગઢ, અમરેલી, બોટાદ, તાપી વ્યારા, મહીસાગર લુણાવાડ, ડીસા, ગાંધીધામ, અંજાર, ધોરાજી, ઉપલેટા, કેશોદ, મહુવા, કુંકાવાવ, બાબરા, લીંબડી સહિત અનેક તાલુકા મથકે અયોજનની તૈયારી ચાલી રહી છે. જાથાના બિલડીના ખીમજીભાઈ બારોટ, દેવળાના બાબુભાઈ જાગાણી, અંકલેશ ગોહિલ, દિનેશ હુંબલ, વિનોદ વામજા, રાજુભાઈ યાદવ, જીવણભાઈ મયાત્રા, હસમુખ ગાંધી, અરવિંદ પટેલ, વિનુભાઈ લોદરીયા, હુસેનભાઈ ખલીફા, પ્રમોદ પંડયા, નિર્ભય જોષી, કિશોરગીરી ગોસાઈ, ભાનુબેન ગોહિલ, ભક્તિબેન રાજગોર, ભાવનાબેન વાઘેલા અનેક કાર્યકરો કાર્યક્રમનું સંકલન કરી રહ્યા છે. અંતમાં રાજ્યમાં જાથાની શાખાઓમાં ગ્રહણની વૈજ્ઞાનિક સમજના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. મર્યાદીત સંખ્યામાં હોય આમંત્રિતો માટે જ રાખવામાં આવ્યું છે. વિશેષ જાણકારી માટે મો. ૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

ઈમાનદારી એ સર્વશ્રેષ્ઠ નીતિ છે.

- સર્વેન્ટિસ

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.આવા-૧૩૯૩, મુ. રમજાન-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, ફાગણ વદ-૯, તા.૩ એપ્રિલ ૨૦૨૪, બુધવાર, પારસી તા.૨૨, મુસ્લિમ તા.૨૩, ઉત્તરાષાઢા નક્ષત્ર, શિવ યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૬:૪૩, સૂ.અ.૭:૦૬

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ જ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષઃ આર્થિક સમસ્યાનો ઉકેલ મળે. કોર્ટ-કચેરીના કાર્યમાં સફળતા મળે.
વૃષભઃગૃહસ્થજીવનમાં મતભેદ થાય. મનમાં મૂંઝવણ રહે.
મિથુનઃમહત્વના કાર્યમાં રૂકાવટ આવે. ક્રોધ પર કાબુ રાખવો.
કર્કઃ મનની મુરાદ પૂરી થાય. નવિન લાભની તક સાંપડે.
સિંહઃ હાથમાં આવેલી તક સરી જાય. જીવનસાથીના આરોગ્ય અંગે ચિંતા.
કન્યાઃ મનમાં ખિન્નતા રહે. ગુપ્ત ચિંતા રહે.
તુલાઃ આર્થિક સમસ્યા તીવ્ર બને. સ્વમાન ઘવાય તેવો પ્રસંગ બને.
વૃશ્ચિકઃઆર્થિક સમસ્યાનો સામનો કરવો પડે. બેચેની અનુભવાય.
ધનઃ આરોગ્ય અંગે સાવધાની જરૂરી બને. ગૃહવિવાદના ભોગ બનવું પડે.
મકરઃ યશ, માન, પ્રતિષ્ઠામાં વધારો થાય. કાર્યબોજ હળવો બને.
કુંભઃ વાણી સંયમ જાળવવો હિતાવહ. અણધારી લાભની તક સરી જાય.
મીનઃ પ્રવાસ-મુસાફરીમાં લાભ થાય. આકસ્મીક ધનલાભ થાય.

### અનંત અંબાણીના પ્રી- વેડિંગમાં થઈ ડીલ

# માર્ક ઝુકરબર્ગ રિલાયન્સના કેમ્પસમાં ખોલશે ભારતમાં પહેલું Metaડેટા સેન્ટર

## ઝુકરબર્ગની આગેવાની હેઠળ ફેસબુકની પેરેન્ટ કંપની મેટા ભારતમાં તેનું પહેલું ડેટા સેન્ટર ચેન્નાઈના રિલાયન્સ કેમ્પસમાં ખોલી શકે છે

જામનગર,તા.૩

તાજેતરમાં ગુજરાતનું જામનગર સમગ્ર વિશ્વમાં ચર્ચાઈ રહ્યું હતું.

એશિયાના સૌથી ધનાઢ્ય વ્યક્તિ મુકેશ અંબાણીના નાના પુત્ર અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના પ્રી-વેડિંગ ઈવેન્ટમાં હાજરી આપવા માટે ભારત અને વિદેશની જાણીતી હસ્તીઓ એકત્ર થઈ હતી. જેમાં બિલ ગેટ્સથી લઈને માર્ક ઝુકરબર્ગ સુધીના દરેકનો સમાવેશ થતો હતો. અહીંની મીટિંગ પછી હવે એક રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ઝુકરબર્ગની આગેવાની હેઠળ ફેસબુકની પેરેન્ટ કંપની મેટા ભારતમાં તેનું પહેલું ડેટા સેન્ટર ચેન્નાઈના રિલાયન્સ કેમ્પસમાં ખોલી શકે છે.

રિપોર્ટ અનુસાર, **Facebook, Instagram** અને **WhatsApp**ની પેરેન્ટ કંપની માર્ક ઝકરબર્ગની મેટા, ચેન્નાઈ, તમિલનાડુમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ ખાતે ભારતમાં તેનું પ્રથમ ડેટા સેન્ટર સ્થાપી રહી છે. કેમ્પસમાં ઈન્સ્ટોલ કરી શકાય છે. આ નિર્ણય બંને કંપનીઓ વચ્ચે ચર્ચા બાદ લેવામાં આવ્યો છે અને આ પગલું મેટા માટે ભારતીય બજારના મહત્વને દર્શાવે છે. રિપોર્ટમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે ચેન્નાઈમાં ડેટા સેન્ટર સ્થાપવાનો નિર્ણય તાજેતરના એક કાર્યક્રમમાં યોજાયેલી ચર્ચા બાદ લેવામાં આવ્યો છે.રિલાયન્સનું ચેન્નાઈ કેમ્પસ બ્રુકફિલ્ડ એસેટ મેનેજમેન્ટ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને ડિજિટલ રિયલ્ટીનું સંયુક્ત કેમ્પસ છે. જે ૧૦ એકરમાં ફેલાયેલું છે અને ૧૦૦-**MW IT** લોડ ક્ષમતાને ટેકો આપવા માટે રચાયેલ છે.

જામનગરમાં ૧ થી ૩ માર્ચ દરમિયાન અનંત અંબાણી-રાધિકા મર્ચન્ટની પ્રી-વેડિંગ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું અને તેમાં હાજરી આપવા માટે માર્ક ઝુકરબર્ગ તેમની પત્ની સાથે પહોંચ્યા હતા. અહીં ઝુકરબર્ગ સંપૂર્ણપણે ભારતીય રંગના પોશાક પહેરેલા જોવા મળ્યા હતા અને તેમણે તેમના રોકાણ દરમિયાન અંબાણીના વંતરાની મુલાકાત પણ લીધી હતી.

જોકે મેટાના રોકાણ અંગે કોઈ માહિતી શેર કરવામાં આવી નથી, માર્ચની શરૂઆતમાં એક અહેવાલ અનુસાર, કંપની એક નાનું ડેટા સેન્ટર સ્થાપવાનું મૂલ્યાંકન કરી રહી છે. જે ૧૦-૨૦ મેગાવોટનું હોઈ શકે છે. એવો અંદાજ હતો કે મેટા ભારતમાં આ ક્ષમતાનું તેનું પ્રથમ ડેટા સેન્ટર સ્થાપવા માટે રૂ. ૫૦૦ થી રૂ. ૧,૨૦૦ કરોડનું રોકાણ કરી શકે છે.

ભારતમાં મેટાનો યુઝર બેઝ તેના યુએસ યુઝર બેઝ કરતા નોંધપાત્ર રીતે મોટો છે અને કંપનીએ તેના છેલ્લા ત્રિમાસિક કમાણી કોલ દરમિયાન ભારતમાંથી જાહેરાતની આવકમાં નોંધપાત્ર વૃદ્ધિ નોંધાવી છે. નોંધનીય છે કે ફેસબુકના માર્ક ઝુકરબર્ગ વિશ્વના ટોપ-૧૦ અબજોપતિઓની યાદીમાં સામેલ છે. બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર, તેઓ $૧૭૫ બિલિયનની નેટવર્થ સાથે વિશ્વના ચોથા સૌથી ધનિક વ્યક્તિ છે.

### પુરૂષોત્તમ રૂપાલાની ટિકિટ રદ કરવાની માંગના સૂત્રોચાર સાથે રેલી કાઢી

# રાજપુત સમાજ દ્વારા કોડીનાર મામલતદારને આવેદનપત્ર અપાયું



(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર, તા.૩

રાજકોટમાં પુરૂષોત્તમ રૂપાલા દ્વારા ક્ષત્રિય રાજપૂતને લઈ જે ટિપ્પણી કરવામાં આવી હતી તેના પડઘા હવે ગીરમાં પણ પડ્યા છે. ગીર સોમનાથના કોડીનારમાં રાજપૂત અને અન્ય સમાજ દ્વારા આવેદનપત્ર પાઠવી રૂપાલાની ટીકીટ પરત લેવાની માંગ કરવામાં આવી છે.

પુરૂષોત્તમ રૂપાલા દ્વારા રાજકોટમાં અપાયેલા નિવેદનને લઈ તે બેથી વધુ વખત માફીમાંગી ચૂક્યા છે, પરંતુ રાજપૂત સમાજ તેને માફ ન કર્યા અને હવે વધુ ઉગ્ર રીતે રૂપાલાની ટીકીટ પરત ખેંચવા માંગ કરવામાં આવી રહીં છે ત્યારે ગીર સોમનાથના કોડીનારમાં પણ ક્ષત્રિય રાજપૂત સમાજ અને અન્ય સમાજના નેતાઓ દ્વારા વિરોધ નોંધાવવામાં આવ્યો છે. જેમાં કોડીનાર મામલદાર કચેરી ખાતે ગઈકાલે આવેદન પત્ર પાઠવી રૂપાલાની ટીકીટ પરત લેવા માંગ કરવામાં આવી છે, સાથે જ ચીમકી ઉચ્ચારવામાં આવી છે કે જો પાર્ટી માંગ નહિ સંતોષે તો તેના માઠા પરિણામ આવશે.

સમગ્ર ગુજરાત નહિ દેશભરમાં આગામી ૧૦ દિવસનો સમય આપવામાં આવ્યો છે જો માંગ નહિ સંતોષાય તો ગામડાઓ અને શહેર બંધ કરી આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

# સુપ્રીમ કોર્ટે બંધારણના રક્ષક અને ન્યાયના અંતિમ મધ્યસ્થી તરીકે કામ કરવું પડશે : જસ્ટિસ ગવઈ

## કોલંબિયા લો સ્કૂલમાં સુપ્રીમ કોર્ટના આ ન્યાયાધીશ 'પરિવર્તનશીલ બંધારણવાદના ૭૫ વર્ષ' ઉપર વ્યાખ્યાન આપી રહ્યા હતા



નવી દિલ્હી તા.૩

જસ્ટિસ ગવઈએ કહ્યું છે કે, બંધારણ એ ભારતમાં શાસન માળખાના સંસ્થાનવાદમાંથી લોકશાહીમાં પરિવર્તનનો પુરાવો છે. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ જસ્ટિસ બી.આર. ગવઈએ ભારતીય બંધારણના પરિવર્તનકારી મૂલ્ય ઉપર ભાર મૂકતા જણાવ્યું હતું કે, સામાજિક ધોરણોના બદલાવ વચ્ચે કાયદો સુસંગત રહે તેની ખાતરી કરવાની કોર્ટની ફરજ છે. જ્યારે બહુવિધ અર્થઘટનોનો સામનો કરવો પડે છે, ત્યારે અદાલત બંધારણીય મૂલ્યોને શ્રેષ્ઠ રીતે આગળ વધારનારને પસંદ કરે છે. આ પરિવર્તનકારી નીતિના કેન્દ્રમાં સર્વોચ્ચ અદાલતની ભૂમિકા છે, જેણે બંધારણના રક્ષક અને ન્યાયના અંતિમ મધ્યસ્થી તરીકે કામ કરવું પડશે. જસ્ટિસ ગવઈએ ૨૬ માર્ચે કોલંબિયા લો સ્કૂલમાં સંબોધનમાં જણાવ્યું કે, પરિવર્તનકારી બંધારણવાદના ૭૫ વર્ષમાં બંધારણ કેવી રીતે પરિવર્તનકારી ઉદ્દેશ્યને પ્રતિબિંબિત કરે છે, તેના કેટલાક કાયદાઓ દ્વારા આને જાળવી રાખવાની વિધાનસભાની પ્રતિબદ્ધતા અને કેવી રીતે SC આ હસ્તક્ષેપો દ્વારા પરિવર્તનકારી બંધારણવાદના સિદ્ધાંતોને સમર્થન આપે છે. તેમણે કહ્યું કે, બંધારણનું પરિવર્તનકારી મૂલ્ય ન તો સંસ્થાનવાદી જુલમને સમાપ્ત કરવા સુધી મર્યાદિત છે અને ન તો તે ચોક્કસ સામાજિક-આર્થિક ઉદ્દેશ્યો સાથે સમાપ્ત થાય છે. તે એક શાશ્વત આદર્શ છે, એક એવી માનસિકતા જે એક એવા વાતાવરણને ઉત્તેજન આપે છે, જ્યાં સંવાદ અને ચર્ચા છે, અસ્તિત્વની નવી રીતો સતત શોધાય છે અને બનાવટીને પડકારવામાં આવે છે. બંધારણ સમાનતા, સ્વતંત્રતા અને બંધુત્વના આદર્શો ઉપર આધારિત છે, જે સામાજિક લોકશાહીના આદર્શોને વધુ મજબૂત બનાવે છે અને સમાજને પરિવર્તિત કરે છે. તેમણે કહ્યું કે, તેના ઘડવૈયાઓએ સમાનતાની જોગવાઈઓને સૌથી વધુ મહત્ત્વ આપ્યું હતું. રાજયની નીતિ માટેના નિર્દેશક સિદ્ધાંતો તરીકે બંધારણના ભાગ IVમાં સમાવિષ્ટ સામાજિક અને આર્થિક અધિકારોની માન્યતામાં બંધારણની પરિવર્તનક્ષમ સંભાવના વધુ અગ્રણી છે. તેમણે બંધારણના પરિવર્તનકારી ઉદ્દેશ્યને જાળવી રાખવાના કાયદાકીય ઉદ્દેશ્યના પુરાવા તરીકે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમ, ૧૯૮૯, મેન્યુઅલ સ્કેવેન્જર્સ તરીકે રોજગાર પર પ્રતિબંધ અને તેમના પુનર્વસન અધિનિયમ, ૨૦૧૩, ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ (અધિકારોનું રક્ષણ) અધિનિયમ, ૨૦૧૯, મજૂર (પ્રતિબંધ અને નિયમન) અધિનિયમ, ૧૯૮૬, બાળ લગ્ન પ્રતિબંધનો કાયદો ૨૦૦૬, બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર, ૨૦૦૯, વિકલાંગ વ્યક્તિઓના અધિકારો અધિનિયમ, ૨૦૧૬, અનુસૂચિત જનજાતિ અને અન્ય પરંપરાગત વનવાસીઓ (વન અધિકારોની માન્યતા) અધિનિયમ, ૨૦૦૬ જેવા કાયદાઓનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, શૈક્ષણિક એક્સેસ અને ઈક્વિટીમાં સર્વોચ્ચ અદાલતના હસ્તક્ષેપથી વૈશ્વિક શિક્ષણ માટેની ભારતની શોધની દૂરગામી અસરો છે. બંધારણ ભારતમાં શાસન માળખાના સંસ્થાનવાદમાંથી લોકશાહીમાં પરિવર્તનનો પુરાવો છે. તેમણે કહ્યું હતું કે જ્યારે લોકશાહીને લોકો દ્વારા હંમેશા સુરક્ષિત અને જાળવી રાખવાની જરૂર છે, ત્યારે અદાલતો બંધારણની સર્વોચ્ચતાને વધુ મજબૂત બનાવવામાં અને બંધારણના સિદ્ધાંતોના સ્પર્શ ઉપર કાયદાકીય અને કારોબારીની કાર્યવાહીની માન્યતા નક્કી કરવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે. લોકશાહી અને ન્યાયિક સમીક્ષાના સિદ્ધાંતો એકબીજા સાથે જોડાયેલા અને પૂરક છે. આ બંધારણની મૂળભૂત રચનાનો મુખ્ય ભાગ છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, સુપ્રીમ કોર્ટે બંધારણના સિદ્ધાંતો અને લોકશાહીની સફળતા માટે કાયદાઓ સાથે ચૂંટણી પ્રક્રિયાના પાલનની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો અને તેમ કરવાથી, તેણે ચૂંટણી પ્રક્રિયામાં મતદારોના મુક્ત અને ન્યાયી ભાગીદારી ઉપર ભાર મૂક્યો છે. ચૂંટણી બોન્ડ કેસમાં SC બંધારણીય બેંચના તાજેતરના ચુકાદાનો ઉલ્લેખ કરતા, જસ્ટિસ ગવઈએ કહ્યું કે રાજકીય પક્ષોને નાણાકીય યોગદાનની માહિતીની ગોપનીયતાના આધારે મતદારને બોન્ડ્સ ઉપરની માહિતીની જાહેરાતને પ્રતિબંધિત કરી શકાતી નથી. ન્યાયાધીશ બી આર ગવઈએ CJI DY ચંદ્રચુડને ખરાબ રીતે દર્શાવતી કથિત રૂપે છેડછાડ કરેલી કોર્ટની કાર્યવાહીની ક્લિપના મુદ્દાની પણ વાત કરી હતી. ન્યૂ યોર્ક સિટી બાર એસોસિએશન દ્વારા યોજાયેલી ચર્ચામાં હાજરી આપતાં, તેમણે કહ્યું કે ચુકાદાઓની વાજબી ટીકા યોગ્ય છે પરંતુ ડોકટરેડ ક્લિપ્સ દ્વારા ન્યાયાધીશોની બિનજરૂરી ટીકા કરવામાં આવી હતી. એક ખોટી ક્લિપ એવી ખોટી ધારણા ઊભી કરવા માટે ફેલાવવામાં આવી હતી કે તેઓ સુનાવણી દરમ્યાન કોર્ટમાંથી બહાર નીકળી ગયા હતા. તેમણે યાદ કર્યું કે જ્યારે તેમની ૨૦૦૩માં બોમ્બે હાઈકોર્ટમાં જજ તરીકે નિમણૂક કરવામાં આવી ત્યારે તેઓ અગ્રણી વકીલ હતા અને હાઈકોર્ટમાં દલિત/અનુસૂચિત જાતિ સમુદાયમાંથી કોઈ જજ ન હતા. તે HC ન્યાયાધીશ તરીકે મારી નિમણૂકમાં એક પરિબળ હોઈ શકે છે. ૨૦૧૯માં SCમાં તેમની નિમણૂક માત્ર જીઝને પ્રતિનિધિત્વ આપવાના કારણે કરવામાં આવી હતી. જો એસસીને પ્રતિનિધિત્વ આપવા માટે ન હોત, તો હું કદાચ બે વર્ષ પછી સુપ્રીમ કોર્ટમાં આવ્યો હોત.

# કોંગ્રેસને રૂા.૧૭૪૫ કરોડથી વધુની નવી IT નોટિસ મળી કુલ ટેક્સની માંગ વધીને રૂા.૩૫૬૭ કરોડ થઈ




નવી દિલ્હી, તા.૩

કોંગ્રેસ માટે મુશ્કેલી વધી રહી છે, પક્ષના સૂત્રોએ જણાવ્યું કે, તેને આવકવેરા વિભાગ તરફથી ૨૦૧૪-૧૫થી ૨૦૧૬-૧૭ના આકારણી વર્ષ માટે રૂા.૧૭૪૫ કરોડના ટેક્સની માંગ કરતી નવી નોટિસો મળી છે. આ તાજેતરની સૂચના સાથે આવકવેરા વિભાગે કોંગ્રેસ પાસેથી કુલ ૩૫૬૭ કરોડ રૂપિયાની માંગણી કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, નવીનતમ ટેક્સ નોટિસ ૨૦૧૪-૧૫ (આશરે રૂા.૬૬૩ કરોડ), ૨૦૧૫-૧૬ (આશરે રૂા.૬૬૪ કરોડ) અને ૨૦૧૬-૧૭ (આશરે રૂા.૪૧૭ કરોડ) સંબંધિત છે. તેમણે જણાવ્યું કે, સત્તાવાળાઓએ રાજકીય પક્ષોને આપવામાં આવેલી કર મુક્તિને સમાપ્ત કરી દીધી છે અને તેના સમગ્ર સંગ્રહ માટે પાર્ટી ઉપર ટેક્સ લાદ્યો છે. સૂત્રોએ જણાવ્યું કે, તપાસ એજન્સીઓ દ્વારા દરોડા દરમ્યાન કોંગ્રેસના કેટલાક નેતાઓ પાસેથી જપ્ત કરવામાં આવેલી ડાયરીઓમાં કરવામાં આવેલી 'તૃતીય પક્ષની એન્ટ્રીઓ' માટે પણ કોંગ્રેસ પર ટેક્સ વસૂલવામાં આવ્યો છે. મુખ્ય વિપક્ષી પાર્ટીએ જણાવ્યું કે, તેને IT વિભાગ તરફથી નોટિસ મળી છે, જેમાં તેને લગભગ રૂા.૧૮૨૩ કરોડ ચૂકવવાનું કહેવામાં આવ્યું છે. ટેક્સ સત્તાવાળાઓએ અગાઉના વર્ષો સંબંધિત કરની માંગણીઓ માટે પાર્ટીના ખાતામાંથી રૂા.૧૩૫ કરોડ ઉપાડી લીધા છે. ૧૩૫ કરોડની ટેક્સ ડિમાન્ડ સામે કોંગ્રેસ કોર્ટમાં ગઈ છે અને આ મામલો સુપ્રીમ કોર્ટમાં આવે તેવી શક્યતા છે. હાઈકોર્ટ ઓફ ઈન્કમટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલ તરફથી આ અંગે કોઈ રાહત મેળવવામાં પક્ષ નિષ્ફળ રહ્યો છે. કોંગ્રેસના નેતાઓએ દલીલ કરી છે કે, અન્ય ડાયરીઓમાં ભાજપના નેતાઓના નામ ધરાવતી સમાન થર્ડ પાર્ટી એન્ટ્રીઓ ઉપર કોઈ ટેક્સ લાદવામાં આવ્યો નથી. તેમણે ભાજપ ઉપર ૨૦૨૪ની લોકસભા ચૂંટણી દરમ્યાન 'કર આતંકવાદ' અને મુખ્ય વિપક્ષી પાર્ટીને આર્થિક રીતે અપંગ બનાવવાનો આરોપ લગાવ્યો છે. કોંગ્રેસનો આરોપ છે કે, આમ કરીને તેઓ ચૂંટણી દરમ્યાન લેવલ પ્લેઈંગ ફિલ્ડ બગાડી રહ્યા છે. તેણે આ અંગે ચૂંટણી પંચને પણ ફરિયાદ કરી છે અને લેવલ પ્લેઈંગ ફિલ્ડ જાળવવા તાકીદ કરી છે.

# રાજયમાં આગામી પાંચ દિવસ ગરમી તોડી શકે છે રેકોર્ડ

રાજકોટ, તા.૩

રાજયમાં ગરમીનો પારો સતત ઉપર ચઢી રહ્યો છે. લોકો રીતસર કાળજાળ ગરમીથી શેકાઈ રહ્યાં છે. જે પ્રમાણેની આગાહીઓ આવી રહી છે એ જોતા તો એવું લાગે છેકે, આ તો હજુ શરૂઆત જ છે. આ તો હજુ ટ્રેલર છે, ગરમીનું પિક્ચર તો હજુ બાકી છે. હવામાન વિભાગની આગાહી મુજબ આગામી પાંચ દિવસ ગુજરાતમાં ગરમી તોડી શકે છે રેકોર્ડ. આગામી પાંચ દિવસ અમદાવાદ સહિત ગુજરાતના કેટલાંક શહેરોમાં ગરમીનો પારો પહોંચી શકે છે ૪૧ ડિગ્રીને પાર. ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોની સરખામણીએ શહેરી વિસ્તારોમાં ગરમીનું પ્રમાણ વધારે જોવા મળી રહ્યું છે. તેનું મુખ્ય કારણ છે, સતત વધી રહેલાં કોંક્રિટના જંગલો. ઝાડ કપાઈ રહ્યાં છે અને બિલ્ડિંગો બની રહી છે. જેને કારણે ગ્લોબલ વિર્મિંગની અસર પણ વર્તાઈ રહી છે. રાજકોટમાં ૪૮ કલાકમાં ૪૪ લોકોમાં હીટવેવની અસર જોવા મળી છે. અમદાવાદમાં બપોરના સમય દરમ્યાન અંગ દઝાડે તેવી કાળઝાળ ગરમી અનુભવાય છે. હવામાન વિભાગની આગાહીને પગલે ઘણા શહેરોમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. કામકાજ વિના લોકોને ઘરની બહાર ન નીકળવા પણ તાકીદ કરવામાં આવી છે. અમદાવાદ, બનાસકાંઠા, આણંદમાં યલો અલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.





નિષ્ણાતોના મતે કાળજાળ ગરમીને કારણે લોકોને ગભરામણ, માથામાં દુઃખાવો, પેટમાં દુઃખાવો, ચક્કર આવવા જેવી સમસ્યાઓ પણ થઈ શકે છે. તેથી તંત્ર દ્વારા લોકોને પાણી સહિતના પ્રવાહી વધારે લેવાની સલાહ આપવામાં આવી છે. લીંબુ પાણી અને છાશ જેવા ઠંડા પીણા કાળજાળ ગરમીમાં શરીરને ઠંડક આપે છે. માર્ચ મહિનો પૂરો થયો છે અને એપ્રિલની શરૂઆત થઈ છે ત્યાં જ રાજયના અનેક શહેરોમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર પહોંચી રહ્યો છે. આગળ શું હાલત થશે તેની સૌ કોઈને ચિંતા સતાવી રહી છે. હાલ કાળઝાળ વરસાવતી ગરમીનો પ્રારંભ થઈ ગયો છે.

### અમદાવાદીઓ માટે ખુશખબર

# ૬ કરોડ રૂા.ના ખર્ચે ૧૦૦ સિગ્નલ ઉપર ઈન્ટેલિજન્ટ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ લગાવવામાં આવશે

## વાહન ચાલકોનો સમય બચશે : પેટ્રોલ પણ બચશે અને ગરમી વચ્ચે કે કોઈ પણ સમયે વધુ સમય વાહનચાલકોએ ઉભા રહેવુ નહી પડે

અમદાવાદ, તા.૩

અમદાવાદીઓને ખુશી મળે તેવા સમાચાર સામે આવ્યા છે. વાત એવી છે કે, ટ્રાફિક સિગ્નલ પર થતો તમારો ટાઈમ વેસ્ટ હવે ઓછો થશે. કારણ કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન એક એવી સિસ્ટમ લાવી રહ્યું છે કે જેનાથી લોકોનો સમય અને સાથે જ પેટ્રોલ પણ બચશે. કોર્પોરેશન ઈન્ટેલિજન્ટ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમ લાવી રહ્યું છે. જે સિસ્ટમની મદદથી લોકોને ટ્રાફિક સિગ્નલ પર વધુ સમય ઉભા રહેવામાંથી મુક્તિ મળશે. અમદાવાદ શહેરમાં અંદાજે ૬ કરોડના ખર્ચે ૧૦૦ સિગ્નલ પર આ સિસ્ટમ લગાવાશે. જેની મદદથી લોકોને ટ્રાફિકની સમસ્યાથી રાહત મળશે. આ સિસ્ટમ કોર્પોરેશન આગામી સમયમાં લાવવા જઈ રહ્યું છે. જેના કારણે લોકોને ટ્રાફિક સિગ્નલ પર વધુ સમય ઉભા રહેવુ નહી પડે. એટલે કે જો ચાર રસ્તા પર એક સિગ્નલ ખુલે જેનો દોઢ મિનિટ સમય હોય અને ત્યાથી ૬૦ સેકન્ડમાં ટ્રાફિક હળવો થઈ જાય, તો તરત ઓટોમેટિક સિગ્નલ બંધ થઈ જશે અને અન્ય સિગ્નલ ખુલી જશે. જેથી સામેના સિગ્નલના ચાલકોને જલ્દી નીકળવા મળશે. એટલે કે વાહન ચાલકોનો સમય બચશે. પેટ્રોલ પણ બચશે અને ગરમી વચ્ચે કે કોઈ પણ સમયે વધુ સમય વાહનચાલકોએ ઉભા રહેવુ નહી પડે. અમદાવાદ શહેરનો વિસ્તાર અને વસ્તી બને સતત વધી રહ્યા છે. જેના કારણે શહેરમાં ટ્રાફિકની સમસ્યા પણ દિવસેને દિવસે જટિલ બનતી જઈ રહી છે. તેવામાં આ સિસ્ટમ લોકોને મદદરૂપ બની રહેશે, કોર્પોરેશનના ઈન્ટેલિજન્ટ ટ્રાફિક મેનેજમેન્ટ સિસ્ટમના અમલ માટે પ્રક્રિયા શરૂ કરી દેવાઈ છે, જેના ભાગ રૂપે શહેરમાં ૩૦ ટ્રાફિક જંકશનના સર્વે અને ડિઝાઈન બનાવવાની કામગીરી પણ શરૂ કરી દેવાઈ છે. તેમજ ૧૯ જંકશનની ડિઝાઈન તૈયાર પણ થઈ ગઈ છે. અને તેમા પણ ૯ જંકશન પર ડિમાર્કેશનની કામગીરી થઈ ગઈ છે. તો આ સાથે જ આર્ટિફીસલ ઈન્ટેલિજન્ટ સિસ્ટમની મદદથી લોકોને ગંદકી કરવા, ટ્રાફિક સિગ્નલ ભંગ કરવા. જેવા અનેક કારણોસર દંડ કરવામાં આવશે. ત્યારે તે સિસ્ટમ સાથે આ સિસ્ટમ આવવાને લઈને લોકો પણ આ નવી સિસ્ટમને આવકારી રહ્યા છે. એટલું જ નહીં પણ કોર્પોરેશન દ્વારા સ્માર્ટ સિગ્નલ સાથે સિગ્નલ બ્યુટીફિકેશન પર કામ કરી રહ્યું છે, જયા શહેરમાં અલગ અલગ સ્થળ પર સ્કલ્પચર મુકવામાં આવ્યા છે, અને હજુ પણ ૩૦ જંકશન પર સ્કલ્પચર મુકવામાં આવશે, આ સાથે જ ૫ કરોડના ખર્ચે શહેરમાં ૪૦ સ્થળે સ્માર્ટ પાર્કિંગની પણ આયોજન કરાયુ છે. જયા લોકો એપ્લિકેશન મારફતે જ સુવિધાનો લાભ લઈ શકશે. જેનાથી પાર્કથી લઈને પેમેન્ટ કરવા સહિત તમામ કામગીરી ડિજિટલ થશે. આ સાથે જ શહેરના ૧૦૦ જંકશનના ડેવલ્પમેન્ટ કરાશે. અકસ્માત થતા હોય તેવા ટ્રાફિક સિગ્નલનો સાયન્ટિફિક સર્વે કરી કામગીરી કરશે. પગપાળા જતા લોકોની સલામતી પર પણ ભાર મુકાયો છે. પેડેસ્ટ્રીયલ ગાર્ડ રેલ તેમજ ટેબલ ટોપ ક્રોસિંગનુ આયોજન, તેમજ ફ્રી લેફટની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. અને આ તમામ આયોજન પાછળ કોર્પોરેશન અંદાજે ૧૦ કરોડ ખર્ચ કરશે. જે બાદ શહેરની રોનક પણ બદલાશે તેમજ શહેરીજનોની સુરક્ષામાં પણ વધારો થશે તેવો પણ અંદાજ છે.

# અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં બે કોરોના દર્દીઓ નોંધાયા

અમદાવાદ, તા.૩

રાજયમાં ફરી એકવાર કોરોના બીમારી ફૂંફાડાં મારી રહી છે. રાજયમાં કોરોનાના ૪૨ કેસ નોંધાયા. કોરોનાના એક્ટિવ કેસોની સંખ્યા વધવા સાથે એક વ્યકિતનું મોત નિપજ્યું હોવાનું સામે આવ્યું છે. માર્ચના અંત સાથે ઠંડીએ વિદાય લીધા બાદ ગરમી તો ક્યાંક વરસાદનો માહોલ જોવા મળ્યો. બદલાતા વાતારવણને લઈને રાજયમાં કોરોના સાથે સ્વાઈન ફ્લૂના કેસ પણ જોવા મળી રહ્યા છે. અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં બે કોરોના દર્દી નોંધાયા. જ્યારે સ્વાઈન ફ્લુમાં સારવાર લઈ રહેલા ૬ દર્દીમાંથી ચારની તબિયત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે. રાજયમાં વધતા કોરોના એક્ટિવ કેસ અને સ્વાઈન ફ્લૂના દર્દીઓ વધતા તબીબોએ સાવચેત રહેવાની સલાહ આપી છે. ગરમીના હીટવેવ વધવા સાથે કોરોના અને સ્વાઈનફ્લૂ બીમારીનો પ્રકોપ પણ વધી રહ્યો છે. અસારવા સિવિલમાં કોરોનાના ૩ દર્દી ઑક્સિજન પર છે જ્યારે સ્વાઈન ફ્લૂના ૪ દર્દી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. તો સિવિલમાં હાલ સૌથી વધુ વાયરલ ઈન્ફેકશનના ૧૦૦થી વધુ દર્દી નોંધાયા છે. રાજયમાં હવામાનમાં પલટો આવવા સાથે લોકો વાયરલ ઈન્ફેકશનો શિકાર થઈ રહ્યા છે. હાલમાં સિવિલ હોસ્પિટલમાં દરરોજની ઓપીડીમાં ૮૦૦ જેટલા દર્દીઓ સારવાર માટે આવે છે.

# સુપ્રીમ કોર્ટના ચુકાદાના ૧૨ દિવસ પછી નાણાં મંત્રાલયે SBIને બોન્ડ છાપવાનું બંધ કરવા સૂચના આપી હતી : રિપોર્ટ

નવી દિલ્હી, તા.૩

સુપ્રીમ કોર્ટે ઈલેક્ટોરલ બોન્ડને ગેરબંધારણીય ગણાવ્યા તેના ૧૨ દિવસ પછી નાણા મંત્રાલયે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (એસબીઆઈ)ને ઔપચારિક રીતે બોન્ડની પ્રિન્ટિંગ ઉપર રોક લગાવવા સૂચના આપી હતી. ઈન્ડિયન એક્સપ્રેસે અહેવાલ આપ્યો હતો કે નાણા મંત્રાલય અને SBI વચ્ચેના પત્રવ્યવહાર અને ઈમેઈલ્સની ફાઈલ નોટિંગ્સ દર્શાવે છે કે તેઓને આ સૂચનાઓ ૨૮ ફેબ્રુઆરીએ આપવામાં આવી હતી. સુપ્રિમ કોર્ટે ગત વર્ષે ૨ નવેમ્બરના રોજ સળંગ સુનાવણી બાદ શરૂઆતમાં પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો અને ત્રણ મહિના પછી, ૧૫ ફેબ્રુઆરીએ, તેણે ચૂંટણી બોન્ડ યોજનાને "ગેરબંધારણીય" જાહેર કરી હતી. અખબારે અહેવાલ આપ્યો છે કે ૨૭ ફેબ્રુઆરીની એક નોંધ રેકોર્ડ ઉપર મૂકવામાં આવી છે કે આ ઓર્ડર ૪૦૦ બુક્સ અને ૧૦,૦૦૦ ઈલેક્ટોરલ બોન્ડ્સ છાપવા માટે હતો અને SPMCILને ઓર્ડર આપવા માટે "ભારત સરકાર"ની મંજૂરી આખરે ૧૨ ફેબ્રુઆરીના રોજ આપવામાં આવી હતી. ૨૭ ફેબ્રુઆરીના જ દિવસે, નાણા મંત્રાલયના બજેટ વિભાગે લખ્યું હતું કે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાને વિનંતી કરવામાં આવે છે કે તેઓ SPMCILને બાકીના ૧,૬૫૦ ઈલેક્ટોરલ બોન્ડની પ્રિન્ટિંગ ઉપર રોક લગાવવા માટે તાત્કાલિક સંપર્ક કરે જેના માટે મંજૂરી આપવામાં આવી હતી. એક દિવસ પછી, SBIના ટ્રાન્ઝેક્શન બેંકિંગ વિભાગના આસિસ્ટન્ટ જનરલ મેનેજરએ 'હોલ્ડ ઓન પ્રિન્ટિંગ ઓફ ઈલેક્ટોરલ બોન્ડ્સ-ઈલેક્ટોરલ બોન્ડ સ્કીમ ૨૦૧૮' શીર્ષકવાળા ટ્રેલ-મેઈલમાં પ્રિન્ટિંગ રોકવા માટેના આદેશો મોકલ્યા હતા. SBIના અધિકારીએ લખ્યું હતું કે: અમે ૨૩.૦૨.૨૦૨૪ના રોજ કુલ ૮૩૫૦ બોન્ડ્સ ઈમેઈલ ધરાવતા ઈલેક્ટોરલ બોન્ડના સિક્યોરિટી ફોર્મના ૪ બોક્સની રસીદ સ્વીકારી છે. માનનીય સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા ચુકાદા પછી અમે તમને વિનંતી કરીએ છીએ કે બાકીના ૧,૬૫૦ ઈલેક્ટોરલ બોન્ડની પ્રિન્ટિંગ ઉપર રોક લગાવો, જેના માટે ૧૨.૦૧.૨૦૨૪ના બજેટ વિભાગના પત્ર દ્વારા મંજૂરી આપવામાં આવી હતી. આનો અર્થ એ થયો કે પ્રિન્ટિંગ બંધ કરવાના અંતિમ આદેશના થોડા સમય પહેલા જ SPMCILએ ૧ કરોડ રૂપિયાના ૮,૩૫૦ બોન્ડ્સ ડિસ્પેચ કરી દીધા હતા. કાર્યકર્તા કોમોડોર લોકેશ બત્રા દ્વારા દાખલ કરવામાં આવેલી આરટીઆઈ ક્વેરી દ્વારા પણ આ વાત સામે આવી હતી. ચૂંટણી પંચના ડેટા મુજબ, ભાજપે ૨૦૧૮થી ચૂંટણી બોન્ડ દ્વારા રૂા.૮,૨૫૧.૮ કરોડ રિડીમ કર્યા છે, જે આ સમયગાળા દરમ્યાન વેચાયેલા રૂા.૧૬,૫૧૮ કરોડના કુલ બોન્ડ મૂલ્યનો અડધો હિસ્સો છે.

# લોકોની પસંદગી મુજબના રાજયમાં રહેવા માટે મોટા મકાનો બની રહ્યા છે

અમદાવાદ, તા.૩

અમદાવાદ સહિત સમગ્ર ગુજરાતમાં એક સમયે એફોર્ડેબલ હાઉસિંગની કેટેગરીમાં નવા પ્રોજેક્ટનો ધમધમાટ ચાલતો હતો, પરંતુ ૨૦૨૩-૨૪ના આંકડા દર્શાવે છે કે એફોર્ડેબલ હાઉસિંગના લોન્ચમાં હવે ઘટાડો જોવા મળ્યો છે. મકાનોના ભાવમાં તીવ્ર વધારો થવાની સાથે સાથે લોકો પણ વધુ મોટા મકાનો પસંદ કરે છે. આ ઉપરાંત સરકાર તરફથી મળતી ટેક્સ રાહતો બંધ થવાના કારણે પણ લોન્ચને અસર થઈ છે. ગુજરાતના રિયલ એસ્ટેટ સેક્ટરમાં એફોર્ડેબલ હાઉસિંગનો એક સમયે બહુ મોટો હિસ્સો રહ્યો હતો પરંતુ લેટેસ્ટ આંકડા અલગ જ ચિત્ર દર્શાવે છે. ગુજરાત રેરાના આંકડા પ્રમાણે ૨૦૨૩-૨૪ માં ૪૪૩ એફોર્ડેબલ હાઉસિંગ પ્રોજેક્ટ રજીસ્ટર થયા હતા જેની સંખ્યા અગાઉના વર્ષમાં ૫૭૮ હતી. તેના ઉપરથી કહી શકાય કે એફોર્ડેબલ હાઉસિંગ પ્રોજેક્ટમાં ૨૩ ટકાનો ઘટાડો થયો છે. અમદાવાદમાં પણ આવા હાઉસિંગ પ્રોજેક્ટમાં મોટો ઘટાડો નોંધાયો છે. ૨૦૨૨-૨૩માં અહીં ૨૦૧ પ્રોજેક્ટ રજીસ્ટર થયા હતા જ્યારે ગયા વર્ષે આ સંખ્યા ૨૬% ઘટીને ૧૪૯ થઈ ગઈ હતી. એક્સપર્ટનું કહેવું છે કે છેલ્લા ત્રણ વર્ષમાં હાઉસિંગના ભાવમાં મોટો વધારો થયો છે તે આના માટે જવાબદાર છે. ગુજરાતમાં ૨૦૨૩-૨૪ માં ૪૪૩ નવા હાઉસિંગ પ્રોજેક્ટ આવ્યા હતા જેમાં રેસિડેન્સિયલ અને મિક્સ યુઝ પ્રોજેક્ટ બંને સામેલ હતા. આ પ્રોજેક્ટની સંખ્યા ૨૦૨૨-૨૩માં ૫૭૮ હતી જ્યારે ૨૦૨૧-૨૨માં ૬૫૦ હતી. ૪૫ લાખ રૂપિયા સુધીના અને ૯૦ મીટર સુધીના મકાનોને એફોર્ડેબલ હાઉસિંગમાં ગણવામાં આવે છે. અમદાવાદમાં પણ આવો જ ટ્રેન્ડ છે જ્યાં લોકો કોવિડ પછી વધારે મોટા મકાનોને પસંદ કરી રહ્યા છે. પ્રોપર્ટી કન્સલ્ટન્ટનો એક રિપોર્ટ કહે છે કે ગુજરાતમાં ૫૦ લાખ થી વધુ ભાવ ધરાવતા પ્રોજેક્ટ માટે માંગ વધી ગઈ છે. તાજેતરના વર્ષોમાં બાંધકામનો ખર્ચ અને જમીનના ભાવ વધી ગયા હોવાના કારણે મકાનો મોંઘા થયા છે. કિંમત વધી હોવા છતાં લોકો મોટા મકાનોમાં વધુ રોકાણ કરવા આતુર છે જેના કારણે ૫૦ લાખથી વધારે બજેટ આરામથી પહોંચી જાય છે. કેન્દ્ર સરકારે એફોર્ડેબલ હાઉસિંગ માટે ડેવલોપર્સને ટેક્સમાં લાભ આપે તેવી સેકશન 80IBA સ્કીમ લંબાવી નથી. તેના કારણે પણ આ સેગમેન્ટમાં નવા લોન્ચની સંખ્યા ઘટી છે. છેલ્લા કેટલાક વર્ષથી અમદાવાદ સહિત ગુજરાતમાં વધારે મોટા મકાનોની ડિમાન્ડમાં વધારો થયો છે.

# ગુજરાત વીજ વિભાગના ૬૦૦૦ ઈજનેરોના ઓફિસર GEBEAના જનરલ સેક્રેટરી બી.એમ. શાહનો નિવૃત્તિ સન્માન સમારોહ યોજાયો

**ગુજરાત વીજ વિભાગમાં જુનિયર ઈજનેરથી લઈને કાર્યપાલક ઈજનેર સુધી વિવિધ પદ પર રહીને સેવારત બી.એમ.શાહને ગોંડલ, મહેસાણા, વડોદરા, અમરેલી, ભાવનગર, રાજકોટ સહિતના શહેરોમાં જીબિયા પરિવાર દ્વારા સન્માનિત કરાયા**




જૂનાગઢ તા. ૩

ગુજરાત ઈલેક્ટ્રિસિટી બોર્ડ એન્જિનિયર એસોસિએશન જે જીબિયાના નામે એક સંગઠિત એન્જિનિયરોનું ગ્રુપ છે, જેમાં ૬૦૦૦ જેટલા એન્જિનિયરો સભ્ય તરીકે નોંધાયેલા છે. જેના જનરલ સેક્રેટરી પદે રહીને વિજિલન્સ વિભાગીય કાર્યપાલક ઈજનેરી બી.એમ. શાહે યશસ્વી કામગીરી બજાવેલી છે.

ગુજરાત વીજ વિભાગમાં બી.એમ.શાહે તેમના છેલ્લા દસ વર્ષના સમયગાળા દરમ્યાન જીબિયા એસોસિએશનના જનરલ સેક્રેટરી પદે સતત ચાર ટર્મ સુધી બિનહરીફ નિયુક્ત હતા. કર્મચારીઓના શુભચિંતક તરીકે કરેલ કામગીરીની સુવાસ ચોમેર પ્રસરાવી હતી. શ્રી શાહે તેમના જીબીઆ એસોસિએશનના જનરલ સેક્રેટરી કાર્યકાળ દરમ્યાન જુનિયર એન્જિનિયર અને રેગ્યુલર ફિક્સ નિમણૂક સહીત ૫૫ હજાર જેટલા વીજ વિભાગના કર્મચારીઓને મળતા સાતમા પગાર પંચના લાભો અપાવવા તેમજ કર્મચારીઓને વતનની નજીક નિમણૂક કરવા, વિદ્યુત સહાયક કેડર મા નિમણૂક પામેલા વીજ સહાયકનો સમયગાળો ઘટાડો, અને તેઓનો પગાર રિવિઝન આ ઉપરાંત જેટકો અને ડિસ્કોન કંપનીમાં નવું સ્ટાફ સેટઅપ આવેલ સહિતની અનેક કર્મચારી હિતલક્ષી કામગીરી વીજ વિભાગના મેનેજમેન્ટ સાથે પરામર્સ કરીને ઉકેલ લાવેલ હતી. જેના કારણે શ્રી બી.એમ.શાહ ગુજરાતના વીજ વિભાગના કર્મચારીઓને લાડલા અને પોતીકા પણાના ભાવ સાથે વિદાય લઈ રહ્યા હતા, ત્યારે ગુજરાતના ભાવનગર, મહેસાણા, અમરેલી, રાજકોટ વિવિધ સર્કલમાં તેમના વિદાય સમારોહ યોજાયા હતા. ય્ઈમ્ઈછ એસોસિએશન જેટકોના વાઇસ પ્રેસિડેન્ટ શ્રી હરેશભાઈ વઘાસીયાએ ગોંડલ ખાતે યોજાયેલ વિદાય સમારોહ દરમ્યાન બી.એમ શાહને સ્મૃતિચિન્હ અને પુષ્પગુચ્છ દ્વારા બહુમાન કરી શ્રી શાહના સમયગાળામાં જીબીઆ એસોસિએશન દ્વારા જે સકારાત્મક ભૂમિકા ભજવી અને કર્મચારીના હિતમાં લાભો અપાવ્યા છે, તેની સરાહના કરી હતી. શ્રી શાહને શેષ જીવન નિરામય બની રહે તેવી શુભકામના વ્યક્ત કરી હતી. જેટકો, ડિસ્કોમ તથા પાવર સ્ટેશનમાં કામગીરી કરતા એન્જિનિયરો તથા કર્મચારીઓએ શ્રી બી.એમ.શાહને યાદ કરી તેમને ભાવસભર વિદાય આપી હતી આ વિદાય કાર્યક્રમમાં ગોંડલ ખાતે જેટકોનાં એમ.ડી. ઉપેન્દ્ર પાંડે પીજીવીસીએલનાં એમ.ડી. શ્રીમતી પ્રીતિ શર્મા, એજી વિકાસના સિનિયર સેક્રેટરી જનરલ બળદેવભાઈ પટેલ અને એની ટીમ તથા તમામ કંપનીના ઈજનેરો ઉપસ્થીત રહી શ્રી શાહની નિવૃત્ત જીવન સુખસભર રહે તેવી શુભ કામનાં સાથે સન્માનીત કરાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રી શાહ બાલ્યાવસ્થાથી જ આરએસએસ સાથે સંકળાયેલને રાષ્ટ્રભાવના નાં પાઠ શીખ્યા છે. જુનાગઢ જેટકો ના નાયબ ઈજનેર અને ગુજરાત વીજ બોર્ડ એન્જિનિયર એસોસિએશન ના કાર્યકારી જનરલ સેક્રેટરી હરેશ વઘાસિયાએ શુભ કામનાં વ્યક્ત કરી હતી.

### ખુદ કેન્દ્ર સરકારે લોકોને ચેતવ્યા

# અમારા નામે ફોન આવે તો ડરતાં નહીં નહિતર ખાતું સફાચટ થઈ જશે

**ટેલિકમ્યુનિકેશન ડિપાર્ટમેન્ટના અધિકારી જણાવીને કોલ કરનારા અને કનેક્શન કાપવાની ધમકી આપનારા ફ્રોડ છે**

મુંબઈ, તા. ૩

આજના આ ડિજિટલ યુગના ઘણા બધા ફાયદા હોવાની સાથે નુકશાન પણ છે. ત્યારે હવે કેન્દ્ર સરકારે દેશના લોકોને ટેલિકમ્યુનિકેશન ડિપાર્ટમેન્ટનું નામ લઈને મોબાઈલ નંબર બંધ કરવાની ધમકી આપનારાઓથી ચેતવ્યા છે. શુક્રવારે એક ઓફિશિયલ નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, પોતાને ટેલિકમ્યુનિકેશન ડિપાર્ટમેન્ટના અધિકારી જણાવીને કોલ કરનારા અને કનેક્શન કાપવાની ધમકી આપનારા ફ્રોડ છે.સરકારે કહ્યું કે અમારા દ્વારા આવા કોઈ કોલ કે સર્વે કરવામાં આવતાં નથી, કોલ કરવાવાળાનો હેતુ લોકોની પર્સનલ ઈન્ફર્મેશન ચોરવી અને આર્થિક છેતરપિંડી કરવાનો છે. ટેલિકમ્યુનિકેશન ડિપાર્ટમેન્ટે વિદેશી મૂળના મોબાઈલ નંબરોથી આવનારા વોટ્સએપ કોલને લઈને પણ લોકોને ચેતવ્યા છે.ટેલિકમ્યુનિકેશન ડિપાર્ટમેન્ટના નિવેદન અનુસાર, ‘‘ટેલિકમ્યુનિકેશન ડિપાર્ટમેન્ટે નાગરિકો માટે એક સલાહ જાહેર કરી છે કે લોકો પાસે એવા ફોન કોલ્સ આવી રહ્યા છે, જેમાં ટેલિકમ્યુનિકેશન ડિપાર્ટમેન્ટના નામે કોલ કરનારાઓ ધમકી આપી રહ્યા છે કે તેમના બધા જ મોબાઈલ નંબરો બંધ કરી દેવામાં આવશે. સાથે જ ધમકી પણ આપવામાં આવી રહી છે કે કોઈ ગેરકાયદેસર પ્રવૃત્તિ માટે તેમના મોબાઈલ નંબરનો દુરુપયોગ કરાઈ રહ્યો છે.’’

વોટ્સએપ કોલને લઈને જાહેર કરી એડવાઈઝરીઃ છેતરપિંડી કરનારા લોકો નાગરિકો પાસેથી બેંક એકાઉન્ટ નંબર, એટીએમ પિન, જેવી પર્સનલ ડિટેલ્સ મેળવવાનો પ્રયાસ કરે છે. ટેલિકોમ્યુનિકેશન ડિપાર્ટમેન્ટે પોતે સરકારી અધિકારીઓ હોવાનો ઢોંગ કરીને લોકોને છેતરતા વિદેશી મૂળના મોબાઈલ નંબરો (જેમ કે +૯૨) પરથી આવતા વૉટ્સએપ કૉલ્સ અંગે પણ એડવાઈઝરી જારી કરી છે.સરકારે નાગરિકોને આપી સલાહઃ નિવેદનમાં આગળ કહેવામાં આવ્યું છે કે, ‘‘સાયબર ગુનેગારો આવા કોલના માધ્યમથી સાયબર ક્રાઈમ/ નાણાંકીય છેતરપિંડી આચરવા માટે પર્સનલ ડિટેલ્સ ચોરવાનો પર્યટન કરી રહ્યા છે.’’ ટેલિકમ્યુનિકેશન ડિપાર્ટમેન્ટે કહ્યું છે કે, તેઓ તેમની તરફથજી કોઈને પણ આવા કોલ્સ કરવા માટે અધિકૃત કરતા નથી. ટેલિકમ્યુનિકેશન ડિપાર્ટમેન્ટ દ્વારા લોકોને સતર્ક રહેવા અને આવા કોલ્સ આવવા પર કોઈપણ પ્રકારની જાણકારી ન આપવા માટે કહેવામાં આવ્યું છે.અહીં કરી શકો છો ફરિયાદઃ ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકમ્યુનિકેશને નાગરિકોને સંચાર સાથી પોર્ટલની ‘ચક્ષુ-રિપોર્ટ સસ્પેક્ટેડ ળોડ કોમ્યુનિકેશન્સ’ ફીચર પર આવા છેતરપિંડીના કેસની જાણ કરવાની સલાહ આપી છે. તમે આ પોર્ટલ પર કોઈપણ પ્રકારની છેતરપિંડી અથવા સાયબર ક્રાઈમ સંબંધિત ફરિયાદ કરી શકો છો.

## નેપાળમાંથી થઈ રહેલ ચાઈનીઝ લસણની દાણચોરી

નવી દિલ્હી, તા.૩

ચીની લસણએ ભારતીય કસ્ટમ અધિકારીઓને એલર્ટ કરી દીધા છે. તાજેતરમાં મોટા પ્રમાણમાં ચાઈનીઝ લસણ ભારતમાં દાણચોરી કરતા પકડાયા બાદ સત્તાવાળાઓએ કસ્ટમ પોસ્ટ પર દેખરેખ વધારી છે. ઈકોનોમિક ટાઈમ્સના અહેવાલમાં આ બાબત સાથે સંકળાયેલા લોકોના હવાલાથી કહેવામાં આવ્યું છે કે કસ્ટમ અધિકારીઓએ સ્નિફર ડોગ્સ તૈનાત કર્યા છે અને હોલસેલર્સ અને વેરહાઉસમાં તેમની સ્થાનિક ગુપ્તચરોને ચેતવણી આપી છે. આ તમામ કવાયત નેપાળ અને બાંગ્લાદેશની સરહદેથી ચાઈનીઝ લસણની દાણચોરી રોકવા માટે કરવામાં આવી રહી છે. ચાઈનીઝ લસણમાં ફૂગની શક્યતા છે. વધુમાં, તેમાં જંતુનાશકોનું પ્રમાણ વધુ હોય છે. આ જ કારણ હતું કે વર્ષ ૨૦૧૪માં ભારત સરકારે આ લસણ પર પ્રતિબંધ મૂક્યો હતો. રિપોર્ટમાં કસ્ટમ અધિકારીના હવાલાથી કહેવામાં આવ્યું છે કે ખાસ કરીને બિહાર, ઉત્તર પ્રદેશ અને ઉત્તર-પૂર્વના રાજ્યોમાં ચાઈનીઝ લસણની દાણચોરીના કેસમાં વધારો થયો છે. જેમાં નેપાળ થઈને લસણ લાવવામાં આવે છે. ભારતે ૨૦૧૪માં ચીની લસણની આયાત પર પ્રતિબંધ મૂક્યો હતો. લસણમાં મોલ્ડ હોવાના અહેવાલો બાદ આ પ્રતિબંધ લાદવામાં આવ્યો હતો. દાણચોરી કરાયેલા લસણમાં જંતુનાશકોનું પ્રમાણ વધુ હોવાની પણ આશંકા છે. ગયા મહિને, કસ્ટમ અધિકારીઓએ સિક્તા લેન્ડ કસ્ટમ પોસ્ટ પર રૂ. ૧.૩૫ કરોડની કિંમતના ૬૪,૦૦૦ કિલો ચાઈનીઝ લસણના શિપમેન્ટને અટકાવ્યું હતું. સ્થાનિક બજારમાં લસણના ભાવમાં વધારો અને નિકાસમાં તીવ્ર વધારાને કારણે દાણચોરીમાં વધારો થયો છે. ઉદ્યોગના આંતરિક સૂત્રોના અંદાજ મુજબ દેશમાં ચાઈનીઝ લસણનો સ્ટોક ૧,૦૦૦ થી ૧,૨૦૦ ટન છે. ગયા વર્ષે નવેમ્બરથી કિંમતો લગભગ બમણી થઈને ૪૫૦-૫૦૦ પ્રતિ કિલો થઈ ગઈ છે. છેલ્લા કેટલાક મહિનામાં ભાવમાં થયેલા ઉછાળા પાછળના મુખ્ય કારણો પાકની ખોટ અને વાવણીમાં વિલંબ છે.

### ૧ જૂન ૨૦૨૪થી લાગૂ થશે નવો નિર્ણય

# વ્હોટ્સએપથી મેસેજ કરવા પર ચૂકવવો પડશે ૨.૩ રૂપિયા ચાર્જ

**મેટાની માલિકીનું મેસેજિંગ પ્લેટફોર્મ વ્હોટ્સએપએ ઈન્ટરનેશનલ વન ટાઈમ પાસવર્ડની એક નવી કેટેગરી શરૂ કરી છે**

નવી દિલ્હી, તા.૩

મેટાની માલિકીનું મેસેજિંગ પ્લેટફોર્મ વ્હોટ્સએપએ ઈન્ટરનેશનલ વન ટાઈમ પાસવર્ડની એક નવી કેટેગરી શરૂ કરી છે. વ્હોટ્સએપના આ પગલાથી કંપનીની કમાણીમાં વધારો થવાની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. વર્તમાનમાં કંપનીની પાસે ૨ અબજથી વધારે યૂઝર્સ છે. તેનો માત્ર મેસેજ જ નહીં, પરંતુ વોઈસ કોલિંગ, વીડિયો કોલિંગ, ડોક્યુમેન્ટ શેરિંગ જેવા કામો માટે પણ ઉપયોગ કરવામાં આવે છે. વ્હોટ્સએપમાં મેસેજ મોકલવા માટે ૨ રૂપિયાથી વધારે ચાર્જ લેવામાં આવશે.ઈન્ટરનેશનલ મેસેજની કિંમત પહેલાથી ૨૦ ગણી વધારે થઈ ગઈ છે. કહેવામાં આવી રહ્યું છે કે, હજુ પણ ઈન્ટરનેશનલ જીસ્જીના ભાવ બહુ ઓછા છે. જો કે, યૂઝર્સ પહેલાની જેમ ળી વ્હોટ્સએપ ઉપયોગ કરતા રહેશે.

નવા નિર્ણયની અસર માત્ર બિઝનેસ જીસ્જી પર થશે. હાલ જીસ્જીનું બજાર ૯૦% જેટલું છે. કંપનીઓ મોટાભાગે ઓટીપી માટે મેસેજ મોકલે છે. ૧ જૂન ૨૦૨૪થી લાગૂ થશે નવો નિર્ણય- મીડિયો રિપોર્ટ્સ પ્રમાણે, વ્હોટ્સએપની નવી ઈન્ટરનેશનલ મેસેજ કેટેગરી હેઠળ પ્રતિ મેસેજ ૨.૩ રૂપિયા ચાર્જ આપવો પડશે. આ નિયમ ૧ જૂન ૨૦૨૪થી લાગૂ થઈ જશે. તેની અસર ભારતીય અને ઈન્ડોનેશિયા બંને દેશોના કારોબાર પર જોવા મળી શકે છે. વ્હોટ્સએપના નવા નિર્ણયથી ઈન્ટરનેશનલ કંપનીઓ જેવી કે, એમેઝોન, ગૂગલ અને માઈક્રોસોફ્ટનું કમ્યુનિકેશન બજેટ વધી જશે.જાણકારી અનુસાર, નોર્મલ ઈન્ટરનેશનલ વેરિફિકેશન કરવું મોંઘુ પડે છે અને જો કોઈ યૂઝર વ્હોટ્સએપ દ્વારા વેરિફિકેશન કરે છે, તો ઓછો ચાર્જ ચૂકવવો પડે છે. પરંતુ હવે કંપનીએ વ્હોટ્સએપ વેરિફિકેશન પણ મોંઘુ કરી દીધું છે.

ભારતમાં એન્ટરપ્રાઈસ મેસેજમાં ઝડપથી વૃદ્ધિ થઈ રહી છે. તો માર્કેટ શેર લગભગ ૭૬૦૦ કરોડ રૂપિયા થઈ ગયા છે. આમાં જીસ્જી, પુશ મેસેજ, ઓટીપી વેરિફિકેશન, એપ્લિકેશન લોગિન, નાણાકીય ટ્રાન્ઝેક્શન, સર્વિસ ડિલીવરી જેવા મેસેજ સામેલ છે.કેમ કરવામાં આવ્યો આ ફેરફાર?- પહેલા ભારતીય કંપનીઓને જીસ્જી માટે ૧૨ પૈસા ચાર્જ ચૂકવવો પડતો હતો. જ્યારે વિદેશી કંપનીઓએ ૪.૧૩ રૂપિયા આપવા પડતા હતા. આ ગેપને ઘટાડવા માટે વ્હોટ્સએપએ બધાને ૧૧ રૂપિયાનો ફ્લેટ રેટ આપ્યો હતો. પરંતુ હવે વિદેશી કંપનીઓએ ૨.૩ રૂપિયા આપવા પડશે. વ્હોટ્સએપના નવા રેટ ભારતથી શરૂ થઈ રહ્યા છે. તેનાથી ખબર પડે છે કે, ભારત વ્હોટ્સએપનું બિઝનેસ મેસેજિંગ કેટલું મહત્વનું છે.

### પરિસ્થિતિ એટલી તંગ કે ઘરે-ઘરે જઈને દૂધ વેચ્યું

# આજે તે જ મિઠાઈવાળાનો છોકરો બની ગયો ૨૮,૦૦૦ કરોડની બેંકનો માલિક

**અબજો રૂપિયાની સંપત્તિ ધરાવતા ચંદ્રશેખર ઘોષ એક સમયે એક એક રૂપિયા માટે ભટકતા હતા**

નવી દિલ્હી, તા.૪

ચંદ્રશેખરના જીવનમાં એક સમય એવો હતો, જ્યારે તેઓ પોતાનું ગુજરાન ચલાવવા માટે દૂધ વેચતા હતા. અને આજે તેઓ બંધન બેંકના માલિક છે, જેની માર્કેટ વેલ્યૂ ૨૮૯૯૭ કરોડ રૂપિયા છે. તેમનું કહેવું છે કે પોતાની મહેનત અને કૌશલ્યથી કોઈપણ વ્યક્તિ દુનિયામાં કોઈપણ સ્થાન હાંસલ કરી શકે છે. તેમણે ક્યારેય કોઈ કામ નાનું નથી સમજ્યું. અભ્યાસ બાદ તેમણે એક NGOમાં ઓછા પગારે પણ કામ કર્યુ હતું. મીઠાઈની દુકાન ચલાવતા હતા પિતા- વર્ષ ૧૯૬૦માં ત્રિપુરાના અગરતલામાં જન્મેલા ચંદ્રશેખર ઘોષના પિતાની મીઠાઈની નાની દુકાન હતી. તેમનો પરિવાર મૂળ બાંગ્લાદેશનો છે અને આઝાદી સમયે તેઓ શરણાથી તરીકે ભારતમાં ત્રિપુરામાં આવીને વસ્યા હતા. આ દુકાનની આવક પર નવ સભ્યોનો પરિવાર માંડ માંડ પોતાનું ગુજરાન ચલાવી શકતો હતો. ઘોષનું બાળપણ આર્થિક તંગીમાં પસાર થયું હતું. તે તેના પિતાને દુકાનમાં મદદ પણ કરતા હતા. તેઓ ઘરે-ઘરે જઈને દૂધ પણ વેચતા હતા. નોકરી કરતી સમયે પણ તેઓએ અભ્યાસ છોડ્યો ન હતો. ચંદ્રશેખરે ગ્રેટર ત્રિપુરાની એક સરકારી શાળામાં ૧૨મા સુધી અભ્યાસ કર્યો હતો. જે બાદ તે ગ્રેજ્યુએશન કરવા બાંગ્લાદેશ ગયા હતા.ટ્યુશન કરાવીને ઉપાડ્યો ભણતરનો ખર્ચ- તેમણે ૧૯૭૮માં ઢાકા યુનિવસીટીમાંથી સ્ટેટેસ્ટિક્સમાંથી ગ્રેજ્યુએશન પૂરું કર્યુ હતું. તેમના પરિવારજનો યુનિવસીટીના ભણતર અને ત્યાં રહેવાનો ખર્ચ નહોતા ઉપાડી શકતા, જેથી તેઓ પોતાનો ખર્ચ ઉપાડવા માટે બાળકોને ટ્યુશન ભણાવતા હતા. તેઓ ઢાકામાં બ્રોજોનંદ સરસ્વતીના આશ્રમમાં રહેતા હતા.ર્દ્યંની નોકરીથી બદલાયા વિચાર- વર્ષ ૧૯૮૫ તેમના જીવનનું ટર્નિંગ પોઈન્ટ સાબિત થયું હતું. માસ્ટર્સ પૂર્ણ કર્યા બાદ તેમને ઢાકાના એક ઈન્ટરનેશનલ ડેવલપમેન્ટ નોન પ્રોફિટ ઓર્ગનાઈઝેશન માં નોકરી મળી. જયાં તેમણે જોયું કે ગામડાની મહિલાઓ નાની આર્થિક સહાયતાથી કામ શરુ કરીને પોતાનું જીવન સ્તર સુધારી રહી છે. આ જોઈને તેઓ પ્રભાવિત થયા અને તેમને એક આઈડિયા આવ્યો કે ભારતમાં આવું કામ કરીને મહિલાઓની સહાય કરવાની સાથે એક સારો બિઝનેસ પણ શરુ કરી શકાય છે.

## • રમઝાન મુબારક •




### યુદ્ધને ટાળો

‘‘અને જો તેઓ તમારા સાથે વિવાદ કરે તો કહી દો કે જે કંઈ તમે કરી રહ્યા છો, અલ્લાહને પૂરે પૂરી ખબર છે.’’ (૨૨:૬૮)

આમાં મુસ્લિમોને સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યો છે કે તે ઝઘડો કરે તો તમારે જવાબમાં ઝઘડો કરવાની જરૂર નથી. ઝઘડો ટાળવા કહી દો કે અલ્લાહ તમારી બધી વાતો જોઈ રહ્યો છે, બદલો લેવાથી સારૂં કાર્ય ધૈર્ય.

| | |
|---|---|
| રોઝા | - ૨૩ બુધવાર |
| ઈફ્તાર | - ૭ : ૦૮ |
| રોઝા | - ૨૪ ગુરૂવાર |
| શહેરી | - ૫ : ૨૪ |

કુર્આનનું ફરમાન છે કે બદલો લેવાની જગ્યાએ ધૈર્ય રાખો તો તે મોટી ખૂબી છે. એટલે જ અમો કહીએ છીએ કે ઈસ્લામ બદલો લેવાનો ધર્મ નહીં પણ હૃદય જીતવાનો ધર્મ છે. આવું કરવાવાળા જરૂર અલ્લાહના પ્રિય રહેશે. અલ્લાહ કહે છેઃ

‘‘અને જો તમે લોકો બદલો લો, તો બસ એટલો જ લઈ લો જેટલો તમારા ઉપર અત્યાચાર કરવામાં આવ્યો હોય, પરંતુ જો તમે ધૈર્ય રાખો તો નિઃસંદેહ આ ધૈર્ય રાખનારાઓના જ હિતમાં વધુ સારૂં છે.’’ (૧૬:૧૨૬).

- ઈસ્લામ દર્શન કેન્દ્ર- જૂનાગઢ

# સળગતી ચિતા કરતાં મનની ચિંતા વધારે બાળે છે

ગુજરાતી ભાષાના શબ્દોની દ્રષ્ટિએ જોઈએ તો ચિતા અને ચિંતા શબ્દ વચ્ચે ફક્ત એક અનુસ્વારનો જ ફરક છે અને આ અનુસ્વારને કારણે જ બન્ને શબ્દોના અર્થ જુદા જુદા નિકળે છે. ચિતા એટલે સ્મશાનમાં શબને સૂવડાવીને અગ્નિદાહ આપવાની જગા, જ્યારે ચિંતા એટલે માનસિક તનાવ કે સંતાપ.

ચિંતા શબ્દ ઘણો નાનો છે, પરંતુ તેમાં રહેલો ભેદ બહુ મોટો છે. આજે દુનિયાના તમામ મનુષ્યોને સતાવતો કોઈ વ્યાધિ હોય તો તે ચિંતા છે. આજના આધુનિક, વિકસીત અને ધમાલિયા યુગમાં, કોઈ પણ માણસ ચિંતાથી પર હશે નહીં. નાના, મોટા, તવંગર કે ગરીબ, માલિક કે મજૂર, શિક્ષિત કે નિરક્ષર, સ્ત્રી હોય કે પુરૂષ દરેકને કોઈ ને કોઈ પ્રકારની ચિંતા જરૂરથી સતાવતી હશે. ચિંતા એ એક એવી ધુમાડા વગરની આગ છે કે, જેમાં માનવીની આખી જિંદગી બળીને ખાક થઈ જાય છે. ચિંતા માત્ર બે જ અક્ષરોથી બનેલો શબ્દ છે, પરંતુ એ માનવીને પૂરેપૂરો કોતરી નાંખે છે.ખરેખર તો ચિંતા એ માનવીના મન સાથે જોડાયેલી વ્યથા છે. દુનિયાના દરેક વ્યક્તિને આજની નહીં પરંતુ આવતીકાલની ચિંતા વધારે સતાવે છે.કોઈપણ વ્યક્તિ એનો ભૂતકાળ પાછો મેળવી શકતો નથી, વર્તમાનમાં સારી રીતે જીવી શકતો નથી અને ભવિષ્ય વિશે જાણતો નથી, છતાંય ભવિષ્યની ચિંતા કરીને નાહકનો દુઃખી થાય છે. જે ઘટના હજુ ઘટી નથી એના વિશે વિચારોનાં ઘોડા દોડાવી ખોટી ચિંતાઓના પોટલાં પોતાના માથા પર બાંધે છે.પશુ પક્ષીઓને કદીપણ આવતીકાલની ચિંતા હોતી જ નથી, તેથી તેઓ શાંતિથી જીવન ગુજારે છે, જ્યારે મનુષ્યોમાં ઈશ્વરે વિચારશક્તિ, બુદ્ધિ, મોહ, માયા, મમતા, લોભ, લાલચ વિગેરે ગુણો મૂક્યાં છે તેથી માનવી હંમેશા પોતાનો વર્તમાન બગાડી અત્યંત દુઃખી થવા લાગ્યો છે.

સળગતી ચિતા કરતાં મનની ચિંતા વધારે ખતરનાક છે, કારણકે ચિતા તો મૃત વ્યક્તિના શરીરને બાળી નાંખે છે, જ્યારે ચિંતા તો જીવતાં મનુષ્યોને પણ બાળી નાંખે છે. હકીકતમાં ચિંતા માનવીના મનમાં ખોટા ડર, ભય કે વ્હેમથી જ પેદા થતી હોય છે. ભય હંમેશા માત્ર ને માત્ર ભ્રામક ધારણાઓ કે બીનજરૂરી તર્કમાંથી જ ઉત્પન્ન થાય છે.ચિંતા કરવાથી માનવીની બુદ્ધિ બહેર મારી જાય છે અને તેની નિર્ણયશક્તિ ખલાસ થઈ જાય છે. ચિંતાઓ કરવાથી માણસ અંદરથી પડી ભાંગે છે, એનું માનસિક સંતુલન ગુમાવી બેસે છે અને મનોવિકારનો શિકાર બની જાય છે.આજના માનવીને જાતજાતની ચિંતાઓ સતાવતી હોય છે, જેવી કે કોઈને નોકરીની ચિંતા, કોઈને છોકરાં ભણાવવાની ચિંતા, કોઈને નાણાંની ચિંતા, કોઈને ઘરડાં મા-બાપની ચિંતા, કોઈને સંતાનોનાં લગ્ન કરાવવાની ચિંતા, કોઈને લૂંટાઈ જવાની ચિંતા વિગેરે વિગેરે. વધારે પડતી ચિંતા કરવાથી માનવી તનાવગ્રસ્ત બની જાય છે અને એની સીધી અસર એના સ્વાસ્થ્ય ઉપર પડે છે. માનવી જ્યારે ચિંતાગ્રસ્ત હોય ત્યારે એનું મન વ્યગ્ર અને બહાવરૂ બની જાય છે અને તે કોઈ યોગ્ય કે અટલ નિર્ણય લઈ શકતો નથી. તનાવને કારણે ક્યારેક માનવી અવળા માર્ગે ચડી જાય છે કે આત્મહત્યા જેવાં પગલાં પણ ભરી નાંખે છે.

દરેક માણસ પછી તે નાનો હોય કે મોટો એ કોઈને કોઈ ચિંતાથી ચોક્કસ ઘેરાયલો હશે.ચિંતા કરવાથી માણસની રાતોની નિંદર પણ હરામ થઈ જાય છે. ચિંતાઓથી માનવીએ દૂર રહેવું હોય તો ખોટાં, ભ્રામક, બીનજરૂરી, અતાર્કિક વિચારોનો ત્યાગ કરવો પડશે.ચિંતન,મનને, યોગ, પ્રાણાયામ, ભજન, કીર્તન વિગેરે કરવાં જોઈએ, જેથી મન શાંત અને પ્રફુલ્લિત રહેશે.માનવી જ્યારે મૃત્યુ પામે છે ત્યારે પણ ચિંતાઓનું પોટલું પોતાની સાથે લઈને જ જાય છે.માનવીના શબને તો સળગતી ચિતા એકવાર બાળીને ભસ્મ કરી નાંખે છે, જ્યારે ચિંતાની આગ માનવીને જીવનપર્યંત બાળતી રહે છે.

**યોગેશભાઈ આર. જોશી**
મુ.હાલોલઃ૩૮૯૩૫૦, જી.પંચમહાલ.

# જેતપુર-લોધિકા-રાજકોટમાં ઓછા મતદાનવાળા વિસ્તારોમાં વિશેષ મતદાન જાગૃતિ ઝુંબેશ હાથ ધરાઈ



રાજકોટ તા.૩

લોકસભાની ચૂંટણીમાં વધુમાં વધુ મતદાન થાય તે માટે રાજકોટ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી પ્રભવ જોશીના નેતૃત્વમાં સ્વીપ (સિસ્ટેમેટિક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટિસિપેશન) હેઠળ મતદાન જાગૃતિના પ્રયાસો ચાલી રહ્યા છે. આ સાથે ગત ચૂંટણીમાં ઓછું મતદાન થયું હતું તેવા લો વોટર ટર્નઆઉટ વાળા વિસ્તારોમાં મતદાન વધારવા માટે વિશેષ ઝુંબેશ ચલાવાઈ રહી છે.

જે અંતર્ગત, ૭૪- જેતપુર (જામકંડોરણા) વિધાનસભા મતદાર વિભાગમાં સમાવિષ્ટ બરડીયા ગામમાં ઓછું મતદાન થતું હોય તેવા વિસ્તારોમાં હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ તથા ગામલોકોને સાથે રાખીને મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. મદદનીશ મતદાર નોંધણી અધિકારી અને મામલતદાર શ્રી કે.બી.સાંગાણીએ નાગરિકોને લોકશાહીમાં મતદાનનું મહત્વ સમજાવ્યું હતું. આ તકે વિદ્યાર્થીઓ તથા ગામ લોકોને સાથે રાખીને મતદાન માટે પ્રેરિત કરતા સૂત્રોચ્ચાર સાથે રેલી યોજવામાં આવી હતી. જેનાથી ગામમાં મતદાન અંગે ઉત્સાહનો માહોલ બન્યો હતો. જ્યારે લોધિકા તાલુકામાં લો વોટર ટર્ન આઉટ વિસ્તારોમાં મતદાન વધારવા તાલુકા પંચાયત કચેરી ખાતે બેઠક યોજવામાં આવી હતી. જેમાં વિવિધ ગામના તલાટીઓ, તાલુકા વિકાસ અધિકારીઓ, સી.ડી.એચ.ઓ. અને તાલુકા આરોગ્ય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં ગામની મહિલાઓને મતદાન પ્રત્યે જાગૃત કરવા કાર્યક્રમનું આયોજન કરી જાણ કરવા, તલાટી કમ મંત્રીઓને સૂચના આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં આશાવર્કર બહેનો, આંગણવાડીના સંચાલકશ્રીઓ અને બી.એલ.ઓ.ના સંકલનમાં રહીને કામગીરી કરવા સૂચના આપવામાં આવી હતી. ઉપરાંત ૭૪- જેતપુર વિધાનસભા મત વિસ્તારમાં, ઉમરાળી કુમાર તથા કન્યા પ્રાથમિક શાળા, તેમજ જેતપુર શાળા નંબર-૦૩, ૦૬, ૧૨, ૧૫, ૧૭ ઉપરાંત હરિપર પ્રાથમિક શાળા, અમરનગર કન્યા પ્રાથમિક શાળા વગેરે શાળાઓમાં મતદાર જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જ્યારે ૬૬ ટંકારા વિધાનસભા મત વિસ્તારના પડધરી તાલુકાના હડમતિયા તથા વણપરી ગામ ખાતે બાળ વિકાસ યોજના અધિકારીશ્રીના અધ્યક્ષ સ્થાને આંગણવાડી કાર્યકરો, આંગણવાડી સુપરવાઈઝર સાથે મતદાર જાગૃતિ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. આ સાથે આગામી લોકસભા ચૂંટણીમાં અચૂક મતદાન કરવા અંગે શપથ લેવામાં આવ્યા હતા. ઉપરાંત કચેરીમાંથી કરવામાં આવતા-જાવકના કાગળો તથા તાલુકા કક્ષાએથી જનસેવા કેન્દ્ર તથા ઈ ધરા ખાતેથી આપવામાં આવતી સેવાઓના કાગળો ઉપર મતદાન કરવાની અપીલ કરતા સ્ટેમ્પ લગાવાયા હતા.

૭૦-રાજકોટ દક્ષિણ વિધાનસભા મત વિસ્તારમાં આવેલા શ્રીમતી પ્રભાદેવી જે. નારાયણ પુસ્તકાલય- કરણપરા ચોક સંચાલિત ફરતી લાઈબ્રેરી વાન દ્વારા મતદારોને અચૂક મત આપવા માટે પ્રેરિત કરતા બેનર તથા પેમ્ફલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

૭૧-રાજકોટ ગ્રામ્ય (અ.જા) મત વિસ્તારમાં, મદદનીશ મતદાર નોંધણી અધિકારી- કોટડાસાંગાણી દ્વારા ધરતી એગ્રો ઈન્ડસ્ટ્રીઝ, શાપર ખાતે SVEEP કાર્યક્રમનું આયોજન કરી વધારે લોકોને લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪માં મતદાન માટે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

૬૯-રાજકોટ પશ્ચિમ વિધાનસભા મતદાર વિભાગમાં મતદાર નોંધણી અધિકારી અને આસિ. કલેક્ટર સુશ્રી નિશાના રાજકોટ શહેર-૨ના અધ્યક્ષ સ્થાને રૈયાધાર વિસ્તારમાં આવેલી ડો. ઝાકીરહુસેન પ્રાથમિક શાળા નં-૯૧, રાજકોટ ખાતે "ચુનાવ પાઠશાલા" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધો.૮ના છાત્રોએ "મતદાન અને તેનું મહત્વ" એ વિષય પર ચિત્રસ્પર્ધામાં ઉત્સાહ સાથે ભાગ લીધો હતો. તમામ સ્પર્ધકોને ચિત્ર માટે જરૂરી રંગ, પેપર્સ સહિતની તમામ સામગ્રી ૬૯-રાજકોટ પશ્ચિમ વિધાનસભા મતદાર વિભાગ તરફથી પૂરી પડાઈ હતી. ત્યારબાદ તમામ સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવા માટે આસિ. કલેક્ટરશ્રી દ્વારા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. છાત્રોએ પોતે સગા-સંબંધીઓને ચૂંટણીમાં મતદાન માટે અપીલ કરશે તે બાબતે પ્રતિજ્ઞા પણ લીધી હતી. જેમાં મામલતદારશ્રી રાજકોટ શહેર-પશ્ચિમ મામલતદાર શ્રી એમ.ડી.શુક્લ, નાયબ મામલતદારશ્રી આર.ડી.જાડેજા વગેરે હાજર રહ્યા હતા. ઉપરાંત વિરાણી હાઈસ્કૂલ ખાતે પણ છાત્રોને પણ મતદાન જાગૃતિમાં સહભાગી બનાવવા પેમ્ફલેટ વિતરણ સહિતનો કાર્યક્રમ યોજાયો હતો.

## હરીપરની સરકારી શાળામાં વિદાય સમારંભમાં વિદ્યાર્થીઓએ માણી કેરીના રસની મોજ



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૩

ખંભાળિયા તાલુકાની હરીપર તાલુકા શાળામાં ધોરણ ૮ ના વિદ્યાર્થીઓના વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ પોતાના ભાવ-પ્રતિભાવો વ્યક્ત કર્યા હતા. તેઓને શિક્ષકોએ આશીર્વચન પાઠવ્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા પણ શાળાને સ્મૃતિ ભેટ પણ આપવામાં આવી હતી. સાથે સાથે મુંબઈની જાણીતી સેવા સંસ્થા જયાબેન કુમનદાસ અમલાણી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ટ્રસ્ટી તેમજ શાળાના શિક્ષક સપનાબેન કાનાણીના હસ્તે શાળાના તમામ વિદ્યાર્થીઓને અને શાળા પરિવારને કેરીના રસનું રસપાન કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે આચાર્ય છગનભાઈ પરમાર દ્વારા વિદ્યાર્થીઓને ઉજવળ ભવિષ્યની કારકિર્દી માટે માર્ગદર્શન અને આશીર્વાદ આપવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના શિક્ષકો દ્વારા કરવામાં આવ્યું હતું.

## દ્વારકાના યુવાનની નિર્મમ હત્યા પ્રકરણમાં પત્ની સહિત ત્રણેય આરોપીઓનો નિર્દોષ છુટકારો

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૩

દ્વારકામાં રહેતા ખેંગાર સુમલાભા માણેકના લગ્ન વર્ષ ૨૦૧૮માં સુરજકરાડી ઉદ્યોગનગર વિસ્તારમાં રહેતા બુધાભા ભઠડના પુત્રી સમજુબેન સાથે થયા હતા. લગ્નજીવન દરમિયાન તેઓને એક પુત્રનો જન્મ થયો હતો.

ત્યાર બાદ પતિ-પત્ની વચ્ચે મનદુઃખ થતા સમજુબેન તેમના માવતરે રિસામણે જતા રહ્યા હતા. આ પછી ગત તારીખ ૨-૦૬-૨૦૨૧ ના રોજ રાત્રિના આશરે ૧ વાગ્યાના સમયે સમજુબેનના પતિ ખેંગારભા માણેક તેના પુત્રને મળવા તેમના ઘરે ગયા હતા. તે દરમિયાન થયેલી બોલાચાલી બાદ ખેંગારભાના સાસુએ તેમની આંખમાં અને મોઢા ઉપર મરચાની ભૂકી છાંટી, સમજુબેને તેના પતિને માથાના ભાગે કુહાડી ફટકારી દીધી હતી. આ ઉપરાંત સાળા ખેંગારભા બુધાભા ભઠડએ પણ લોખંડના પાઈપ વડે માર મારી, જીવલેણ ઈજાઓ પહોંચાડતા ગંભીર હાલતમાં ખેંગારભા માણેકનું મૃત્યુ નિપજ્યું હતું. તેમની લાશ નજીકની એક દુકાન પાસેના રોડ પર પડી હતી. આ સમગ્ર પ્રકરણ અંગે મૃતકના ભાઈ કનુભા સુમલાભા માણેકને હત્યા અંગેની માહિતી પરથી મૃતકના ભાઈએ મૃતક ખેંગારભાના પત્ની સમજુબેન, સાળા ખેંગારભા ભઠડ અને સાસુ ધનબાઈ બુધાભાઈ સામે હત્યાની કલમ સહિતના જુદા જુદા ગુનાઓ સબબની ફરિયાદ નોંધાવી હતી. જે અંગે પોલીસ તપાસ દરમિયાન નજરે જોનારા સાહેદોના નિવેદનો નોંધી આ અંગે સક્ષમ અધિકારી સમક્ષ લેવામાં આવેલા નિવેદનો વિગેરે બાદ સમજુબેન, તેણીના માતા ધનબાઈ તથા ભાઈ ખેંગારભાની ધરપકડ કરી, અદાલત સમક્ષ રજૂ કરતા નામદાર અદાલતે ત્રણેય આરોપીઓને જિલ્લા જેલ હવાલે કરવાનો હુકમ કર્યો હતો.

આ આરોપીઓ વિરુદ્ધ રજૂ કરવામાં આવેલી ચાર્જશીટ બાદ આ અંગેનો કેસ દ્વારકાની નામદાર અદાલતમાં ચાલી જતા આરોપીઓના વકીલ ખંભાળિયાના જીતેન્દ્રભાઈ કે. હિંડોચા વિગેરેની દલીલો તથા ઉચ્ચ ન્યાયાલયના ચુકાદાઓને ધ્યાનમાં લઈએ નામદાર અદાલતએ આરોપીઓને છોડી મૂકવા માટેનો હુકમ કર્યો હતો.

## ઉના : સોનારી ગામે બાળકી સાથે અભદ્ર વર્તન કરનાર બે બાળકોના પિતાને બે વર્ષની સખત કેદ - દંડ ફટકારતી કોર્ટ

(નવીન જોષી દ્વારા)

ઉના તા.૩

ઊના તાલુકાના સોનરી ગામે ગત તારીખ ૨૪/૦૬/૨૦૨૨ના રોજ એક સગીર વયની બાળકી તેમની માતા સાથે સોનારી ગામ ના તળાવ કાઠે કપડાં ધોવા ગઈ હતી અને બાજુના મંદિર એ રમતી હતી ત્યારે સોનરી ગામનો બે બાળકો નો પિતા અલ્પેશ ઉર્ફે જાડો ભાણા ભાઈ સોલંકી પોતે પરણિત હોવા છતાં દિકરી સમાન બાળકી ઉપર નજર બગાડી સગીરા મંદિર પાસે રમતી હોય ત્યાં આવી કહેલ કે નજીક ની વાડીએ નીરણ લેવા જવાનું કઈ બાઈક ઉપર બેસાડી થોડે દૂર બાવળ ની ઝાડી પાછળ લઈ જઈ ખરાબ કૃત્ય કરવા ના ઈરાદે અડપલાં બાળકી સાથે કરી કપડાં ઉતારવાનું કહેતા બાળકી ગભરાઈ જઈ ભાગી ને માતા પાસે આવી વાત કરતા માતા એ અલ્પેશ ને ઠપકો આપવા જતા આરોપી અલ્પેશ ઉશ્કેરાઈ જઈ ફરિયાદ કરશો તો જાન થી મારી નાખીશ ની ધમકી આપતા આ અંગે ઊના પોલીસ માં ભોગ બનનાર ના નાના એ પોલીસ સ્ટેશન મા ફરિયાદ નોંધાવી હતી તે સમયે પોલીસે પોસ્કો અને વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આરોપી ને પકડી પાડયો હતો અને તેનું ચાર્જ સીટ કોર્ટ માં રજૂ કરેલ હતું.

જેનો કેસ ઊના ની એડિશનલ સેશન્સ કોર્ટમાં ચાલતા ભોગ બનનાર ની જુબાની, પોલીસ અને સાહેદો ની જુબાની અને સરકારી વકીલ મોહન ભાઈ ગોહેલ એ ધાર દાર દલીલો અને હાઈ કોર્ટ ના ચુકાદાઓ રજૂ કરી અને આરોપી ને કડક મા કડક સજા થાય તે માટે રજૂઆત કરી હતી. ઊના એડિશનલ સેશન્સ કોર્ટ ના જજ શ્રી એ દલીલો પુરાવા જુબાની માન્ય રાખી આરોપી અલ્પેશ ઉર્ફે જાડો ભાણા ભાઈ સોલંકી રે. સોનારિ તા. ઊના પોતે પરણિત હોવા છતાં બે બાળકો નો પિતા હોવા છતાં સગીર બાળકી ઉપર અધમ કૃત્ય આચાર વાના ગુના માં બે વરસ ની શખત કેદ અને રૂપિયા ૬૦૦૦ દંડ નો હુકમ કર્યો હતો.

## ખંભાળિયામાં શિક્ષકો માટે મતદાન જાગૃતિ સંકલ્પ તથા સિગ્નેચર કમ્પેઈનનું આયોજન કરાયું

(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૩



ચૂંટણી એ લોકશાહીનું પર્વ હોય, તેમાં તમામ નાગરિકો મતદાન કરીને પોતાની નૈતિક ફરજ બજાવે એ માટે જાગૃતિ લાવવાના હેતુથી તંત્ર દ્વારા વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં એવો ગર્વ એક પ્રયાસ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી મધુબેન ભટ્ટના માર્ગદર્શન હેઠળ ખંભાળિયાના બીઆરસી ભવન ખાતે જિલ્લાના તમામ બીઆરસી, સીઆરસી અને કલસ્ટર દીઠ એક આચાર્યની તાલીમ અન્વયે **sveep activity** અંતર્ગત સિગ્નેચર કેમ્પેઈનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેવભૂમિ જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ મેરામણભાઈ ગોરીયા, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના અધિકારીઓ, ખંભાળિયા બીઆરસી પી.એસ. રાણા, દ્વારકા બી.આર.સી. ટીનાબેન ત્રિવેદી, ભાણવડ બી.આર.સી. નિલેશભાઈ ગાગલીયા, ખંભાળિયા તાલુકા સંઘના મહામંત્રી હિતેષભાઈ કરમુર વિગેરે સાથે ૧૦૦ થી વધારે સીઆરસી તથા આચાર્યો હાજર રહીને પોતાના કલસ્ટરની શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓ દ્વારા અચૂક મતદાન કરવા પ્રેરવા સંકલ્પ લેવડાવવામાં આવ્યો હતો.

## ઈન્ડિયન નેવીની ટ્રેનિંગ પુરી કરીને આવતા ગ્રામજનો, આગેવાનો દ્વારા



(પ્રતિનિધી દ્વારા)

પ્રાચી તીર્થ તા.૩

સુત્રાપાડા તાલુકાના ભુવાવાડા ગામના યુવાન અક્ષયભાઈ દાનાભાઈ બાંભણીયા આજ રોજ ઈન્ડિયન નેવીની ટ્રેનિંગ પુરી કરીને પરત આવ્યા ગામલોકો તથા સમાજના આગેવાનો હાજર રહીને રેલી સ્વરૂપે ઉત્સાહભેર સ્વાગત કરવાના આવ્યુ હતું.

કોળી સમાજ પ્રાચી ખાતે આગેવાનો દ્વારા ફુલહાર તથા સાલ ઓઢાડી ને સન્માન કરાયું હતું ત્યારબાદ વતન ભુવાવાડા ગામ ખાતે ડીજે ની તાલે વિશાળ બાઈક રેલી નીકળી હતી અને ગ્રામજનો દ્વારા ભવ્યથી ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું અને હજુ પણ આપ આગળ વધો એવી ગ્રામજનો દ્વારા શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

(તસ્વીર : જાદવ ચુડાસમા)

## ઉના : બાઈક ઝાડ સાથે અથડાતા ભાચા ગામના યુવાનનું મોત



(નવીન જોષી દ્વારા)

ઉના તા.૩


ઊના તાલુકાના ભાચા ગામે રહેતો અયાન અબ્બાસ ભાઈ બ્લોચ યુવાન રાત્રિ ના સમયે પોતાના કબજા વાળું બાઈક નંબર **GJ -32 AB- 92** ઉપર ઊના થી ભાચા ગામે જતો હતો ત્યારે કંસારી થી ભાચા રોડ ઉપર અચાનક બાઈક ઉપર થી કાબૂ ગુમાવતા બાઈક સાથે રોડની સાઈડમાં બાવળના ઝાડમાં પડી જતા માથાના ભાગે અને શરીરમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી તેમને તુરંત એમબ્યુંલન્સમાં ઊના સારવાર માટે ખસેડાયા હતા પરંતુ સારવાર મળે તે પહેલા મૃત્યુ થયું હતું. પવિત્ર રમજાન માસ હાલ ચાલી રહ્યો છે ત્યારે યુવાન પુત્ર નું અવસાન થતાં બ્લોચ પરિવાર માં ગમગીની સાથે શોક છવાઈ ગયો છે.

## જૂનાગઢમાં નિઃશુલ્ક નિદાન કેમ્પ યોજાશે

(વિનુ પુરોહિત દ્વારા)

વિસાવદર તા.૩

છેલ્લા ત્રણ વર્ષથી ચાપરડા ગામ ખાતે કાર્યરત પૂર્ણશક્તિ હોલીસ્ટીક વેલનેસ આયુર્વેદ અને કુદરતી ઉપચાર કેન્દ્રમાં અત્યાર સુધી દેશ – વિદેશના ૧૦૦૦થી વધુ દર્દીઓએ સ્વાસ્થ્ય લાભ લીધેલ છે, પૂર્ણશક્તિ દ્વારા- જુનાગઢ ખાતે સીટી સેન્ટર નો પ્રારંભ કરવામાં આવ્યો છે આ અનુસંધાને તા. ૪-૪-૨૪, ગુરૂવારે એક ખાસ નિઃશુલ્ક નિદાન અને માર્ગદર્શન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે જેમાં આયુર્વેદ –પંચકર્મ તેમજ કુદરતી ઉપચારનાં નિષ્ણાત ડોકટરો સેવાઓ આપશે. તેમજ જરૂરિયાતમંદ દર્દીઓને દવાઓ તેમજ સારવાર પણ રાહત દરે આપવામાં આવશે. આ કેમ્પ આવતીકાલે સવારે ૯:૩૦ થી ૧૨:૩૦. સ્થળ, પૂર્ણશક્તિ હોલીસ્ટીક વેલનેસ, ૧૦૩, પહેલા માળે, ગોલ્ડન ટ્રેડ સેન્ટર, કે. જે. હોસ્પિટલ સામે, ઝાંઝરડા ચોકડી, જુનાગઢ ખાતે યોજાશે. કેમ્પમાં રજીસ્ટ્રેશન ફરજીયાત છે. વધુ માહિતી માટે મો. ૯૪૦૯૬૦૫૭૦૫ સંપર્ક સાધવા જણાવેલ છે.



## માંગરોળમાં વાઘેશ્વરી મંદિરે ધાર્મિક કાર્યક્રમ યોજાયો

(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૩

માંગરોળ વાઘેશ્વરી મંદિર ખાતે ૨૦૮૦ ફાગણ વદ આઠમ ફાગણિયા માતાજીનાં વસ્ત્ર પરિધાન ગઈકાલે તા.૦૨-૦૪-૨૦૨૪ને મંગળવારનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. જેમા સવારે ૧૧-૦૦ કલાકે શ્રી યમુનાષ્ટકનાં પાઠ, વિશ્વમભરી સ્તુતિ, પછી જ્ઞાતિ સમુહ ભોજન બપોરે ૧-૦૦ કલાકે રાખેલ, કુટુંબ પરિવાર સાથે સોની સમાજ દ્વારા સાંજે ૦૬-૦૦ કલાકે તેરકવચ ચંડીપાઠ નાં ગરબા,રાશગરબા,આરતી દર્શન પછી પ્રસાદ સાથે જમણવાર સહિતના કાર્યક્રમો યોજાયેલ. કુળદેવી શ્રી વાઘેશ્વરી માતાજીનાં ગરબા દર્શનનો લાભ ભાવિકોએ લીધેલ તેમ પંકજભાઈ રાજપરાએ જણાવેલ.

## ઓખા- એર્નાકુલમ એક્સપ્રેસ ટ્રેન એલએચબી રેક સાથે દોડશે

(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૩

મુસાફરોને વધુ આરામદાયક અને સલામત મુસાફરીનો અનુભવ આપવા માટે, રેલવેએ ઓખા- એર્નાકુલમ અને એર્નાકુલમ-ઓખા એક્સપ્રેસ ટ્રેનોના પરંપરાગત રેકને નવા રૂપાંતરિત એલએચબી રેક સાથે બદલવાનો નિર્ણય કર્યો છે. ટ્રેન નંબર ૧૬૩૩૭/૧૬૩૩૮ ઓખા- એરાનાકુલમ એક્સપ્રેસ ટ્રેન (દ્વિ-સાપ્તાહિક) ઓખાથી ૮-૪-૨૦૨૪ થી અને એર્નાકુલમ થી ૫-૪-૨૦૨૪ થી એલએચબી રેક સાથે દોડશે. આ ટ્રેનમાં કુલ ૨૨ કોચ હશે જેમાં ૨ સેકન્ડ એસી, ૩ થર્ડ એસી, ૧૨ સેકન્ડ સ્લીપર, ૧ પેન્ટ્રી કાર, ૨ જનરલ, ૧ લગેજ વાન અને ૧ જનરેટર વાન કોચનો સમાવેશ થાય છે.


જૂનાગઢનાં બીજા એડી. સિનીયર સિવિલ જજ (શ્રી ડી.એમ. ચાંપાનેરીયા સાહેબ) સા.ની કોર્ટમાં, મુ. જૂનાગઢ

રે.દિ.ગુ.નં. ૩૫/૨૦૨૪

મુ. તા. ૨૬/૦૪/૨૦૨૪

પુજન ધીરજલાલ સોલંકી
ઉ.વ.આ. ૩૬, ધર્મે-હિન્દુ, ધંધો-વેપાર
રહે.-૧૦૦, વ્રુન્દાવન, એપાર્ટમેન્ટ, જૂનાગઢ...અરજદાર

વિરૂધ્ધ

શ્રી રજીસ્ટ્રાર સાહેબ,
જન્મ મરણ નોંધણી અધિકારી સાહેબની કચેરી,
મહાનગરપાલિકા, જૂનાગઢ....... સામાવાળા
અરજદારના વિ.વ. શ્રી બી.વી. પંડયા

:: જાહેર નોટીસ ::

આથી લાગતા વળગતા તમામ લોકોને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ઉપરોકત લખ્યા અરજદારનાં પુત્રનાં જે તે સમયે જન્મની નોંધણી પ્રમાણપત્ર નં. ૦૦૭બીઆર ૨૦૧૯૦૦૦૦૪૫૦, નોં. તા. ૧૧/૧/૨૦૧૯થી નોંધાયેલ છે જેમાં સંતાન નામની કોલમ ૧માં 'જેવર્થ'ને બદલે 'ધાર્મિક' લખી આપી જન્મનો દાખલો (પ્રમાણપત્ર) અરજદારના ખર્ચે જન્મ-મરણ નોંધણી અધિકારીની કચેરી મ.ન.પા. કચેરી, જૂનાગઢવાળા કાઢી આપે તેવો હુકમ કરવા અરજ વિનંતી કરેલ છે.

સદરહું અરજી સામે કોઈ શખ્સોને વાંધો કે તકરાર હોય તો તેઓએ અત્રેની કોર્ટમાં લેખીત વાંધા સાથે મુ. તા. ૨૬/૦૪/૨૦૨૪ના સવારનાં ૧૦:૩૦ કલાકે રૂબરૂ જાતે અથવા વકીલ મુખત્યાર સાથે હાજર રહેવું.

ગેરહાજર રહયે કાયદાથી નિર્દિષ્ઠ એક તરફી હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૯મી, માહે માર્ચ, સને ૨૦૨૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યા.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | સહી : અવાચ્ય |
|---|---|---|
| સહી : અવાચ્ય | સહી : અવાચ્ય | રજીસ્ટ્રાર |
| (આર.વી. જાદવ) | (એસ.એન. દવે) | મુખ્ય સિનિયર સિવીલ કોર્ટ, |
| આસિસ્ટન્ટ | આસિસ્ટન્ટ | જૂનાગઢ |

રાઉન્ડ સીલ

# મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ઓચિંતી જૂનાગઢની મુલાકાતથી અનેક તર્ક-વિતર્ક

## જૂનાગઢ લોકસભા બેઠકની સમીક્ષા અને ચૂંટણીલક્ષી માર્ગદર્શન તથા શિખામણ સાથે કાર્યકર્તાઓને ગર્ભિત ચેતવણી પણ આપી ?



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે જૂનાગઢ આવી પહોંચતા તેમનું ભાજપના કાર્યકર્તાઓ, વરિષ્ઠો અને પાર્ટીના સભ્યો દ્વારા ઉષ્માભર્યુ સ્વાગત કરવામાં આવ્યું હતું અને આ સાથે જ નવનિર્મીત શહેર ભાજપના કાર્યાલય ગિરનાર કમલમ ખાતે એક મહત્વની બેઠક પણ યોજવામાં આવી હતી. ભાજપના કાર્યકર્તાઓને પ્રેરક ઉદબોધન સાથે ગર્ભીત શીખ પણ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે અને આ સાથે જ લોકસભાની ચૂંટણીમાં જૂનાગઢ બેઠક ઉપર ભવ્ય વિજય અપાવવા તેમજ ત્યારબાદ થોડા મહિના બાદ યોજાનારી મહાનગરપાલિકાની ચૂંટણી અંગેની પણ તૈયારી સાથે શાનમાં સમજી જવા કડક ચેતવણી પણ આપી હોવાનું મનાઈ છે.

લોકસભાની ચૂંટણી અંગેની તારીખો જાહેર થતાની સાથે જ દેશભરમાં ચૂંટણીલક્ષી માહોલ ઉભો થયો છે અને ભારતીય જનતા પાર્ટી દ્વારા ૪૦૦ને પાર જીત મેળવવાનો લક્ષ્યાંક વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ મુકવામાં આવ્યો છે. એટલું જ નહી ગુજરાતની ર૬એ ર૬ બેઠકો ઉપર પણ પાંચ લાખ કરતા વધારે મતથી જીતવા માટે રણટંકાર કરેલ છે અને આ સાથે જ ભાજપ દ્વારા ઉમેદવારોની યાદી અંગેનું લીસ્ટ જાહેર થતા વિવિધ બેઠકો ઉપર વાંધા-વચકા અને રોષ તેમજ નારાજગી પણ વ્યાપેલી છે. પોરબંદરની બેઠકના ભાજપના ઉમેદવાર મનસુખ માંડવીયા સામે પણ રોષ જોવા મળી રહ્યો છે. રાજકોટની બેઠક ઉપર પુરૂષોતમ રૂપાલાના વિવાદીત નિવેદન બાદ ક્ષત્રીય સમાજમાં રોષનો દાવાનળ સળગ્યો છે. તો જૂનાગઢની બેઠકમાં પણ ભાજપના ઉમેદવાર કે જે છેલ્લા બે ટર્મથી ચૂંટાઈ આવ્યા છે અને ત્રીજી વખત પણ ભાજપ દ્વારા તેમને ટિકીટ આપવામાં આવી છે તેવા રાજેશ ચુડાસમા સામે પણ જૂનાગઢ મત વિસ્તારમાં ભારોભાર અસંતોષ જોવા મળી રહ્યો છે. એટલું જ નહી વેરાવળના સેવાભાવી ડોકટર અતુલ ચગના આત્મહત્યા કેસ અંગે પણ સ્યુસાઈડ નોટમાં તેઓનું નામ હોય અને કોર્ટમાં પણ હજુ કેસ ચાલી રહ્યો છે તેવા સંજોગોમાં ભાજપે રાજેશ ચુડાસમાને ટિકીટ ફાળવતા રઘુવંશી લોહાણા સમાજમાં વિરોધના સુર ઉઠયા છે અને ઉચ્ચકક્ષાએ ઉમેદવાર બદલવાની માંગ કરી છે. દરમ્યાન જયારે જૂનાગઢ ખાતે મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં ભાજપના કાર્યકર્તાઓની બેઠક યોજાઈ રહી છે અને મુખ્યમંત્રી કાર્યકર્તાઓના જાતે કલાસ લઈ રહ્યા છે તેવા સંજોગોમાં એક નાટકીય વણાંક અનુસાર અતુલ ચગના પુત્ર દ્વારા એવી જાહેરાત કરવામાં આવી છે કે, તેઓ દ્વારા જે કેસ ચાલી રહ્યો છે તેમાં સુખદ સમાધાન થયું છે તેવી ચર્ચાએ જોર પકડયું છે. જૂનાગઢ લોકસભાના બેઠકના ભાજપના ઉમેદવાર રાજેશ ચુડાસમા સામે પ્રજામાંથી પણ જબ્બર અસંતોષ પ્રગટેલો છે. આ ઉપરાંત જૂનાગઢની બેઠક માટે વિવિધ આગેવાનોએ પણ ટિકીટ માટેની દાવેદારી નોંધાવી હતી અને આમ છતાં પણ જયારે રાજેશ ચુડાસમાને ટિકીટ આપવામાં આવી છે ત્યારે અનેક પ્રશ્ને જે વિવાદો મતભેદો ચાલી રહ્યા છે તેને ડામી દેવાની ખાસ જરૂરીયાત ઉભી થઈ છે. એટલું જ નહી જૂનાગઢની ભાજપ શાસીત મહાનગરપાલિકાના શાસકોની પ્રજાકિય પ્રશ્ને સરેઆમ નિષ્ફળતા, વોકળાના ગેરકાયદેસર દબાણો, પ્રાથમિક સુવિધાના અનેક પ્રશ્નો અને સરકાર દ્વારા મસમોટી ગ્રાન્ટો ફાળવવામાં આવતી હોવા છતાં પણ કંઈ ઉકાળી ન શકતા હોવાની ફરિયાદના પગલે નારાજગી પ્રવર્તિ રહી છે અને આ બધા જ ફરિયાદોનો સરવાળો એટલે જૂનાગઢની લોકસભાની બેઠક ઉપર તેની વિપરીત અસર પડે તેવા ચોંકાવનારા અહેવાલ બાદ આજે અચાનક મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનો જૂનાગઢ ખાતેનો કાર્યક્રમ યોજાયો છે અને મુખ્યમંત્રીએ ભાજપના કાર્યકર્તાઓ સાથેની યોજાયેલી મહત્વની બેઠકમાં લોકસભાની ચૂંટણી તેમજ ત્યારબાદ થોડા સમયમાં જ આવનારી મહાનગરપાલિકાની ચૂંટણી બાબતે પણ શિખામણનાં બોધ સાથે ગર્ભીત ચેતવણી પણ આપી હોવાનું જાણવા મળે છે.



(તસ્વીર : હિતેષ પારેખ)

# માર્કેટીંગ યાર્ડ-જૂનાગઢના ટર્ન ઓવરમાં રૂા.૧૩૫ કરોડનો અભતપુર્વ વધારો નોંધાયો

## ખેડૂતોના અતુટ વિશ્વાસ અને કર્મચારીઓના ઉત્તમ ટીમવર્કના સથવારે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪નું શાનદાર પરીણામ

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-જૂનાગઢના નેમ હેઠળ ચાલતા બંને માર્કેટીંગ યાર્ડ (૧) અનાજ-કઠોળ મુખ્ય માર્કેટીંગ યાર્ડ તેમજ (૨) શાકભાજી—ફળફળાદી સબયાર્ડમાં ગત વર્ષ ની સરખામણીએ આ વર્ષે ખૂબ જ સારા પ્રમાણમાં વિકાસની હરણફાળ ભરી છે. ગત વર્ષની સરખામણીએ વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન માર્કેટીંગ યાર્ડ-જૂનાગઢના ટર્નઓવરમાં રૂા.૧૩૫ કરોડનો વધારો નોંધાયો હતો. વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન નોંધાયું હતું. જયારે વર્ષ ૨૦૨૩-૨૪માં રૂા.૧૧૪૫ કરોડનું ટર્ન ઓવર નોંધાયુ છે. રૂા.૧૦૧૦ કરોડનું ટર્ન ઓવર સાથે સાથે શાકભાજી-ફળફળાદી સબયાર્ડમાં ગત વર્ષે રૂા.૩૯.૮૦ લાખ ની યુઝર ચાર્જની આવક થઈ હતી. જયારે આ વર્ષ તેમાં રૂા.૧૧.૯૪ લાખનો વધારો થઈ કુલ મળીને રૂા.૫૧.૭૪ લાખની યુઝર ચાર્જની આવક થઈ છે. ગત વર્ષની સરખામણીએ વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન ૨.૭૫ લાખ કિવન્ટલ કુલ જણસની આવકમાં પણ વધારો નોંધાયો છે. વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન કુલ મળીને ૧૮.૭૫ લાખ કિવન્ટલ જણસની આવક નોંધાઈ છે. ગત વર્ષની સરખામણીએ વર્ષ ૨૦૨૩-૨૪ દરમ્યાન સોયાબીન, તુવેર, ઘઉં, ધાણા, ચણા અને એરંડા જેવી જણસીઓની આવકમાં બમ્પર વધારો નોંધાયો છે. યાર્ડની સ્થાપનાથી અત્યાર સુધીમાં આ વર્ષની આવક મહત્તમ અને રેકોર્ડ બ્રેક નોંધાઈ છે. માર્કેટીંગ યાર્ડ-જૂનાગઢના વર્તમાન બોર્ડ ઓફ ડીરેકટર્સનો ખેડૂતો, વેપારીઓ તેમજ સમગ્ર સંસ્થાના વિકાસ પ્રત્યેનો હકારાત્મક અભીગમ એ યાર્ડની પ્રગતીનું મુખ્ય પરીબળ બની ચુકયું છે. યાર્ડના કર્મચારીઓના કુશળ વહીવટી સંચાલન અને ખેડૂતોને આપવામાં આવતી ઉત્તમ સવલતતા ને લીધે સતત જણસની આવકમાં વધારો નોંધાતો આવ્યો છે. માર્કેટીંગ યાર્ડમાં સતત વિકાસના કામોથી ખેડૂતો તેમજ વેપારીઓને ઉત્તમ પ્લેટફોર્મ મળી રહયું છે. સાથે સાથે ખેડૂતોને માર્કેટીંગ યાર્ડ-જૂનાગઢ દ્વારા ખેડૂત અકસ્માત વીમા સહાય યોજના - જેના દ્વારા જૂનાગઢ તાલુકાના ખાતેદાર ખેડૂતોને અકસ્માતે મૃત્યું પામતા તેમના પરીવારને રૂા.૧,૦૦,૦૦૦ની સહાય આપવામાં આવે છે. ખેડૂત ભોજન સહાય યોજના — માર્કેટીંગ યાર્ડમાં જણસ વહેંચવા આવતા ખેડૂતોને નજીવી એવી કિંમત માત્ર રૂા.૩૦માં ફુલ થાળી ભોજન આપવામાં આવે છે. વધુમાં ખેડૂતોને રાત્રી રોકાણ માટે ખેડૂત ગેસ્ટ હાઉસ ની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. માર્કેટીંગ યાર્ડ-જૂનાગઢએ સમગ્ર ગુજરાતનું એકમાત્ર એવું યાર્ડ છે કે જયાં ખેડૂતોને જણસ લઈને આવ્યા બાદ એકપણ રૂપીયાની ઉતરાઈ લાગતી નથી. આમ દિન-પ્રતિદિન ખેડૂતોની સુવિધા માં થતાં વધારાને લીધે ખેડૂતો અન્ય યાર્ડની સરખામણીએ માર્કેટીંગ યાર્ડ-જનાગઢ ખાતે જણસ લઈને આવવાનું વધુ પસંદ કરી રહ્યા છે. આ તકે માર્કેટીંગ યાર્ડ-જૂનાગઢના ચેરમેન, વાઈસ ચેરમેન તેમજ સર્વે બોર્ડ ઓફ ડીરેકટર્સ દ્વારા જૂનાગઢ તાલુકાના તેમજ આજુબાજુના વિસ્તારના ખેડૂતોનો આ સંસ્થા ઉપર વિશ્વાસ મુકી તેમના વિકાસમાં સહભાગી થવા બદલ આભાર વ્યકત કર્યો હતો.

# જૂનાગઢ જીલ્લામાં ગુનાહિત પ્રવૃતિ સાથે સંડોવાયેલા ૧૨,૨૮૨થી વધુ શખ્સો વિરૂધ્ધ કડક કાર્યવાહી

## લોકસભાની ચૂંટણી તેમજ માણાવદર વિધાનસભાની પેટાચૂંટણી અંતર્ગત કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સંગીન બની રહે તે માટે જીલ્લા પોલીસ તંત્ર દ્વારા અટકાયતી પગલા લેવાયા

(પ્રતિનિધિ દ્વારા)


જૂનાગઢ તા.૩

આગામી લોકસભાની સામાન્ય ચૂંટણી તથા માણાવદર વિધાનસભાની પેટાચૂંટણીની પ્રક્રિયા શાંતિમય અને સુમેળભર્યા વાતાવરણમાં શાંતિપૂર્વક યોજાઈ તેમજ લોકો પોતાના મતાધિકારનો ઉપયોગ કોઈપણ પ્રકારના ડર વગર નિર્ભય રીતે મતદાન કરી શકે અને ચૂંટણી દરમ્યાન શાંતિ પ્રર્વિતી રહે તે માટે જૂનાગઢજીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જૂનાગઢ જીલ્લા પોલીસ તંત્ર દ્વારા અગમચેતીના ભાગરૂપે ગુનાહિત પ્રવૃતિમાં સંડોવાયેલા શખ્સો વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવામાં આવી છે. નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાંજડીયા તેમજ જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાના સીધા માર્ગદર્શન હેઠળ અત્યાર સુધીમાં વિવિધ કામગીરી કરવામાં આવી છે જેમાં દેશી અને ઈંગ્લીશ દારૂના ૫૩૬ કેસો, દારૂની પ્રવૃતિ કરનારા ૬૩૧ સામે કાર્યવાહી, ૯૧૩ ગુનેગારો વિરૂધ્ધ અટકાયતી પગલા, ૩૪ ઈસમો સામે ૧૩૫ મુજબ કાર્યવાહી, દારૂ પીને વાહન ચલાવવા બાબતે ૩૧ સામે કાર્યવાહી, વાહનોના નિયમોનો ભંગ કરનારાઓ સામે ૧૬૩ કેસ, જુગારના ૧૪ કેસ, ૩૮ શખ્સોને તડીપાર કરાયા, ૨૮ સામે પાસા હેઠળ કાર્યવાહી, ૧૦૨૮ વિરૂધ્ધ પ્રોહિબિશન હેઠળ કાર્યવાહી, ૭૫૧ બિનજામીન લાયક વોરંટની બજવણી, ગેરકાયદેસર હથિયારના બે કેસ, ચૂંટણી જાહેરાનામા ભંગ અંગે ૧૩ કેસ વિગેરે મળી કુલ ૧૨,૨૮૨થી વધુ ઈસમો વિરૂધ્ધ અટકાયતી પગલા તેમજ અન્ય કામગીરી કરવામાં આવી છે અને હજુ પણ આ કામગીરી ચાલું રાખવામાં આવશે તેમ જાણવા મળે છે.


મોબાઈલ... મોબાઈલ..
પ્રી-પેઈડ કાર્ડ, પોસ્ટપેઈડ કનેકશન, રીચાર્જ કુપન તેમજ દરેક કંપનીનાં મોબાઈલ, બેટરી, ચાર્જર, કવર વગેરે એસેસરીઝ માટે સંપર્ક
શ્રી જલારામ ટેલીકોમ
વણઝારી ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૫૪ ૬૧૧૦૦

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં
આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો

ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
ચૈત્ર નોરતા.. ચૈત્રી નોરતા માટે ખાસ ગાયનું ઘી તાજુ આવી ગયેલ છે. તેમજ ભેંસનું શુધ્ધ ઘી-લેબોલેટરી ટેસ્ટ તથા ગાયનું શુધ્ધ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૮માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે
હાર્દિક શુભેચ્છા...
વિનુભાઈ દેકીવાડીયા
અગ્રણી વેપારી - જૂનાગઢ

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુઃખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
‘‘સ્વાદનો એવો જાદુ જાગે, વારંવાર મન લલચાવે’’
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ. ફોનઃ ૨૬૫૨૬૧૨

પવિત્ર રમજાન માસ નિમિત્તે ગરમા ગરમ બ્રેડ, પાઉ તથા નાન રોટી
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
MI-GL
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
બીના ઈલેક્ટ્રોનિક્સ
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

૧૦૦% શુધ્ધ અને તાજુ ઘી જાતે બનાવો, ભેળસેળથી બચો.
માખણ રૂા. ૪૦૦/-
મલાઈ(ક્રિમ) રૂા. ૩૨૦/-
૧૦૦% ગેરેંટેડ તથા શુધ્ધ અને તાજુ ઘી લેબોરેટરીની જવાબદારી
ભેંસનું ઘી રૂા. ૪૨૧/–
ગાયનું ઘી રૂા. ૪૪૦/–
મલાઈવાળું દહી, ઘોરવું
તાજુ પનીર ગાયનું દુધ
શ્રી ચંદ્ર ડેરી ફાર્મ
શુધ્ધતા સાથે વ્યાજબી ભાવની ખાત્રી
(અશોકભાઈ)
આસ્થા કોમ્પ્લેક્ષ, હોટ એન્ડ સ્પાઈસની સામે, વણજારી ચોક, જૂનાગઢ. ફોનઃ ૨૬૨૨૮૮૮

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ